Apollo Hospital	26
Engineers India	23
Granules India	23

ઓછા ખર્ચાળ શેરો

સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

Co. Name	Lowest Forward PE (%)
NTPC	6.33
CESC	6.89
HG INfra	8.13
Tata Power	8.19
Power Grid	8.61

શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ

સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

Co. Name	Earning Grwoth Ratio
Dilip Buildcon	0.09
HG Infra	0.28
Tata Power	0.38
Power Grid	0.39
Emami	0.39

સૌથી વધુ વળતરદાયી શેરો

સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

Investor Earn as Div. for Every Rs.100/- Invested

Co. Name	Hig.Div. Yield
PFIZER	8.58
Engineers India	6.00
Embassy Office	5.14
Jyothy Labs.	5.03
Power Grid	4.74

ઓછા જોખમી-૫ સ્ટોક્સ

ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

Co. Name	Lowest Downside Risk
Dr. Reddy's	1.21
HUL	1.33
CIPLA	1.37
Alkem Labs.	1.38
PFIZER	1.39

Smart Education : Ankit Gala : buzzpublishing@gmail.com

Profit & Loss of a Company : Part 2

Last week we had seen details about Profit & Loss Account of a company. From this week we shall try to know about components of Profit & Loss Account of a company

ગત સપ્તાહે આપણે કંપનીના નફા નુકશાન ખાતા વિશેની વિગતો પ્રાપ્ત કરી હતી. આ સપ્તાહથી આપણે નફા નુકશાન ખાતાના વિવિધ પાસાઓ અંગે જાણકારી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશું.

કંપનીના નફા નુકશાન ખાતાના મુખ્ય પાસાઓ નીચે મૂજબ છે:

આવક:

તેમાં કંપનીની કામગીરીમાંથી પ્રાપ્ત થયેલી આવકો તેમજ અન્ય આવકો સામેલ કરવામાં આવે છે. તેને કંપનીની આવક અથવા ટોપલાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે.

કામકાજમાંથી આવકો :

કંપનીઓ પોતાના ગ્રાહકો પાસેથી માલસામાન અથવા સેવાઓના વેચાણ દ્વારા પ્રાપ્ત કરેલી રકમનો તેમાં ઉલ્લેખ કરાય છે. તે ચોખ્ખા વેચાણ અથવા ચોખ્ખી આવક તરીકે પણ ઓળખાય છે. તે કંપનીની આવકનો મુખ્ય સ્રોત છે.

અન્ય આવક:

તેમાં કંપનીની આવકના અન્ય સ્રોતો સામેલ હોય છે, જે કંપનીએ માલસામાન અથવા સેવાઓના વેચાણમાંથી પ્રાપ્ત કરી હોતી નથી. કંપનીની અન્ય આવકોનો સ્રોતમાં રોકાણ અથવા સંપત્તિના વેચાણમાંથી પ્રાપ્ત થયેલો નફો, અન્ય કંપનીઓના શેર્સમાંથી પ્રાપ્ત થયેલું ડિવિડન્ડ, કમર્શિયલ બિલ્ડિંગની ભાડાની આવક અથવા ભાડે આપેલા એપાર્ટમેન્ટ્સની આવક, થાપણો ઉપર અને અન્ય કોર્પોરેટ્સને આપેલી લોન ઉપર વ્યાજની આવક, ઈન્કમ ટેક્સ રિફંડનું વ્યાજ, ફોરેન એક્સચેન્જ ગેઈન વગેરે સામેલ છે.

ખર્ચ

નફા નુકશાન ખાતામાં સામેલ ખર્ચમાં મુખ્યત્વે ઉપયોગમાં લેવાયેલી

Particulars	Cur. FY	Prev. FY
I. Income		
1. Revenue of Operations (a)		
2. Other Revenues (b)		
3. Total Income (a + b)		
II. Expenses		
1. Cost of Materials Consumed (1)		
2. Purchase of Stock in Trade (2)		
3. Changes in Inventories of Finished Goods, Work-in Progress and Stock-in-Trade (3)		
4. Employee Benefit Expenses (4)		
5. Finance Cost (5)		
6. Depreciation and Amortisation (6)		
5. Other Expenses (7)		
6. Total Expenses (1+2+3+4+5+6+7)		
III. Profit Before Exceptional Items and Tax (I – II)		
IV. Exceptional Items		
V. Profit Before Tax (III – IV)		
VI. Tax Expense		
1. Current Tax		
2. Deferred Tax		
VII. Net Profit (V – VI)		
VII. Earnings Per Share (EPS)		
1. Basic EPS		
2. Diluted EPS		

સામગ્રી, સ્ટોક-ઈન-ટ્રેડની ખરીદી, ફિનિશ્ડ ગુડ્સની ઈન્વેન્ટરીઝમાં બદલાવ, વર્ક-ઈન-પ્રોગ્રેસ અને સ્ટોક-ઈન-ટ્રેડ, કર્મચારીઓના લાભાર્થે કરાયેલા ખર્ચ, નાણાકીય ખર્ચ, ઘસારો અને અન્ય ખર્ચ સામેલ છે.

ઉપયોગમાં લેવાયેલી સામગ્રીનો ખર્ચ

તેમાં કાચા માલનો ખર્ચ સામેલ છે, જેનો ઉપયોગ ફિનિશ્ડ ગુડ્સના ઉત્પાદન માટે થાય છે. મોટાભાગના કિસ્સામાં કંપની દ્વારા તેની પાછળ સૌથી વધુ ખર્ચ કરાતો હોય છે.

સ્ટોક-ઈન-ટ્રેડની ખરીદીઃ

બિઝનેસ માટે કંપની દ્વારા ફિનિશ્ડ ગુડ્સની ખરીદી સાથે તે સંબંધ ધરાવે છે.

ફિનિશ્ડ ગુડ્સ, વર્ક-ઈન-પ્રોગ્રેસ અને સ્ટોક-ઈન-ટ્રેડઃ

તે ફિનિશ્ડ ગુડ્સ, વર્ક-ઈન-પ્રોગ્રેસ અને સ્ટોક-ઈન-ટ્રેડના ક્લોઝિંગ અને ઓપનિંગ સ્ટોક વચ્ચેનો તફાવત દર્શાવે છે.

કર્મચારીઓના લાભાર્થે ખર્ચ

તેમાં કર્મચારીઓને અપાયેલા વેતન, ભથ્થા, બોનસ, પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન, ગ્રેજ્યુઈટી, સ્ટાફ વેલફેર ખર્ચ વગેરે સામેલ હોય છે.

ફાઈનાન્સ ખર્ચ

તેમાં ધિરાણકર્તાઓ પાસેથી કંપનીએ લીધેલા ઋણ માટે ચૂકવાયેલા વ્યાજ અને અન્ય ખર્ચ સામેલ હોય છે.

ઘસારોઃ

ઘસારામાં ફિક્સ્ડ એસેટની જાળવણી પાછળ કરાયેલા ખર્ચ તથા તેના મૂલ્યમાં ઘટાડો વગેરે સામેલ છે. એકાઉન્ટિંગ અને ટેક્સ બંન્નેના હેતુસર લાંબાગાળા માટે ઘસારો ગણવામાં આવે છે. ઘસારાની રકમનો ઉપયોગ ટેક્સમાં બાદ મેળવવા માટે થાય છે, જેથી ટેક્સ જવાબદારી ઘટે છે.

અન્ય ખર્ચ

તેમાં એવાં ખર્ચ સામેલ છે કે જેને હજી સુધી આવરી લેવાયા ન હોય.

આગામી સપ્તાહે આપણે નફા નુકશાન ખાતાના અન્ય પાસાઓ અંગે જાણકારી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશું.

To learn Fundamental Analysis you can read the book Fundamental Analysis of Shares by Ankit Gala & Khushboo Gala. Book is available in English.

SMART BANKING

By Vijaya Kittu M, GetPaidIndia.com

The author feels that investors need to study sectoral trends from time to time. He is on WhatsApp at +91 98495 19188


૧. એસએન્ડપીએ ‘કોવિડ એન્ડ ઇન્ડિયન બેન્ક્સઃ વન સ્ટેપ ફોરવર્ડ, ટુ સ્ટેપ્સ બેક’ વિષય ઉપરના પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે લોકડાઉનને કારણે ભારતીય બેન્કોની એનપીએ નવા ઉંચા સ્તરે સ્પર્શશે. ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીમાં તેમનો બેઝ કેસ ૧૩-૧૪ ટકા એનપીએ રહેશે. વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૨ સુધીમાં માત્ર ૧૦૦ બેઝિસ પોઇન્ટના સુધારાનો તેનો અંદાજ છે.

૨. એક્સિસ બેન્કે હિસ્સો વેચીને રૂ. ૧૫,૦૦૦ કરોડ ઉભા કરવાની યોજના હોવાની જાહેરાત કરી છે. આ અંગે આગામી એજીએમમાં શેરધારકો સમક્ષ દરખાસ્ત રજૂ કરાય તેવી શક્યતા છે. બોર્ડે તાજેતરમાં ઇક્વિટી શેર્સ, ડિપોઝિટરી રિસિપ્ટ્સ અથવા અન્ય ઇક્વિટી ઇન્સ્ટ્રુમેન્ટ્સ ઇશ્યૂ કરીને ભંડોળ એકત્ર કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. લોકડાઉન બાદ સંભવિત તણાવને જોતાં આ જરૂરિયાત પેદા થઇ શકે છે. ફીની આવકમાં ઘટાડો થવાની સંભાવના છે જ્યારે કે કોર્પોરેટ બુકમાં ડાઉનગ્રેડની શક્યતા જોવાઇ રહી છે. એક્સિસ બેન્કે જાહેર કર્યું છે કે તે તેની પેટા કંપનીને બંધ કરવાની યોજના ધરાવે છે તેમજ એપ્રિલ ૨૦૨૧ સુધીમાં લાયસન્સ સરન્ડર કરવાની પણ યોજના ધરાવે છે. ભારતીય કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ નિર્ણય કરાયો હોવાનું મનાય છે.

૩. મીડિયાના સુત્રોના કહેવા અનુસાર એચડીએફસી બેન્ક ભારતીય સંસ્થાકીય રોકાણકારોને શેર્સનું વેચાણ કરીને તેમજ યુએસમાં અમેરિકન ડિપોઝિટરી રિસિપ્ટ્સના વેચાણ દ્વારા હિસ્સો વેચવાની યોજના ઘડી રહી છે. બેન્ક ત્રીજા ત્રિમાસિકગાળામાં રૂ. ૧૩,૦૦૦ કરોડ એકત્ર કરવાની અપેક્ષા રાખે છે.


૪. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા કમર્શિયલ બેન્કો માટે રજૂ કરાયેલા નવા ગવર્નન્સ ફ્રેમવર્ક અંગે નિરાશા જોવા મળી રહી છે. વિદેશી બેન્કોનું માનવું છે કે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ તેમના માટે કાયદેસર રીતે ટકાઉન નથી. તેમનું માનવું છે કે આરબીઆઇ ઇચ્છે છે કે બેન્ક બ્રાન્ચ સંપૂર્ણ માલીકીની પેટા તરીકે કામ કરે નહીં કે બ્રાન્ચ તરીકે. આ દરમિયાન ખાનગી બેન્કોનું માનવું છે કે સીઇઓ અને સિનિયર મેનેજમેન્ટની ભુમિકા નબળી પડી રહી છે. સીઇઓની નિમણૂંક અંગે આરબીઆઇનો નિર્ણય અંતિમ રહેશે.

૫. માર્ચ ૨૦૨૦થી એમએસએમઇને બેન્ક લોન ૭.૧ ટકા ઘટી છે. આરબીઆઇના આંકડા મૂજબ બેન્કો હાલમાં નાદારી તથા બીજા ત્રિમાસિકગાલામાં પણ પરિસ્થિતિ નબળી રહેવાની સંભાવના વચ્ચે જોખમથી દૂર થઇ રહ્યાં છે. બેન્કોનું એમએસએમઇનું કુલ એક્સપોઝર રૂ. ૪.૫ લાખ કરોડ છે. બીજી તરફ સમાન સમયગાળામાં રિટેઇલ લોન માત્ર ૩ ટકા ઘટી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા જૂનમાં જાહેર કરાયેલા નવા ધોરણો મૂજબ બેન્કોને એમએસએમઇની પુનઃવ્યાખ્યાયિત કરવા સૂચન કર્યું છે. નવું વર્ગીકરણ ટર્નઓવર તથા પ્લાન્ટ અને મશીનરીમાં કરાયેલા રોકાણને આધારે રહેશે.



SMART BUY OF THE WEEK

Dark Horse



૧ જુન ૨૦૨૦ના રોજ ડાર્ક હોર્સમાં ડબલ્યુપીઆઈએલ લીમીટેડ રૂ.૩૪૮.૩માં જણાવ્યો હતો જેમાં ગત સપ્તાહે રૂ.૪૩૨.૭૦નો નવો ઉંચો આંક જોવાયો. સ્ટોક ભલામણ બાદ અત્યાર સુધીમાં ટૂંકાગાળામાં ૨૪ ટકા વધી ચુક્યો છે.

Dark Horse-1

TERA SOFTWARE LTD (533982 & NSE) (Rs.25) (FV: Rs.10)

Particulars	Year Ended		
	FY20	FY19	% Var.
Sales	268.97	176.45	52.4
PBT	9.87	5.96	65.6
PAT	6.52	3.68	77.2

Month of Latest High	November 2017
High price	80.80
CMP	25
Discount from high	69%

તેરા સોફ્ટવેર આઈટી અને ઈન્ટીગ્રેટેડ રીલેટેડ સર્વિસીસ પૂરી પાડતી કંપની છે. કંપની સોફ્વેર ડેવલોપમેન્ટ, સીસ્ટમ ઈન્ટીગ્રેશન અને નેટર્વકિંગ, કન્સલ્ટન્સી અને ઈ ગવર્નસ જેવા સેગ્મેન્ટમાં ખાસ કરીને કામ કરે છે. સ્ટેટ ગવર્મેન્ટ અને કોર્પોરેશન માટે કંપની મોટા પાયે કામ કરે છે અને ૨૨ રાજ્યોમાં પોતાની હાજરી ધરાવે છે. કંપની યુઆઈડીએઆઈ પ્રોજેક્ટમાં ૪ મેટ્રો સીટીમાં હાજરી ધરાવે છે. આધાર કાર્ડ જેવા પ્રોજેક્ટમાં કંપની મોટા પાયે સક્રિય છે. કંપની સ્માર્ટ હાઉસ, સ્માર્ટ ઓફિસીસ અને સીસી ટીવી સર્વેલન્સ ક્ષેત્રે પણ મોટા પાયે કામ કરી રહી છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨.૫૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૯૬.૩૧ કરોડનું રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૮૬.૯૭ જેટલી મોટી છે એટલે હાલમાં આ સ્ટોક માત્ર ૦.૨૯ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે.

કંપની સતત સુંદર દેખાવ કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૭૭.૨ ટકા ઉછળીને રૂ.૬.૫૨ કરોડ થયો છે જ્યારે આવક ૫૨.૪ ટકા વધીને રૂ.૨૬૮.૯૭ કરોડ થઇ છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૫.૨૧ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૪.૮ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે.

કંપનીની નાણાકીય વર્ષ ૨૦૨૦ની આખા વર્ષની આવક રૂ.૨૬૮.૯૭ કરોડ છે જ્યારે હાલમાં કંપનીની માર્કેટકેપ માત્ર રૂ.૩૧ કરોડ છે જે આ સ્ટોકને ખુબજ અન્ડર વેલ્યુડ બનાવે છે અને કંપની પાસે ખુબજ મોટા ગ્રોથની જગ્યા દેખાય છે.

શેરનો નવેમ્બર ૨૦૧૭નો હાઈ ભાવ રૂ.૮૦.૮ હતો જેની સામે હાલમાં આ સ્ટોક ૬૯ ટકા નીચે ક્વોટ થઇ રહ્યો છે

વર્તમાન ભાવથી આ સ્ટોક ડાઉનસાઈડ ખુબજ લીમીટેડ છે જ્યારે આવનાર દિવસોમાં સ્ટોક મોટો સુધારો દર્શાવી શકે છે. રૂ.૨૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. મધ્યમથી લાંબાગાળામાં સારું રીટર્ન મળી શકે છે.

Cont....

Dark Horse-2

GUJARAT SIDHEE CEMENT LTD
(518029 & NSE) (Rs.31.85) (FV: Rs.10)

Particulars	12 Months Ended		
	FY20	FY19	% Var.
Sales	584.76	563.24	4%
PBT	67.37	-11.41	-
PAT	44.84	-5.87	-

Month of Latest High	**January 2018**
High price	**41.25**
CMP	**31.85**
Discount from high	**23%**

ગુજરાત સિદ્ધી સિમેન્ટ મેહતા ગ્રુપની ફ્લેગશીપ કંપની છે. મેહતા ગ્રુપ એશિયા, યુરોપ, નોર્થ અમેરિકા અને આફ્રિકામાં સિમેન્ટ સિવાય બિલ્ડીંગ મટીરીયલ, પેકેજીંગ, સુગર, ફ્લોરીકલ્ચર, એન્જીનીયરીંગ, ઈલેક્ટ્રીકલ કેબલ, કન્સલ્ટન્સી, એગ્રો કેમિકલ, હોસ્પિટાલીટી, એન્ટરટેઈમેન્ટ સ્પોર્ટ્સ, કાર્બન ડાયોક્સાઈડ, ટ્રેડ એન્ડ ફાયનાન્સીયલ સર્વિસીસ જેવા બીઝનેસમાં સક્રિય છે. ગુજરાત સિદ્ધિ સિમેન્ટ સિદ્ધિ બ્રાંડથી પોતાના સિમેન્ટનું વેચાણ કરે છે. કંપની ઓર્ડીનરી પોર્ટલેન્ડ સિમેન્ટ ૫૩ ગ્રેડ, ૪૩ ગ્રેડ, પોર્ટલેન્ડ પોઝોલાના સિમેન્ટ અને કલીન્કર વગેરેનું ઉત્પાદન કરે છે.

કંપનીની ઈક્વિટી રૂ.૮૭.૪૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૮૮.૧૬ કરોડનું રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૪૨.૬૫ જેટલી મોટી છે એટલે હાલમાં આ સ્ટોક માત્ર ૦.૭૫ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૦.૮૮ ટકા અને પબ્લિક ૨૯.૧૨ ટકા સ્ટેક ધરાવે છે.

કંપની સતત સુંદર દેખાવ કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૫.૮૭ કરોડની નુકશાની સામે રૂ.૪૪.૮૪ કરોડનો નફો હાંસલ કર્યો છે જયારે કંપનીનું વેચાણ ૪ ટકા વધીને રૂ.૫૮૪.૭૬ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૫.૧૪ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૬.૨ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે.

કંપનીએ છેલ્લે ૨૦૧૩માં ડીવીડન્ડ ચુકવ્યું હતું ત્યાર બાદ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે જે સ્પષ્ટ દર્શાવે છે કે મેનેજમેન્ટને કંપનીનું ભાવી ઉજ્જવળ લાગી રહ્યું છે.

શેરનો જાન્યુઆરી ૨૦૧૮નો હાઈ ભાવ રૂ.૪૧.૨૫ હતો જેની સામે હાલમાં આ સ્ટોક ૨૩ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે

વર્તમાન ભાવથી આ સ્ટોક ડાઉનસાઈડ ખુબજ લીમીટેડ છે જયારે આવનાર દિવસોમાં સ્ટોક મોટો સુધારો દર્શાવી શકે છે. રૂ.૨૭ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. મધ્યમથી લાંબાગાળામાં સારું રીટર્ન મળી શકે છે.

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



Orient Cement Limited (Rs.70)

Cementing Growth!

ઓરિસ્સાના ભુવનેશ્વર સ્થિત ઓરિએન્ટ સિમેન્ટ લિમિટેડ (ઓરિએન્ટ) અગાઉ સીકે બિરલા ગ્રુપ ઓફ કંપનીઝની લિસ્ટેડ કંપની ઓરિએન્ડ પેપર એન્ડ ઇન્ડસ્ટ્રીઝનો હિસ્સો હતી. ભારતમાં આ સમૂહ અત્યંત આદરણીય, પરંપરાગત અને રોકાણકારો માટે સાનુકૂળ તરીકે ઓળખાય છે. ઓરિએન્ટ વર્ષ ૨૦૧૨માં ડિમર્જ થઇ અને ત્યારથી ખુબજ ઓછા સમયગાળામાં તેણે માર્કેટ કેપિટલાઇઝેશનમાં છ ગણી વધારો હાંસલ કર્યો છે. હાલમાં કોવિડ કટોકટીને કારણે માર્ચ ૨૦૨૦માં તે નીચી સપાટીએ સ્પર્શી છે. ઓરિએન્ટની પ્રોડક્ટ મિક્સમાં ઓર્ડિનરી પોર્ટલેન્ડ સિમેન્ટ (ઓપીસી) અને પોઝાલોના પોર્ટલેન્ડ સિમેન્ટ (પીપીસી) સામેલ છે, જેનું વેચાણ બિરલા એ૧ હેઠળ થાય છે. મહત્વપૂર્ણ માળખા માટે સારી ગુણવત્તા અને ટકાઉપણું બિરલા એ૧ને બજારમાં અન્ય બ્રાન્ડ્સથી વિશિષ્ટ બનાવે છે. ઓરિએન્ટ આન્ધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ૫ એમટીપીએ સિમેન્ટ ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે તેમજ ૫૦ મેગાવોટની ક્ષમતાનો કેપ્ટિવ પાવર પ્લાન્ટ પણ ધરાવે છે. ત્યારબાદ કેટલાંક ગ્રીનફિલ્ડ વિસ્તરણ બાદ તેણે ગુંલબર્ગામાં વધુ ૩ એમટીપીએનો સંકલિત સિમેન્ટ પ્લાન્ટ ઉમેર્યો છે, જે સાથે ઓરિએન્ટની કુલ ક્ષમતા ૮ એમટીપીએ થઇ છે. ભારતમાં ઓરિએન્ટ અસરકારક અને લો-કોસ્ટ સિમેન્ટ ઉત્પાદક કંપનીઓ પૈકીની એક છે. વર્ષ ૨૦૧૭માં ઓરિએન્ટ સિમેન્ટે દેવાના ભારણ હેઠળના જેપી ગ્રુપ પાસેથી ભિલાઇ જેપી સિમેન્ટ અને નિલગિરી સિમેન્ટ ગ્રાઇન્ડિંગ યુનિટનું હસ્તાંતરણ કરવાની જાહેરાત કરી હતી, જેનું કુલ મૂલ્ય રૂ. ૧,૯૪૬ કરોડ અને કંપનીની સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા વધીને ૧૨.૨ એમટીપીએ સ્પર્શશે તથા કંપની મધ્ય અને પૂર્વ ભારતમાં પ્રવેશી શકશે. જોકે, વધુ પડતાં વિલંબ અને વેલ્યુએશનના મુદ્દાઓને કારણે આ સોદો થયો નથી. અસ્પષ્ટ માગ, દેવપુર અને ગુલબર્ગામાં ક્ષમતા વિસ્તરણ તથા હસ્તાંતરણનો સોદો રદ થવાં છતાં મેનેજમેન્ટના ગાઇડન્સ મૂજબ ડીઇ ૧.૫ ટ ની નીચે રહેશે અને આગામી ચાર વર્ષમાં રૂ. ૮૦ કરોડની લોનની ચૂકવણી માટે મક્કમ છે. ભારતીય સિમેન્ટ ઉદ્યોગ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૩ સુધીમાં ૪થી૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ નોંધાવે તેવી અપેક્ષા છે, જેની પાછળ મુખ્ય ચાલકબળ માળખાકીયક્ષેત્રોની વૃદ્ધિ અને ગ્રામિણ આવાસમાં સુધારો છે. તેનાથી ઓરિએન્ટની વર્ષ ૨૦૨૩ સુધીમાં ૧૫ એમટીપીએ ક્ષમતા હાંસલ કરવાના વિઝનને સાકાર કરવામાં પણ મદદ મળી રહેશે. નાણાકીય વર્ષ ૨૦૨૩ સુધીમાં ઓરિએન્ટ સમગ્ર ભારતમાં મજબૂત ઉપસ્થિતિ હાંસલ કરશે તેવી સંભાવના છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ. ૮૦ કરોડનો પીએટી અને નાણાકીય વર્ષ ૨૦૨૨માં રૂ. ૧૫૦ કરોડનો પીએટી પાર કરવાની તેની ક્ષમતા છે. રોકાણકારોને વર્તમાન કિંમતે ઓરિએન્ટ ખરીદવાનું સૂચન છે તથા આગામી વર્ષોમાં તેમાં બે આંકડામાં વળતર પ્રાપ્ત થઇ શકે છે.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview :- In Last Trading Session, Nifty closed at 10568. Nifty is trading in narrow range as it's at resistance. If it sustains at these levels, we can expect it to go up further maximum till 10850/10900 where it has major hurdles. Nifty near support is at 10000 and next support at 9500 levels. For now, the major range is 8900 to 10900.

Bank Nifty Overview :- In Last Trading Session, Bank Nifty closed at 21830. As we said in our last article that Bank Nifty should consolidate and you can see it's hovering at same levels. Bank Nifty near support is at 21400/21250 levels. Upside level could be 22250 and if sustains then till 22900.

Trading Results

Scrip Name	BSE Code	Buy / Sell	Enter at	Did High/ Low	Remarks
Adani Ent	512599	Buy	155	164	Target Achieved
BPCL	500547	Buy	378	390	Target Achieved
Century Tex	550040	Buy	295	311	Target Achieved
Cummins	500480	Buy	395	413	Target Achieved
Equitas	539844	Buy	49	55	Target Achieved
M&M Fin	532720	Buy	165	188	Target Achieved
SRTRANSFIN	511218	Buy	679	714.9	Target Achieved
Tata Motors	500570	Buy	97.1	106.7	Almost 1st Target
Auro Pharma	524804	Sell	798	761	Target Achieved

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Adani Ent	512599	159	150/155	165	180	145
Asian Paints	5005820	1697	1680/1690	1710	1740	1665
Coal India	533278	135	130/135	145	155	125
Cummins	500480	410	400/405	415	425	395
Exide	500086	153	143/148	155	170	135
Glenmark	532296	435	430/435	445	460	420
Zee	505537	171	165/170	180	190	157

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Chola Fin	504973	197	220/225	215	205	235
Reliance	500325	1787	1830/1840	1815	1780	1852

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ShareInfoline.com

TECHNICAL TALK

Dhananjay Kadam
TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

Corrections Are Temporary, Growth Is Permanent !

*** FII & DII Activity 03/07/20 (Rs Cr) :**

Prov Cash: Rs Crs*

FII : + 857.29 (3325.35 - 2468.06)

DII : - 331.96 (3094.36 - 3426.32)

*** India Vix close @ 25.76.**

- માર્કેટ મૂડ ઈન્ડેક્સ ૬૮.૮૯ના સ્તરે જોવા મળ્યો હતો તથા સ્મોલ અને મીડકેપ શેર્સની કામગીરીનો તેના ઉપર પ્રભાવ વર્તાયો હતો.

- યુએસ ડોલરમાં નબળાઈ, વૈશ્વિક સ્તરે નાણાકીય અને રાજકોષીય રાહત પેકેજોની જાહેરાની અપેક્ષાઓ તથા યુએસ અને ચાઈના વચ્ચે પણ તણાવમાં વધારાને કારણે સોનાના ભાવને ટેકો મળવાની સંભાવના છે. ઉપરોક્ત પરિબળોને કારણે રોકાણકારો ઘટાડે સોનામાં લેવાલીનો વ્યૂહ અપનાવી શકે છે.

યુએસ ડોલર-રૂપિયો – ૭૪.૬૪૫૮

ડબલ્યુટીઆઈ ક્રૂડ – ૩૯.૯૫

બ્રેન્ટ ક્રૂડ – ૪૨.૪૪


નેચરલ ગેસ – ૧.૭૩૮

ઓપેક બાસ્કેટ – ૪૨.૮૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૧૧ સપ્તાહમાં ૧૨ રોકાણ સોદા થયાં છે. રિલાયન્સે જિયો પ્લેટફોર્મ્સમાં ૨૫.૦૯૯ ટકા હિસ્સો વેચ્યો છે. મુંબઈ સ્થિતિ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે વિશ્વના અગ્રણી ટેક ઈન્વેસ્ટર્સ પાસેથી કુલ રૂ. ૧૧૭,૫૮૮.૪૫ કરોડ એકત્ર કર્યાં છે, જેમાં ફેસબુકે ૨૨ એપ્રિલે રૂ. ૪૩,૫૭૪ કરોડમાં ૯.૯૯ ટકા હિસ્સો ખરીદ્યો હતો. ઈન્ટેલ કોર્પે રૂ. ૧,૮૯૪.૫ કરોડમાં જિયો પ્લેટફોર્મ્સમાં ૦.૩૯ ટકા હિસ્સો ખરીદ્યો છે.

Cont...

ITI Ltd (Last close Rs 111.95)



આઈટીઆઈ લિમિટેડ મેન્યુફેક્ચરિંગ, ટ્રેડિંગ અને ટેલીકમ્યુનિકેશન ઈક્વિપમેન્ટ સર્વિસિંગના કારોબારમાં કાર્યરત છે. તેની ઓર્ડર બુક રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ છે, જે આઈટીઆઈના માર્કેટ કેપથી ત્રણથી ચાર ગણી વધુ છે. આઈટીઆઈ ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા અને સ્કિલ ઈન્ડિયા પહેલમાં યોગદાન આપવા માટે કટીબદ્ધ છે. દેશમાં પ્રવર્તમાન ટેલીકોમ નેટવર્કમાં તેનું ૫૦ ટકા યોગદાન છે. વધુમાં આઈટીઆઈ મજબૂત આરએન્ડડી સેન્ટર પણ ધરાવે છે.

આઈટીઆઈ માટે તાજેતરના ડેવલપમેન્ટ્સઃ

ભારત સરકારના ઓર્ડરથી આઈટીઆઈને ઘણો લાભ થઈ શકે છે. ટેલીકોમ મંત્રાલયે બીએસએનએલ, એમટીએનએલ અને અન્ય ખાનગી કંપનીઓને તમામ ચાઈનિઝ સોદા અને ઉપકરણો ઉપર પ્રતિબંધ મૂકવાનો આદેશ કર્યો છે. તેમને અપગ્રેડેશનમાં ચાઈનિઝ ઉપકરણો ટાળવાનું પણ સૂચન કરાયું છે. ટેલીકોમ મંત્રાલયના આ નિર્ણયથી ૪જી અપગ્રેડેશનમાં આઈટીઆઈની ભુમિકા મહત્વપૂર્ણ બની શકે છે.

- કંપનીએ જણાવ્યું છે કે તેણે બેંગ્લોર યુનિટમાં ફેસ શિલ્ડનું ઉત્પાદન શરૂ કર્યું છે. હાલમાં કંપની માસિક ૫ લાખ ફેસ શિલ્ડ્સનું ઉત્પાદન કરવા માટે સક્ષમ છે અને આગામી દિવસોમાં ક્ષમતા વધારીને ૧૫ લાખ કરાશે. આઈટીઆઈએ પીપીઈ કિટ્સ, વેન્ટિલેટર્સ વગેરેનું પણ ઉત્પાદન શરૂ કર્યું છે.

આઈટીઆઈએ અગાઉ ઘણાં સંરક્ષણ ઓર્ડર્સ પણ મેળવ્યાં છે. અગાઉના પ્રોજેક્ટ્સમાં વિવિધ સાઈટ્સ અને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક માટે સંપૂર્ણ માળખાકીય જરૂરિયાતો માટે સિવિલ વર્ક્સ સામેલ છે. તેમાં ટેલીકોમ ઉપકરણોના આઈપી-એમપીએલએસ રાઉટર્સ, માઈક્રોવેવ રેડિયો, સેટેલાઈટ ટર્મિનલ્સ, એનએમએસ, મોબાઈલ નોડ્સ અને ટેસ્ટ ઈક્વિપમેન્ટના સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમીશનિંગ અને મેન્ટેનન્સ પણ સામેલ છે. આઈટીઆઈ લિમિટેડે ૫જી ટેક માટે ટેક મહિન્દ્રા સાથે જોડાણ કર્યું છે. આ અંગે આઈટીઆઈ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર આર એમ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ ભાગીદારીથી વિદેશી કંપનીઓ ઉપર ટેલીકોમ ઉપકરણોની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે તેમજ ડિફેન્સ કમ્યુનિકેશન માટે વ્યૂહાત્મક નેટવર્કનું નિર્માણ અને ચિંતાઓ દૂર કરવામાં પણ સહયોગ મળશે. વર્તમાન સ્થિતિમાં મોટાભાગની કંપનીઓને નોંધપાત્ર ફટકો પડ્યો છે તેવી સ્થિતિમાં આઈટીઆઈ લિમિટેડ માટે બિઝનેસની તકોમાં વધારો થયો છે.

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટનું નિર્માણ થયું છે.

રોકાણકારો તેમાં રૂ. ૧૩૨ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકે છે. સ્ટોપ લોસ રૂ. ૧૦૭ અને સમયગાળો ૯ દિવસ છે.

Cont...

Siemens Limited (Last close Rs 1149.20)

આ કંપની ઈલેક્ટ્રિક મોટર્સ, જનરેટર્સ, ટ્રાન્સફોર્મર્સ અને ઈલેક્ટ્રિસિટિ ડિસ્ટ્રિબ્યુશન, જનરલ પર્પઝ મશીનરી, ઈલેક્ટ્રિકલ સિગ્નલિંગ, સેફ્ટી અથવા ટ્રાફિક-કંટ્રોલ ઉપકરણોની કામગીરીમાં કાર્યરત છે.



ડિવિન્ડ ઉપજ – ૦.૬૪ ટકા

આરઓસીઈ – ૧૮.૬૮ ટકા

આરઓઈ – ૧૨.૨૯ ટકા

વેચાણ વૃદ્ધિ (ત્રણ વર્ષ) – ૮.૩૧ ટકા

કંપની વર્ચ્યુઅલી દેવામુક્ત છે : કંપનીએ ૨૪.૦૮ ટકા ડિવિડન્ડ પેઆઉટ જાળવી રાખ્યું છે

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર રેઝિસ્ટન્સ બ્રેકઆઉટ છે. રોકાણકારો તેમાં રૂ. ૧૨૪૬ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકે છે. સ્ટોપ લોસ રૂ. ૧૧૧૧ તથા સમયગાળો ૨૦ દિવસ છે.

Century Plyboards (Last close Rs 125.05)

આ કંપની મુખ્યત્વે પ્લાયવુડ, લેમિનેટ્સ, ડેકોરેટિવ વીનર્સ, મીડિયમ ડેન્સિટિ ફાઈબર બોર્ડ્સ (એમડીએફ), પ્રી-લેમિનેટેડ બોર્ડ્સ, પાર્ટિકલ બોર્ડ અને ફ્લશ ડોર્સના ઉત્પાદન અને વેચાણ કામગીરી સાથે સંકળાયેલી છે. તે કન્ટેનર ફ્રેટ સ્ટેશન (સીએફએસ) સેવાઓ પણ પ્રદાન કરે છે.



ડિવિડન્ડ ઉપજ – ૦.૮૪ ટકા

આરઓસીઈ – ૧૭.૧૮ ટકા

આરઓઈ – ૧૬.૪૫ ટકા

વેચાણ વૃદ્ધિ (ત્રણ વર્ષ) – ૧૧.૫૯ ટકા

કંપનીએ દેવું ઘટાડ્યું છે.

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર કોન્સોલિડેટેડ બ્રેકઆઉટ જોવા મળ્યું છે. આ કંપનીમાં રૂ. ૧૪૩ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૧૧૯ અને સમયગાળો ૧૫ દિવસ છે.

Mr Warren Buffett -

On finding opportunity: “Look at market fluctuations as your friend rather than your enemy; profit from folly rather than participate in it.

TRADNICAL STRATEGY

Email: nimesh@nimeshthaker.com, M. 9228237373
NIMESH THAKER, BARODA
Sebi Registered NO. : INH000005874



ઈતિહાસ કહે છે કે જુલાઇ એ બુલ્સનો મહિનો છે

ગયા અઠવાડિયે મેં કહ્યું હતું કે બજાર બંને દિશામાં આગળ વધશે અને ૧૦૨૦૦ ના સ્તરની નજીક નિફ્ટી ખરીદવાની ભલામણ કરી હતી. આપણે જોયું કે નિફ્ટી ૧૦૨૨૩ ના સ્તરથી વધીને ૧૦૬૩૧ સ્તરની .ઉંચાઈ એ પહોંચી ગયી હતી. આ ચાલ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે હાલના બજારમાં તેજીવારા નો હાથ મજબૂટ છે. જો કે મને લાગે છે કે ૧૦૭૨૫-૧૦૭૫૦ એ ખૂબ જ નિર્ણાયક પ્રતિકાર સ્તર છે અને આ સ્તર તેજીવારા ને મજબૂત રીતે પડકારશે.

છેલ્લા ૧૮ વર્ષના ઐતિહાસિક ડેટા મુજબ. નિફ્ટીએ ૧૮ વર્ષમાંથી ૧૩ વર્ષમાં સકારાત્મક વળતર આપ્યું છે અને સરેરાશ વળતર ૨.૧% છે. તેથી ઐતિહાસિક માહિતી મુજબ જૂન મહિનાના ૧૦૩૦૦ ના સ્તરથી નિફ્ટીની આગળ વધવાની ૭૨% સંભાવના છે. ચાલો જોઈયે આ વખતે પણ ટ્રેન્ડ નું પુનરાવર્તન થાય છે કે નહિ.

ટેક્નિકલ ચાર્ટ દષ્ટિકોણ પર, દૈનિક ચાર્ટ પર નિફ્ટીએ ૨૦૦ ઈસ્છ પ્રતિકાર ૧૦૫૧૫ ના લેવલ ને પાર કરી કર્યું છે, સાથે સાથે સતત બે દિવસ સુધી તે સ્તરની ઉપરથી બંધ રહ્યુ છે. પરંતુ મારા અભ્યાસ મુજબ ૧૦૭૨૫-૧૦૭૫૦ ખૂબ મજબૂત પ્રતિકાર ઝોન છે. જો નિફ્ટી તે સ્તરને પાર કરવા માં સફળ રહે છે, તો આપણે નજીકના ગાળામાં ૧૧૦૦૦ સુધીની રેલી જોઈ શકીશું.

ઓપ્શન ના દષ્ટિકોણ પર, નિફ્ટી ૧૦૬૦૦ કૉલ ઓપ્શન અને ૧૧૦૦૦ કોલ ઓપ્શન માં સૌથી વધારે ઓપન ઇન્ટરેસ્ટ પોઝિશન દર્શાવે છે, જે દર્શાવે છે કે ટૂંકા ગાળાના ટ્રેડરો નિફ્ટી રેન્જ બાઉન્ડ અથવા સકારાત્મક વલણ ની અપેક્ષા રાખી રહ્યા છે.

ઉપરના તમામ ડેટાને ધ્યાનમાં રાખીને, મને લાગે છે કે જો નિફ્ટી ૧૦૭૨૫-૧૦૭૫૦ સ્તરની નજીક ટ્રેડ થતી જોવા મળે તો આપણે નિફ્ટી માં ખરીદી માંથી નિકળી જવું જોઈએ અને ફરી ૧૦૪૫૦-૧૦૫૦૦ સ્તરની નજીક ફરી ખરીદી કરવી જોઈએ. આક્રમક ટ્રેડરો ૧૦૮૦૦ ના સ્ટોપ-લોસ અને ૧૦૫૦૦ ના લક્ષ્યાંક સાથે નિફ્ટીને ૧૦૭૨૫-૧૦૭૫૦ સ્તરની નજીક વેચી શકે છે. એકંદરે નિફ્ટી અંગેનો મારો મત તેજીનો છે અને આપણે નિફ્ટીમાં ઘટાડે ખરીદી ની વ્યૂહરચના અપનાવી જોઈએ.

તમારા રોકાણ અને ટ્રેડ સંબંધિત પ્રશ્નો માટે તમે ૯૨૨૮૨૩૭૩૭૩ પર સંપર્ક કરી શકો છો.

એશિયન પેન્ટ્સ : ખરીદો

ખરીદી રેંજ: ૧૬૯૫-૧૬૭૦

લક્ષ્ય: ૧૭૯૦-૧૮૭૦ સ્ટોપ લોસ: ૧૬૫૦

ફાળવણી: ૧૦% વેપાર મૂડી ના

દૈનિક ચાર્ટ પર એક મેજબૂત માળખું જોવા મળ્યું છે સ્ટોક તેના ટૂંકા ગાળાના તેમજ લાંબા ગાળાની બધી એવરેજ ના પ્રતિકાર સપાટી ને તોડી નાખ્યા છે અને રેઝિસ્ટન્સ પર સ્થીર થઇ ગયો છે. ચાર્ટ સ્ટક્ચર જોતા માને લાગે છે કે ટૂંકા ગાળાના મા સ્ટોક ઉપર મા ૧૭૯૦-૧૮૭૦ સુધી જઇ શકે છે. તેથી ૧૬૫૦ ના સ્ટોપલોસ સાથે ખરીદી ની ભલામણ છે.

Techno Funda sound stocks



Sachin Shah : 9372144204
(Mumbai)
growyourwealthwithsachin@gmail.com

SYNGENE INTERNATIONAL LTD (539268 & NSE) (437.35) (FV 10)

સીન્જીન ઈન્ટરનેશનલ લીમીટેડ ફાર્માસ્યુટિકલ, બાયોટેકનોલોજી, ન્યુટ્રીશન, એનીમલ હેલ્થ, કન્ઝ્યુમર ગુડ્સ, સ્પેશીયાલીટી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ માટે ડીસ્કવરી, ડેવલોપમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ પ્રોવાઈડ કરતી કંપની છે. કંપનીના ક્લાયન્ટ લીસ્ટમાં જીએસકે, મર્કથી લઈને વિવિધ જાણીતી ઈન્ટરનેશનલ કંપનીઓનો સમાવેશ થાય છે. કંપની પાસે ૪૨૪૦ વૈજ્ઞાનિકોની મજબુત ટીમ છે.

FY20		FY19	
Sales	2011.90	Sales	1825.60
PAT	412.10	PAT	331.60
Sales Growth	10.20%	PAT Growth	24.28%



Technical Observations :- સીન્જીન હાલમાં ૪૩૭.૩૫ પાસે ટ્રેડ કરી રહ્યો છે. ડેઈલી, વીકલી અને મંથલી ચાર્ટ ઉપર એડીએક્સ, એમએસીડી, પેરાબોલિક એસએઆર અને સુપર ટ્રેન્ડ બાય મોડમાં છે. સ્ટોક ૫, ૧૦, ૨૦, ૫૦, ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સ્પોનેન્શીયલ મુવિંગ એવરેજીસ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ પણ ઘટાડે ૧૫ થી ૧૮ મહિનાના ૫૬૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Nucleus Software (રૂ. ૨૭૦.૦૦) (કોડ : ૫૩૧૨૦૯)

બી ગ્રુપની આઈટી સોફ્ટવેર પ્રોડક્ટ ક્ષેત્રે કાર્યરત ન્યુક્લિયસ સોફ્ટવેર એક્સપોર્ટ લિમિટેડ એ વૈશ્વિક ફાય. સર્વિસીસ ઉદ્યોગને ધિરાણ લેન્ડિંગ અને ટ્રાન્ઝેક્શન બેન્કિંગ પ્રોડક્ટ પુરી પાડતી કંપની વર્ષ ૧૯૮૬ થી રીટેલ - કોર્પોરેટ બેન્કિંગ સોફ્ટવેર ક્ષેત્રે અગ્રણી છે. કંપનીના સોફ્ટવેર ૫૦ થી વધુ દેશોમાં ૨૦૦ વધુ ફાય. ઈન્સ્ટીટ્યુશન્સમાં કાર્યરત છે જે રીટેલ ધિરાણ, કોર્પોરેટ, બેન્કિંગ, કેશ મેનેજમેન્ટ, મોબાઈલ અને ઈન્ટરનેટ બેન્કીગિ, ઓટોમોબાઈલ્સ ફાય. અને અન્ય બિઝનેસ ક્ષેત્રે સપોર્ટ પુરો પાડે છે. કંપનીના પ્રમુખ ગ્રાહકોમાં વૈશ્વિક ટોચની ૧૫ બેન્કોમાં ત્રણ ગ્રાહકો કંપનીના હોવા સાથે ટોચની ૧૦ ઓટોમોટીવ ફાય. કંપનીઓ પૈકી ત્રણ કંપનીના ગ્રાહકો છે. ફર્સ્ટવેલી બેન્ક, અબુધાબી હાઉસીંગ ઓથોરિટી, એડીઆઈબી, એમકોન, એટલાસ ફાય., બેન્ક ઓફ ફલોરિડા, બેન્કકોક બેન્ક, કેપિટલ હાર્વેસ્ટ, ચાઈના બેન્ક, ડીસીબી બેન્ક, ધનલક્ષ્મી બેન્ક, એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, ઈન્ડસીન્ડ બેન્ક, પીએનબી વિગેરેનો સમાવેશ થાય છે. કંપનીમાં પ્રમોટર્સ હસ્તક ૬૭.૫૯ ટકા છે. કંપનીએ વર્ષ ૨૦૦૧માં ૧:૨, ૨૦૦૪માં ૧:૧ અને ૨૦૦૭માં ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. બુકવેલ્યુ રૂ. ૧૮૨.૦૨ છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૪૩૨.૨૭ કરોડની આવક ઉપર રૂ. ૯૬.૦૪ કોડ નેટ નફો અને રૂ. ૩૩.૦૭ નો ઈપીએસ નોંધાવ્યો છે. માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં રૂ. ૧૧૬.૬૧ કરોડની આવક ઉપર રૂ. ૩૫.૦૯ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૨.૦૮ નો ઈપીએસ દર્શાવ્યો છે. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૪૧.૫૮ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૩૦.૦૯ ટકાના જોવાયા છે. એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ ના વર્ષાંતે કંપની રૂ. ૪૯૫ કરોડની આવક ઉપર રૂ. ૧૧૦.૫૦ કરોડનો નેટ પ્રોફિટ અને ઈપીએસ રૂ. ૩૮.૧૦ નો દર્શાવે તેવી મજબુત સંભાવના છે. વર્તમાન ભાવે આ સ્ટોક ૭ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહ્યો છે. મધ્યમથી લાંબાગાળે આ સ્ટોક બાવન સપ્તાહની નવી સપાટી બનાવતો જોવાય.

Polycab India (રૂ. ૮૪૩.૦૦) (કોડ : ૫૪૨૬૫૨)

પોલીકેબ ઈન્ડિયા અગ્રણી ફાસ્ટ મુવિંગ ઈલેક્ટ્રિક ગુડ્સ બનાવતી કંપની છે. કંપની એપ્રિલ ૨૦૧૯માં આઈપીઓ લાવી હતી અને રૂ.૫૩૮ના ભાવે કંપનીએ શેર ઓફર કર્યા હતા. કંપનીના આઈપીઓને ખુબજ સુંદર પ્રતિસાદ મળ્યો હતો અને આઈપીઓ ટોટલ ૫૧.૮૮ ગણો ભરાયો હતો. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૧૮૦ અને ઘટીને રૂ.૫૨૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૬૪૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૮.૫૮ ટકા અને પબ્લિક ૩૧.૪૨ ટકા સ્ટેક ધરાવે છે જેમાં એફઆઈઆઈ પાસે ૪.૮૯ ટકા અને અન્ય ડીઆઈઆઈ પાસે ૧૦.૪૧ ટકા સ્ટેક છે. માર્ચ કવાર્ટરમાં કંપનીએ સુંદર પરિણામો આપ્યા છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૪૬૪ કરોડથી ઘટીને રૂ.૨૧૨૯ કરોડ થઇ છે જયારે નફો રૂ.૧૪૦ કરોડથી વધીને રૂ.૨૧૪ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૮૮૩૦ કરોડની આવક ઉપર રૂ.૭૫૯ કરોડનો નફો અને રૂ.૫૧.૧૫ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની કેબલ્સથી લઈને એલઈડી લાઈટ્સ, ફેનથી લઈને સ્વીચગીયર સુધીના અનેક પ્રોડક્ટ્સ બનાવે છે અને કંપનીની બ્રાંડ માર્કેટમાં ખુબ જ લોકપ્રિય છે. કંપનીના એક-બે ક્વાર્ટર નબળા રહી શકે છે જોકે સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ કરેકશન આવે છે તો એ રોકાણ માટે યોગ્ય સમય બની શકે છે. સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ પણ ઘટાડામાં ચાર થી પાંચ ટુકડે લાંબાગાળાનું રોકાણ કરી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૦ ટકા વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે.

Balkrishna Ind. (રૂ. ૧૩૧૩.૦૦) (કોડ : ૫૦૨૩૫૫)

કંપનીની કુલ આવકમાં એગ્રીકલ્ચર સેગમેન્ટનો ૬૨ ટકા અને ઈન્ડસ્ટ્રીયલ, કન્સ્ટ્રકશન તેમજ અર્થમુવિંગ સેગમેન્ટનો ૩૪ ટકા હિસ્સો છે. કંપની કુલ ૪ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધરાવે છે જેમાંના ૨ રાજસ્થાનમાં આવેલા છે. એક મહારાષ્ટ્રમાં અને એક ગુજરાતમાં આવેલો છે કંપની પોતાના કુલ ઉત્પાદનના ૯૦ ટકા વિશ્વના ૧૨૦ દેશોમાં નિકાસ કરે છે. કંપનીની મોટા ભાગની આવક નિકાસમાંથી આવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૧૩૫૬ કરોડથી વધીને રૂ.૧૩૭૨ કરોડ થયું છે પણ નફો રૂ.૧૮૬ કરોડથી વધીને રૂ.૨૬૫ કરોડ થયો છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૩૧૮.૮ અને ઘટીને રૂ.૬૭૭.૬૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૫૩૮૮ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૧૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૩૦૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવી

Cont...

દીધું છે તેમજ ૧૦૦ ટકાનું ફાયનલ ડીવીડન્ડ ચુકવ્યું છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૦૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવી દીધા પછી ૮૦૦ ટકાનું જંગી વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો પાસે ૧૭.૬૬ ટકા અને એફઆઈઆઈ પાસે ૧૧.૯૩ ટકા હિસ્સો છે. માર્ચ ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડોએ ૦.૩૪ ટકા હિસ્સો વધાર્યો છે જયારે એફઆઈઆઈનો સ્ટેક માર્ચ ક્વાર્ટરમાં ૦.૨૫ ટકા વધ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૪૮૧૧ કરોડના વેચાણ ઉપર રૂ.૯૬૦ કરોડનો નફો અને રૂ.૪૯.૬૪ની ઈપીએસ હાંસલ કરી છે.

Dixon Techno (રૂ. ૫૯૭૭.૦૦) (કોડ : ૫૪૦૬૯૯)

કંપની ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે સેટ ટોપ બોક્સ, મોબાઈલ અને એલઈડી પેનલનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની ગણાય છે. કંપની વોશિંગ મશીન પાર્ટ્સ, એલઈડી લાઈટ્સ, સિક્યુરીટી સર્વેલન્સ સિસ્ટમ્સ જેવા ઉપકરણો બનાવે છે. આ પ્રોડક્ટ્સ આમ તો મોટા પાયે ભારતમાં આયાત થાય છે પણ હવે સરકાર વોકલ ફોર લોકલને મજબુત કરવા માટે કામ કરી રહી છે જેના લીધે આયાત થતા સામાનો ઉપર ડ્યુટી લગાડી શકે છે જેનો ફાયદો આ કંપનીને અને ડોમેસ્ટિક સેક્ટરને મળી શકે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષન દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૦૫૦ અને ઘટીને રૂ.૧૮૩૦.૯૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ.૬૯૧૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૩૬.૧૭ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૨૨.૧૯ ટકા, એફઆઈઆઈ ૧૦.૭૬ ટકા અને પબ્લીક ૩૦.૧૨ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૩૦ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો રૂ.૬૩ કરોડથી વધીને રૂ.૧૨૦ કરોડ થયો છે. જયારે કંપનીનું વેચાણ રૂ.૨૯૮૪ કરોડથી વધીને રૂ.૪૪૦૦ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો ઓપરેટીગ પ્રોફિટ રૂ.૧૩૬ કરોડથી વધીને રૂ.૨૨૩ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦૬.૧૨ની ઈપીએસ હાંસલ કરી છે. સ્ટોક હાલમાં ૫૬ના પીઈથી ક્વોટ થઈ રહ્યો છે છતાં વર્તમાન ભાવે આર્કષક લાગી રહ્યો છે. નીચા મથાળેથી સ્ટોક ઓલટાઈમ હાઈ બનાવી ચુક્યો છે ત્યારે કરેકશનના કોઈ પણ તબક્કામાં રોકાણ કરી શકાય.

Godrej Agrovet (રૂ. ૪૩૩.૦૦) (કોડ : ૫૪૦૭૪૩)

૧૯૯૧માં સ્થપાયેલી આ કંપની એગ્રી બિઝનેસની સાથે એનીમલ ફીડ, ક્રોપપ્રોટેક્શન, ઓઈલપામ, ડેરી અને પોલ્ટ્રી અને પ્રોસીસ્ડફૂડ જેવા સેગમેન્ટમાં કાર્યરત છે. કંપની ૨૦૧૭ના અંતમાં રૂ.૪૬૦ના ભાવે આઈપીઓ લઈને આવી હતી. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ.૧૦ છે. લીસ્ટીગ બાદ શેરનો ભાવ વધીને રૂ.૫૯૭.૯૫ અને ઘટીને રૂ.૨૬૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૮૩૨૩ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૦.૦૮ ટકા અને પબ્લિક ૨૯.૯૨ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ.૧૩૪૦.૮૬ કરોડની આવક ઉપર રૂ.૭૪.૫૮ કરોડનો નફો હાંસલ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૫૯૧૭.૭૩ કરોડથી વધીને રૂ.૬૯૬૪.૦૪ કરોડ થઈ છે જયારે નફો રૂ.૩૨૯.૦૪ કરોડથી ઘટીને રૂ.૩૦૬.૧૯ કરોડ થયો છે. કંપનીની ઈક્વિટીરૂ.૧૯૨.૦૩ કરોડ છે. રીઝર્વ રૂ.૧૬૪૬ કરોડ છે. ખાસ કરીને કંપની જે બિઝનેસમાં છે એ બધા બિઝનેસ ઘણો સારો દેખાવ કરી રહ્યા હતા. કંપનીની પાછળ ગોદરેજ ગ્રુપનું બેકિંગ લાગે છે ત્યારે આ સ્ટોકમાં તબક્કાવાર રોકાણ માટે વિચારી શકાય. કંપનીમાં રીટર્ન ઓન ઈક્વિટી ૧૫ ટકા આસપાસ છે. વિદેશી ફંડો પાસે આ કંપનીમાં ૩.૪૬ ટકા સ્ટેક છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૪૫ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. કોરોના વાયરસની અસર કંપનીના બધા બીઝનેસમાં જોવા મળવાની નથી અને કંપનીના ડેરીથી લઈને ક્રોપ પ્રોટેક્શન જેવા બીઝનેસ સારો દેખાવ લોકડાઉન પછી તરત કરવા લાગ્યા છે ત્યારે ઘટાડે સ્ટોકમાં રોકાણ કરી શકાય.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152

Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

ઈન્ડેક્સ ૩૫૪૬૭ અને નિફ્ટી ફ્યુચર ૧૦૪૩૦ મહત્વના સપોર્ટ

BSE Index (૩૬૦૨૧.૪૨) :- ૩૨૩૪૮.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૬૧૧૦ ઉપર ૩૬૧૭૦, ૩૬૪૮૦ સુધીની શકયતા. નીચામાં ૩૫૪૬૭ નીચે નબળાઈ સમજવી. બજાર ઓવરબોટ છે. નવા લેણમાં સાવચેતી જરૂરી.



Bank Nifty Future (૨૧૮૩૨.૨૦) :- ૧૯૪૩૫.૮૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૨૨૯૦ ઉપર ૨૨૪૯૫ કુદાવે તો, ૨૩૩૫૦, ૨૩૫૫૦ સુધીની શકયતા. નીચામાં ૨૧૭૫૦ નીચે ૨૧૪૫૦, ૨૦૯૬૦ નીચે નબળાઈ સમજવી.

Nifty Future (૧૦૫૬૮.૦૦) :- ૯૫૮૧.૯૫ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૦૬૧૦ ઉપર ચાલે તો ૧૦૬૯૫, ૧૦૭૯૦ સુધીની શકયતા. નીચામાં ૧૦૫૩૩ નીચે ૧૦૪૩૦ તુટે તો નબળાઈ સમજવી.

HDFC (૧૮૮૫.૨૦) :- ૧૪૮૬ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૯૨૭ ઉપર ૧૯૫૩ કુદાવે તો, ૧૯૮૬, ૨૦૫૦, ૨૧૦૦ સુધીની શકયતા. નીચામાં ૧૮૪૨ નીચે ૧૮૧૫ સપોર્ટ ગણવો.

Hero Moto Corp. (૨૭૩૮.૨૫) :- ૧૪૭૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૭૫૦ ઉપર ૨૮૩૦, ૨૯૨૫ સુધીની શકયતા. નીચામાં ૨૨૫૦ સપોર્ટ ગણાય.

M&M Finance (૧૮૨.૭૫) :- ૧૨૫.૪૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૯૨ અને ૧૯૫ કુદાવે તો, ૨૧૨, ૨૩૦ સુધીની શકયતા. નીચામાં ૧૭૮ નીચે ૧૭૪ સપોર્ટ ગણાય.

Maruti (૫૯૩૨.૧૦) :- ૪૩૬૭.૫૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૯૬૦ ઉપર ૬૦૬૦ કુદાવે તો, ૬૧૧૫, ૬૧૭૦ સુધીની શકયતા. નીચામાં ૫૮૨૦ સપોર્ટ ગણાય.

Reliance (૧૭૮૭.૦૦) :- ૧૩૯૩ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૭૯૩ ઉપર ૧૮૦૪ કુદાવે તો, ૧૮૨૫, ૧૮૫૦ સુધીની શકયતા. નીચામાં ૧૭૩૫ સપોર્ટ ગણાય.

(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- "આ પાર જિંદગીના બધા જોખમો હતા,
ને સામે પાર મોતનો પડકાર પણ હતો" -'આદિલ મન્સૂરી'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

શેરબજારમાં નોંધપાત્ર સુધારા સાથે જુલાઇ ટ્રેડિંગનો પ્રારંભ
મેક્રો ઇકોનોમિક ડેટા અને વૈશ્વિક પરિબળો ઉપર નજર

ગત સપ્તાહે પ્રથમ બે સત્ર જૂન ૨૦૨૦ના બાકીના સેશન હતાં, જ્યારે કે બાકીના ત્રણ સેશન જુલાઇ ૨૦૨૦ના હતાં. પ્રથમ બે સેશનમાં શેરબજાર ઘટીને બંધ આવ્યું તો બાકીના ત્રણ સેશનમાં બજાર વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. આમ જુલાઇ ટ્રેડિંગ સકારાત્મક શરૂ થયું એમ કહી શકાય. હકીકતમાં છેલ્લાં ત્રણ સેશનમાં સકારાત્મક કામગીરીથી નિફ્ટી ૧૦૬૦૦ અને સેન્સેક્સ ૩૬૦૦૦ની મહત્વપૂર્ણ સપાટી ઉપર બંધ આવ્યો. બજારના જાણકારોનું કહેવું છે કે ચોમાસાની પ્રગતિ સાથે જુલાઇ મહિનામાં બજારની કામગીરી સારી રહેવાની અપેક્ષા છે. જોકે, ભારત અને ચીન વચ્ચે સરહદે તણાવને કારણે ઓપરેટર્સ સાવચેતીનું વલણ અપનાવી શકે છે. બીજી તરફ ઘણી કંપનીઓએ ચોથા ત્રિમાસિકગાળાના પરિણામો જાહેર કર્યા નથી ત્યારે આપણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળાના પરિણામો તરફ આગળ વધી રહ્યાં છીએ. આમ આગામી સપ્તાહમાં બજાર સ્ટોક કેન્દ્રિત રહે તેવી સંભાવના પ્રવર્તી રહી છે. ગત સપ્તાહે એફઆઇઆઇ તરફથી વેચવાલી ચાલુ રહી હોવા છતાં આરબીઆઇના હસ્તક્ષેપને કારણે ડોલરની સામે રૂપિયો મજબૂત થયો હતો. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોએ એકંદરે નબળું પ્રદર્શન નોંધાવ્યું છે.

ગત સપ્તાહે નિફ્ટી ૧૦૬૩૧.૩૦-૧૦૨૨૩.૬૦ તથા સેન્સેક્સ ૩૬૧૧૦.૨૧-૩૪૬૬૨.૦૬ની રેન્જમાં જળવાઈ રહ્યાં હતાં.

નિફ્ટી ૨૨૪.૩૫ પોઇન્ટ્સ અને સેન્સેક્સ ૮૫૦.૧૫ પોઇન્ટ્સના વધારા સાથે બંધ આવ્યો હતો.

સોમવારે બજારની નિરસ શરૂઆત થઇ હતી અને સૂચકાંકો ઘટ્યાં સ્તરે બંધ આવ્યાં હતાં. નિફ્ટી ૭૦.૬૦ પોઇન્ટ્સ ઘટીને ૧૦૩૧૨.૪૦ અને સેન્સેક્સ ૨૦૯.૭૫ પોઇન્ટ્સ ઘટીને ૩૪૯૬૧.૫૨ના સ્તરે બંધ આવ્યો હતો. વૈશ્વિક સ્તરે કોવિડ-૧૯ મહામારીના ફેલાવાને કારણે સેન્ટિમેન્ટ ઉપર અસર જોવા મળી હતી. આઇટી, બેન્કિંગ, પાવર, મેટલ, ઓટો, કેપિટલ ગુડ્સ કાઉન્ટર્સમાં પીછેહઠ થઇ હતી. જોકે, વેલ્યુ બાઇંગને કારણે એફએમસીજી કાઉન્ટર્સ વધ્યાં હતાં. બીજી તરફ કેટલાંક મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં લેવાલી જોવા મળી હતી. મીડ અને સ્મોલ કેપની સુસ્ત કામગીરીને કારણે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી હતી. એફઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઇઆઇ મુખ્ય ખરીદદાર હતાં.

મંગળવારે બજારમાં પોઝિટિવ ઓપનિંગ બાદ બે તરફી વધઘટ બાદ ઘટ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૧૦.૩૦ પોઇન્ટ્સ સાધારણ ઘટીને ૧૦૩૦૨.૧૦ તથા સેન્સેક્સ માત્ર ૪૫.૭૨ પોઇન્ટ્સ ઘટીને ૩૪૯૧૫.૮૦ના સ્તરે બંધ આવ્યું હતું. ઓટો કાઉન્ટર્સમાં નીચા સ્તરે નવેસરથી લેવાલીને કારણે વધારો થયો હતો. બેન્કિંગ કાઉન્ટર્સમાં વધારા સાથે કેટલાંક મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સ તરફથી પણ બજારને ટેકો મળ્યો હતો. જોકે, મીડ અને સ્મોલ કેપની નબળી કામગીરીને કારણે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી છે. એફઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઇઆઇ મુખ્ય ખરીદદાર રહ્યાં હતાં.

બુધવારે બજારમાં સાવચેતીના વલણ સાથે પોઝિટિવ ઓપનિંગ થયું હતું તેમજ ઇન્ટ્રાડે ટ્રેડમાં બે તરફી વધઘટ બાદ બજાર વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૧૨૭.૯૫ પોઇન્ટ્સ વધીને ૧૦૪૩૦.૦૫ અને સેન્સેક્સ ૪૯૮.૬૫ પોઇન્ટ્સ વધીને ૩૫૪૧૪.૪૫ના

Cont....

During the week dividend announcement

A K Capital (10%), Aartech Solonics (5%), Acknit Ind (15%), Ambika Cotton (150%), Anjani Portland (50%), Associated Alcohols (10%), Avanti Feeds (10%), Bajaj Steel (40%), Beekay Steel (10%), BEML (35%), Bigblock Const (2.5%), CMI FPE (50%), Coral India Fin (10%), Crest Ventures (5%), Dhunseri Tea (25%), D-Link (50%), Dollar Ind (85%), Ecoplast (15%), Fine Org (60%), Flex Foods (7.5%), Force Motors (100%), Frontline Secur (2.5%), Gandhi Spl (180%), GIC Housing (20%), Gowra Leasing (10%), Greenply Ind (40%), Hind Composites (40%), Indian Hume (100%), Indo National (50%), Jai Corp (50%), Jindal Poly (10%), Jindal Saw (100%), Kamdhenu (5%), Kemp & Co (5%), Keynote Fin (10%), Kiri Ind (5%), Kkalpana Ind (6%), Kriti Ind (15%), Lux Ind (125%), MRF (940%), Mallcom (20%), Mayur Uniquo (20%), Mazda Ltd (25%), Mishtann Foods (0.1%), Mitsu Chem (2%), MPIL Corp (15%), Narmada Gelatines(100%), NGL Fine (35%), NHPC (3.2%), Orient Refract (250%), Parag Milk (5%), Picccadily Agro (2%), Pokarna (30%), Polymechplast (8%), Power Mech (10%), Premco Global (20%), Punjab Chem (15%), Rama Phosphates (10%), Rossell (10%), Salasar Techno (10%), Sandhar Techno (7.5%), Shilchar Tech (10%), Sika Inter (11%), SIL Inv (25%), Sobha Ltd (70%), Stanrose Mafatlal (60%), Steelcast (12%), Subros (40%), Talbros Auto (5%), Tata Steel (100%), Time Techno (95%), Tyche Ind (10%), Uni-Abex (50%), Ventura Guaranty (30%), Vikram Thermo (15%), Yuken India (6%), Aarnav Fashions (5%), Agarwal Ind (15%), Asian Granito (7%), Basant Agro (5%), Bhandari Hosiery (1%), Bhatia Communi (40%), Bimetal Bearings (70%), Bombay Cycle (50%), Ceejay Fin (10%), Cravatex (10%), Deepak Ferti (30%), DHP India (25%), Donear Ind (10%), Elcid Inv (150%), Elixir Cap (12.5%), Elnet Tech (12%), FIEM Ind (30%), GOCL Corp (100%), Guj Apollo (30%), Hindustan Tin (6%), Hisar Metal (10%), Inani Marble (2%), Intrasoft Tech (10%), J L Morison (10%), JBM Auto (35%), Jindal Drilling (10%), KPR Mill (15%), Kaira Can (10%), KSE Ltd (200%), Lambodhara Text (10%), Lancor Hold (2.5%), Linc Pen (15%), Mangal Credit (5%), Medicamen Hio (5%), Mangalam Org (10), MSTC (33%), Mukesh Babu (12%),Munjal Showa (225%), NCL Ind (10%), Nirlon (7.5%), Paisalo Digi (10%), Panasonic Carbon (100%), Panasonic Energy (40%), Patel Integrated (1%), Petronet LNG (70%), Pix Transmission (20%), Prakash Pipes (12%), Pressman Adv (50%), Rajesh Expo (100%), RITES (60%), Shivalik Rasayan (5%), Sinclair Hotels (40%), SJVN Ltd (5%), Spenta Intl (8%), Superhouse (8%), Suryamba Spg (6%), TN Newsprint (60%), Titan Bio (10%), Uflex (20%), Ugar Sugar (10%), Victoria Mills (50%), Vishvprabha Ventures (2.5%), Amarjothi Spt (20%), BCPL Railway (2%),Bharat Rasayan (15%), Chaman Lal Setia (25%), Haldyn Glass (60%), Intense Tech (10%), Joindre Cap (6%), Multiplus Hold (0.2%), Mysore Petro (20%), Sree Rayalaseema Hi (25%), Vasundhara Rasayan (15%), Vedavaag Syst (10%), Bharat Dynamics (25.5%), Bharat Electronics (140%), Brightcom Group (2.5%), Finolex Cables (275%), Frontier Springs (11%), KIFS Fin (12.5%), Kriti Nutrients (18%), Mishra Dhatu (15.6%), NTPC (26.5%), Om Metals (20%), V R Films (10%), WPIL (75%), Dhunseri Ventures (5%), India Gelatine (15%), Kauntum Papers (25%), Sanmit Infra (2.5%), Indian Wood Prod (5%) etc.

During the week

Tiaan Ayurvedic turned ex-bonus (1 for 4)

****

Karda Constructions turned ex-split (5 for 1).

****

bonus issue announced by Jonjua Overseas (1 share for every 43 shares held)

સ્તરે બંધ આવ્યો હતો. એફએમસીજી અને બેન્કિંગ કાઉન્ટર્સે તેજીનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે કે ઓટો કાઉન્ટર્સ નબળી ડિસ્પેચ રિપોર્ટ સાથે ઘટ્યાં હતાં. આરઆઈએલમાં વધારો થયો હતો તથા કેટલાંક ઓઈલ અને ગેસ કાઉન્ટર્સનો પણ ટેકો મળ્યો હતો. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોમાં નબળાઈ વચ્ચે પણ માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદારો હતાં.

ગુરુવારે બજાર મજબૂતાઈ સાથે ખુલ્યાં હતાં અને નોંધપાત્ર વધીને બંધ થયું હતું. નિફ્ટી ૧૨૧.૬૫ પોઈન્ટ્સ વધીને ૧૦૫૫૧.૭૦ અને સેન્સેક્સ ૪૨૯.૨૫ પોઈન્ટ્સ વધીને ૩૫૮૪૩.૮૦ના સ્તરે બંધ આવ્યો હતો. કોવિડ-૧૯ મહામારીના ફેલાવા વચ્ચે ઘણાં દેશોએ રાહત પેકેજની જાહેરાત કરતાં તેજીને બળ મળ્યું હતું. ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ અને ગેસ, ફાર્મા અને આઈટી કાઉન્ટર્સને કારણે બજારમાં આગેકૂચ થઈ હતી. આ ઉપરાંત કેટલાંક મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ સુધારો થયો હતો, જેના પરિણામે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહ્યું હતું. એફઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદાર હતાં.

શુક્રવારે ગેપ અપ ઓપનિંગ સાથે બજારમાં સુધારો આગળ ધપ્યો હતો અને અંતે વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૫૫.૬૫ પોઈન્ટ્સ વધીને ૧૦૬૦૭.૩૫ અને સેન્સેક્સ ૧૭૭.૭૨ પોઈન્ટ્સ વધીને ૩૬૦૨૧.૪૨

Cont....

પોઈન્ટ્સના સ્તરે બંધ આવ્યો હતો. ઓટો કાઉન્ટર્સે તેજીની આગેવાની લીધી હતી, જેને ટેલીકોમ, પાવર અને આઈટી ફેન્સી કાઉન્ટર્સનો ટેકો મળ્યો હતો. બીજી તરફ મીડકેપમાં પણ સારી કામગીરી નોંધાઈ હતી, પરંતુ સ્મોલ કેપમાં કામગીરી નબળી રહી હતી. જિયોમાં મલ્ટીનેશનલ દ્વારા વધુ રોકાણના અહેવાલો બાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં વધારો થયો હતો. મેટલ અને બેન્કિંગ કાઉન્ટર્સમાં પ્રોફિટ બુકિંગના કારણે ઉંચા સ્તરેથી ઘટાડો થયો હતો. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

યુએસ ડોલરની સામે ભારતીય રૂપિયો વધીને ૭૪.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ વધીને બેરલદીઠ ૪૨.૬૫ ડોલરે સ્પર્શ્યો હતો. ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત સુધારાને કારણે સેન્ટિમેન્ટને અસર થઈ છે. આગામી સપ્તાહમાં ૧૩૦થી વધુ કંપનીઓ ત્રિમાસિક પરિણામોની જાહેર કરશે. વૈશ્વિક પરિબળો અને મેક્રો ઈકોનોમિક ડેટા બજારની કામગીરીને પ્રભાવિત કરશે. વધુમાં ચોમાસાની પ્રગતિ તથા રાહત પેકેજો ઉપર બજારની નજર રહેશે. આમ વોલેટાઈલ ટ્રેડ્સની સંભાવના નકારી શકાય નહીં.


વર્તમાન સ્થિતિને જોતાં નિફ્ટી ૧૦૯૦૦-૧૦૦૦૦ તથા સેન્સેક્સ ૩૭૦૦૦-૩૪૫૦૦ની રેન્જમાં રહેવાની શક્યતા છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on the date along with market perceptions. Investors should bear in mind that any investments in stock markets are subject to unpredictable market related risks. (THE AUTHOUR IS SEBI REGISTERED RESEARCH ANALYST)

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
29-Jun-20	10311.95	10337.95	10223.6	10312.4	-70.6
30-Jun-20	10382.6	10401.05	10267.35	10302.1	-10.3
01-Jul-20	10323.8	10447.05	10299.6	10430.05	127.95
02-Jul-20	10493.05	10598.2	10485.55	10551.7	121.65
03-Jul-20	10614.95	10631.3	10562.65	10607.35	55.65
		Net	Weekly	Gains	224.35

Sensex	Open	High	Low	Close	Diff
29/06/2020	34,926.95	35,032.36	34,662.06	34,961.52	-209.75
30/06/2020	35,168.30	35,233.91	34,812.80	34,915.80	-45.72
01/07/2020	35,009.59	35,467.23	34,927.20	35,414.45	498.65
02/07/2020	35,604.00	36,014.92	35,595.36	35,843.70	429.25
03/07/2020	36,025.38	36,110.21	35,872.38	36,021.42	177.72
		Net	Weekly	Gains	850.15



A. K. Asnani
(M) 9893512098
Smart Verc (Bhopal)
Author of Book
Way to Billionaire

Smart Steps to Portfolio Management - I

મોટાભાગના રોકાણકારો માટે કોઇ એક શેરમાંથી વળતરની જગ્યાએ કુલ વળતર વધુ મહત્વપૂર્ણ હોય છે. આથી તમારા પોર્ટફોલિયોમાં ૧૫ જેટલી કંપનીઓ સારું પ્રદર્શન કરતી હોય, પરંતુ કોઇ એક કંપનીમાં નોંધપાત્ર નુકશાન સમગ્ર પોર્ટફોલિયોના વધારાને ધોઇ નાખે છે. આ પરિસ્થિતિમાં મહત્તમ વળતર માટે પોર્ટફોલિયોમાં સારા શેર્સની પસંદગી કરવામાં સાવચેતી રાખવી જરૂરી બને છે.

સ્ટોકની ઓળખ

વ્યાપક દ્રષ્ટિએ મુખ્યત્વે બે પ્રકારના સ્ટોક હોય છે – વેલ્યુ અને ગ્રોથ

વેલ્યુ સ્ટોકમાં પેટન્ટ્સ, આઇપીઆર, રિયલ એસ્ટેટ, ઇનવેસ્ટમેન્ટ વગેરે જેવી કેટલીક છૂપી વેલ્યુ હોય છે તેમજ આ પ્રકારના શેર્સ લાંબાગાળે ધીમી ગતિએ આગેકૂચ કરતાં હોય છે.

વેલ્યુ અથવા ગ્રોથ સ્ટોક – રોકાણકાર આ શેર્સના આંતરિક મૂલ્યને સમજવા માટે સક્ષમ હોવા જોઇએ, નહીંતર તે ઉપયોગી નિવડશે નહીં. વેલ્યુ સ્ટોકમાં આંતરિક મૂલ્ય શોધવામાં ભુલ મોંઘી સાબિત થઇ શકે છે, જ્યારેકે ગ્રોથ સ્ટોકસમાં કુદરતી વૃદ્ધિને જોતાં નુકશાનની સંભાવના ઓછી રહે છે.

ટ્રિગર શું છે?

દરેક ત્રિમાસિકગાળા બાદ કંપનીઓએ તેમના નાણાકીય પરિણામો જાહેર કરવાના રહે છે. આ પરિણામોનું વિશ્લેષણ કરો તથા જે કંપનીઓએ વેચાણ અથવા નફામાં સારી વૃદ્ધિ નોંધાવી હોય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. વધુમાં જૂઓ કે કંપની ડિવિડન્ડ ચૂકવે છે કે નહીં તથા મજબૂત નાણાકીય સ્થિતિ ધરાવતી કંપનીઓને લક્ષ્યમાં રાખો. ઘણીવાર કંપનીનું મેનેજમેન્ટ પ્રદર્શન ઉપર પ્રતિક્રિયા આપતું હોય છે, જેનો પ્રભાવ ભવિષ્યમાં કંપનીની કામગીરી અને શેરના ભાવ ઉપર વર્તાય છે. કંપનીનું પ્રેઝન્ટેશન પણ વિસ્તૃત માહિતી પ્રદાન કરે છે.

કંપનીના શેરના ભાવને મુખ્યત્વે વિવિધ પરિબળો અસરકર્તા હોય છે. કંપનીના પરિણામો, પ્રમોટર્સની હિસ્સેદારી, બુક વેલ્યુ વગેરે તથા કંપનીના સીઇઓ અને પ્રમોટર્સની પડકારજનક સમયમાં કામગીરીને આગળ ધપાવવાની ક્ષમતા મહત્વપૂર્ણ બાબત છે. વધુમાં ઓર્ડર બુક, કોન્ટ્રેક્ટ્સ, વિસ્તરણ અને હસ્તાંતરણની યોજનાઓ પણ વિસ્તૃત માહિતી આપે છે. આમ કંપનીની નાણાકીય ક્ષમતાઓથી શેરના ભાવમાં પીછેહઠની સંભાવનાઓ ઓછી રહે છે તથા ભવિષ્યમાં સારું વળતરની અપેક્ષાઓ ઉજ્જવળ રહે છે.

Happy Investing!

(To be continued in next issue)

A. K. Asnani

Authro | Advisro | Coach | Mentro |

09893512098 / smartasn@gmail.com

(investros are advised to act as per their own conviction. Above are only the views of the Authro)

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

Tasty Bites (Rs. 13057.00) (Code : 519091)

ટેસ્ટી બાઈટ ઈટેબલ્સ કન્ઝ્યુમર બિઝનેસ અને ફૂડ સર્વિસ બિઝનેસ એમ બે વર્ટીકલ્સમાં તૈયાર ફૂડ બિઝનેસમાં કાર્યરત છે. કન્ઝ્યુમર બિઝનેસમાં માગ વધી રહી છે ત્યારે તેના ફૂડ સર્વિસ બિઝનેસ પર લૉકડાઉનની ગંભીર વિપરિત અસર પડી છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નેટ પ્રોફિટ ૬.૦૯ ટકા વધીને રૂ. ૮.૫૩ કરોડ થયો હતો, જે માર્ચ ૨૦૧૯ના ક્વાર્ટરના અંતે રૂ. ૮.૦૪ કરોડ હતો. વેચાણ ૩૪.૭૧ ટકા વધીને રૂ. ૧૧૪.૭૯ કરોડ થયું હતું. માર્ચ ૨૦૨૦ના અંતે સંપૂર્ણ વર્ષ માટે નેટ પ્રોફિટ ૩૫.૯૩ ટકા વધીને રૂ. ૪૦.૮૬ કરોડ થયો હતો, જે એક વર્ષ અગાઉ સમાન સમયમાં રૂ. ૩૦.૦૬ કરોડ હતો. વેચાણ ૨૬.૩૫ ટકા વધીને રૂ. ૪૨૪.૬૪ કરોડ થયું હતું. કંપની મજબૂત બેલેન્સ શીટ ધરાવે છે અને કેશ ફ્લો પોઝિશન તેની નાણાકીય કટીબદ્ધતાને પૂરી કરે છે. વધુમાં તેની પેરેન્ટ કંપની માર્સ ઈન્કોર્પોરેટેડ તરફથી તેને જે સહયોગ અને માર્ગદર્શન મળે છે તેનાથી કંપની ખૂબ જ પ્રોત્સાહિત છે. સ્ટોક ૨૫મી માર્ચે રૂ. ૭૪૪૨ના સ્તરે ટ્રેડિંગ કરતો હતો અને હવે રૂ. ૧૩,૧૦૦ના સ્તરે છે, જે લગભગ ત્રણ મહિનામાં બમણો થઈ ગયો છે. પ્રત્યેક ઘટાડે ખરીદો.

HAL (Rs. 851.00) (Code : 541154)

હિન્દુસ્તાન એરોનોટિક્સ (એચએએલ)નો શેર શુક્રવારે ૧૦ ટકાની છલાંગ લગાવીને રૂ.૮૫૧ના સ્તર પર પહોંચી ગયો હતો. આ શેરમાં છેલ્લા દોઢ મહિનામાં ભારે તેજી જોવા મળી છે અને આ શૅર રૂ. ૫૦૦ના સ્તરથી આ સ્તરે પહોંચી ગયો છે. એચએએલે વધુ અત્યાધુનિક તેજસ માર્ક ૧એ કન્ફિક્યુરેશનમાં ૮૩ એલસીએ બનાવવાની તૈયારી કરી છે. આ ઓર્ડરને સંરક્ષણ મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. એચએએલે ૨૦૧૯-૨૦ માટે રૂ. ૨૧,૧૦૦ કરોડથી વધુના વિક્રમી ટર્નઓવરની જાહેરાત કરી છે. આ વૃદ્ધિ અગાઉના વર્ષના રૂ. ૧૯,૭૦૫ કરોડના ટર્નઓવરની સરખામણીમાં ૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. સંરક્ષણ ઉત્પાદનમાં એફડીઆઈની મર્યાદા ૪૯ ટકાથી ઓટોમેટિક માર્ગે ૭૪ ટકા સુધી વધારવાના સરકારના નિર્ણયનો સૌથી વધુ લાભ એચએએલને મફશે. સરકાર ભારતના સ્વદેશી સંરક્ષણ ક્ષેત્રના રક્ષણ તરફ નજર દોડાવી રહી છે, સાથે વસ્તુઓની નેગેટિવ યાદી પણ બનાવી રહી છે જેની ખરીદી માત્ર સ્થાનિક સ્તરે જ થશે. ખરીદો.

Bharti Airtel (Rs. 581.00) (Code : 532454)

બે વર્ષથી ઓછા સમયમાં વોડાફોન આઈડિયાએ ૧૧૬.૧૩ મિલિયન સબસ્ક્રાઈબર્સ ગુમાવ્યા છે. કંપની ૩૨૫ મિલિયન યુઝર બેઝ સાથે ત્રીજા ક્રમે છે. સમાન સમય દરમિયાન ભારતી એરટેલે તેનો બજાર હિસ્સો જાળવી રાખ્યો છે અને સબસ્ક્રાઈબર્સની દષ્ટીએ બીજા ક્રમની ટેલિકોમ કંપની બની ગઈ છે. એરટેલનો બજાર હિસ્સો ૨૮.૩૫ ટકા થયો છે. દરમિયાન અમેરિકા સ્થિત કાર્લીલ ૨૩૫ મિલિયન ડોલરમાં ભારતી એરટેલ લિ.ના ડેટા સેન્ટર એકમમાં ૨૫ ટકા હિસ્સો ખરીદવા તૈયારી કરી રહી છે. કાર્લીલ ભારતમાં ડિજિટલ સર્વિસીસની ઝડપી વૃદ્ધિનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કરી રહી છે. આ એક્વિઝિશનથી એરટેલની નેક્સ્ટ્રા ડેટા લિ.ની એન્ટરપ્રાઈસ વેલ્યૂ ૧.૨ અબજ ડોલરથઈ ગઈ છે. એરટેલ નેક્સ્ટ્રામાં બાકીનો ૭૫ ટકા હિસ્સો જાળવી રાખશે. હવે એરટેલ દરેક મોરચે તેની કટ્ટર પ્રતિસ્પર્ધી જિયોને પડકારી રહી છે. આ સ્ટોક નવી ટોચ બનાવી રહી છે. તેમાં ખરીદી કરો.

Bajaj Finance (Rs. 2931.00) (Code : 500034)

બજાજ ફાઈનાન્સ : બજાજ ફાઈનાન્સ દેશની સૌથી મોટી નોન-બેન્કિંગ કન્ઝ્યુમર ફાઈનાન્સ કંપની છે. બજાજ ફાઈનાન્સના સ્ટોકે છેલ્લા દાયકાથી વધુ સમયમાં ૬૨૬૧ ટકા, છેલ્લા પાંચ વર્ષમાં ૪૫૯ ટકા અને છેલ્લા ૩ મહિનામાં ૧૧૦ ટકા રીટર્ન આપ્યું છે. બજાજ ફાઈનાન્સે વ્યાપક સંખ્યાઓમાં તેની શાખાઓ શરૂ કરી છે. કંપની પાયાના સ્તરે સુધારાની વાત કરી રહી છે અને મોરેટોરિયમનો વિકલ્પ પસંદ કરનારા લોકોની સંખ્યા પણ ઘટી શકે છે. આ સ્ટોક મલ્ટીબેગર સ્ટોક છે અને તે આંતરરાષ્ટ્રીય તેમજ સ્થાનિક રોકાણકારોની સ્પષ્ટ પ્રથમ પસંદગી છે. માર્ચ ક્વાર્ટર મુજબ ૮૪૨ વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈસ) સંયુક્તપણે ૨૧.૧૬ ટકા હિસ્સો ધરાવે છે, જેમાં ગવર્મેન્ટ ઓફ સિંગાપોરના ૪.૫૧ ટકા હિસ્સાનો સમાવેશ થાય છે. એનબીએફસી કટોકટીનો સારી રીતે સામનો કર્યો છે અને સ્ટોકનો ગુણવત્તાપૂર્ણ કારોબાર અગાઉના તળીયેથી નોંધપાત્ર સુધર્યો છે. પ્રત્યેક ઘટાડે એકત્ર કરો.

ACC (Rs. 1314.00) (Code : 500410)

એસીસી લિ. તેની ક્ષમતામાં ૧૮ ટકા જેટલો વધારો કરી રહી છે. એસીસી રૂ. ૩,૦૦૦ કરોડના મૂડી ખર્ચથી ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં અનુક્રમે વાર્ષિક ૫.૯ મિલિયન ટન સીમેન્ટ અને ૩ એમટીપીએ ક્લિન્કર ક્ષમતા વધારશે. કંપનીની વર્તમાન સીમેન્ટ ઉત્પાદન ક્ષમતા ૩૩.૪૧ એમટીપીએ છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૨૦ સુધીમાં એસીસીના વર્તમાન ફ્રી કેશ ફ્લોને ધ્યાનમાં રાખતાં કંપની રૂ. ૪,૦૦૦-રૂ. ૪,૫૦૦ કરોડ ઊભા કરી શકે છે. તેથી રૂ. ૩,૦૦૦ કરોડની કેપેક્સ માટે આંતરિક અક્રુઅલ્સ પર્યાપ્ત હોઈ શકે છે. કોવિડ-૧૯ના કારણે આ એકમની શરૂઆત ૬-૧૨ મહિના પાછી ઠેલાયા પછી મેનેજમેન્ટને કેલેન્ડર વર્ષ ૨૦૨૨ સુધીમાં કામ શરૂ થવાની અપેક્ષા છે. વિશ્લેષકોનું માનવું છે કે નાણાકીય વર્ષ ૨૧માં બધા જ ક્ષેત્રોમાં સીમેન્ટના ભાવમાં વાર્ષિક ધોરણે ૧-૨ ટકાના સુધારાની અપેક્ષા છે. સીમેન્ટ કંપનીઓ માર્જિન વોલ્યુમ્સ જાળવે અને ભાવનો આ ટ્રેન્ડ ચાલુ રહે તેવી સંભાવના છે. પ્રત્યેક ઘટાડે એસીસી એકત્ર કરો.

Havells India (Rs. 579.00) (Code : 517354)

કન્ઝ્યુમર એપ્લાયન્સીસ અને ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ કંપની હેવેલ્સ ઈન્ડિયા લિમિટેડએ લૉકડાઉન દરમિયાન ઝડપી કામ કર્યું છે. તેના ઓફલાઈન-ટુ-ઓનલાઈન અથવા 'ઓટુઓ' બિઝનેસ મોડેલે તેના ઓફલાઈન ડીલર્સ માટે કારોબાર ચાલુ રહે અને ગ્રાહકોની સાનુકૂળતા જળવાય તેની ખાતરી રાખી હતી. હેવેલ્સ ઈન્ડિયા તેની મજબૂત બેલેન્સશીટના કારણે વધુ સારી સ્થિતિમાં હોય તેવી કંપનીઓમાંની એક છે. ૩૧મી માર્ચ સુધીમાં હેવેલ્સ પાસે રૂ. ૧૧૦૦ કરોડનું રોકડ મૂલ્ય હતું અને તેનું કોઈ દેવું નહોતું. કંપનીની મજબૂત બેલેન્સ શીટ સાથે મજબૂત બ્રાન્ડ અને તેના કોર બિઝનેસમાં ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કની તાકત તેને મેક્રો રીકવરી સાથે ઉદ્યોગમાં વધુ સારા ગ્રોથમાં મદદરૂપ થઈ શકે છે. વધુમાં વધુ લોકો નાના શહેરોમાં અથવા ગ્રામીણ વિસ્તારમાં તેમના ઘરે પાછા ફરી રહ્યા છે. તેથી નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાંથી માગ વધવાની સંભાવના છે. એકંદરે તેની સમકક્ષ કંપનીઓ કરતાં તે સારી સ્થિતિમાં છે. ખરીદો.

Disclosures : At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

Disclaimer : Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

MRF (Rs. 66117.00) (Code : 500290)

દેશની સૌથી મોટી ટાયર ઉત્પાદક કંપની એમઆરએફે ૨૦૧૯-૨૦માં ૨૫.૦૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૪૨૨.૫૭ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ કર્યો છે, જે ૨૦૧૮-૧૯માં રૂ. ૧,૧૩૦.૬૧ કરોડ હતો. ૩૧ માર્ચ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટર માટે ટાયર ઉત્પાદકે બમણાથી વધુ રૂ. ૬૭૯.૦૨ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૯ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨૯૩.૯૩ કરોડ હતો. માર્ચ ૨૦૨૦ના ક્વાર્ટરના અંતે કંપનીની આવક રૂ. ૧૦.૯૩ ટકા ઘટીને રૂ. ૩,૬૮૫.૧૬ કરોડ થઈ હતી, જ્યારે ૨૦૧૮-૧૯ના સમાન સમયમાં રૂ. ૪,૧૩૭.૬૭ કરોડની આવક થઈ હતી. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ ૨૦ માટે પ્રતિ શૅર રૂ. ૯૪ (૯૪૦ ટકા)ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. વર્ષ દરમિયાન પ્રત્યેક પેઈડ રૂ. ૩ના બે વચગાળાના ડિવિડન્ડ સાથે એગ્રેગેટ ડિવિડન્ડ રૂ. ૧૦ના પ્રત્યેક ઈક્વિટી શૅર પર રૂ. ૧૦૦ છે (૧,૦૦૦ ટકા).આ શેર તબક્કાવાર ખરીદો.

Maruti Suzuki (Rs. 5933.00) (Code : 532500)

દેશની સૌથી મોટી કાર ઉત્પાદક મારૂતિ સુઝુકીએ ગયા મહિને ૫૨,૩૦૦ યુનિટના વેચાણ સાથે ૫૩.૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો. મારૂતિ સુઝુકીએ જૂનમાં ૪,૨૮૯ યુનિટ્સની નિકાસ કરી હતી. વેચાણના આંકડા હજી પણ અગાઉના મે મહિના કરતાં વધુ સારા છે. મિનિ અને કોમ્પેક્ટ સબ સેગ્મેન્ટ્સમાં સંયુક્તપણે ૩૭,૧૫૪ યુનિટ્સનું વેચાણ થયું છે. દરમિયાન મારૂતિએ ગુરુવારે તેના વાહનોની લિઝિંગ સેવા મારૂતિ સુઝુકી સબસ્ક્રાઈબ શરૂ કરવાની જાહેરાત કરી હતી. કોવિડ-૧૯ની સાથે આર્થિક મંદીના કારણે ગ્રાહકોની વાહનો ખરીદવાની શક્તિ પર તીવ્ર અસર પહોંચી હોવાથી તેના વિવિધ મોડેલ્સને પ્રમોટ કરવા માટે કંપનીએ આ સેવા શરૂ કરી છે. વાહનોની લિઝિંગ સેવા શરૂ કરવા માટે કંપનીએ જાપાનની ઓરિક્સ કોર્પોરેશનની પેટા કંપની ઓરિક્સ ઓટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસીસ લિ. સાથે જોડાણ કર્યું છે. આ જોડાણ મારફત કંપની સબસ્ક્રિપ્શન માટે કાર આપશે, જેનો પાઈલટ પ્રોજેક્ટ ગુરુગ્રામ અને બેંગાલુરુમાં શરૂ થશે. આ વ્યૂહરચના કંપની માટે નજીકના ભવિષ્યમાં વેચાણમાં નોંધપાત્ર ઘટાડાની અપેક્ષા સેવાય છે તેવા સમયે વધારાની આવક ઊભી કરશે તેમ મનાય છે. ખરીદો.

Bharat Bijlee (Rs. 807.00) (Code : 503960)

ભારત બીજલીએ ગયા સપ્તાહે ચોથા ક્વાર્ટરના પરિણામો સારા દર્શાવ્યા છે. છેલ્લા ક્વાર્ટરમાં તેનો નેટ પ્રોફિટ ૪૭.૧૪ ટકા વધીને રૂ. ૧૪.૧૭ કરોડ થયો છે, જે માર્ચ ૨૦૧૯માં ૯.૬૩ કરોડ હતો. સમાન સમયમાં વેચાણ ૪.૭૫ ટકા ઘટીને રૂ. ૨૬૦.૦૮ કરોડ થયું છે, જે એક વર્ષ અગાઉ રૂ. ૨૭૩.૦૫ કરોડ હતું. માર્ચ ૨૦૨૦ના સંપૂર્ણ વર્ષ માટે કંપનીનો નેટ પ્રોફિટ ૯.૮૫ ટકા વધીને રૂ. ૪૫.૬૨ કરોડ થયો છે જ્યારે એક વર્ષ અગાઉ સમાન સમયમાં તે રૂ.૪૧.૫૩ કરોડ હતો. વેચાણ ૦.૩૯ ટકા ઘટીને રૂ. ૯૨૮.૭૩ કરોડ રહ્યું હતું. માર્ચ ૨૦૨૦માં ઈબીઆઈટીડીએ ૪૨.૫૯ ટકા વધીને રૂ. ૨૯.૩૬ કરોડ થયો હતો, જે માર્ચ ૨૦૧૯માં રૂ. ૨૦.૫૯ કરોડ હતો. ભારત બીજલીનો ઈપીએસ માર્ચ ૨૦૨૦માં વધીને રૂ. ૨૫.૦૭ થયો છે, જે માર્ચ ૨૦૧૯માં રૂ. ૧૭.૦૫ હતો. આ સ્ટોક તેના માર્ચ મહિનાના રૂ. ૩૭૦ના તળીયેથી બમણો થયો છે અને હાલ રૂ. ૭૮૦ના સ્તરે ટ્રેડિંગ થઈ રહ્યો છે. જોકે, હજી પણ તે રૂ. ૧૧૦૭ની તેની બાવન સપ્તાહની ટોચથી ઘણો નીચે છે. તબક્કાવાર ખરીદો.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Sakar HC (રૂ. ૬૦.૦૦) (NSE)

ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપનીની શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૬૬ અને ઘટીને રૂ. ૪૪ જોવાયો છે. આ કંપની ૧૧ એપ્રિલ ૨૦૧૯ ના રોજ એનએસઈ ખાતે લિસ્ટેડ થઈ હતી. કંપનીની સ્થાપના માર્ચ ૨૦૦૪માં પ્રા. લિમિટેડ તરીકે થઈ હતી. મુખ્ય પ્રમોટર સંજય શાહ અને મીસીસ રીટા શાહ ચે. આ કંપની અમદાવાદ ચાંગોદર નજીક ઉત્પાદન યુનિટ ધરાવે છે જે ડબલ્યુએચઓ-જીએમપી, સીજીએમપી સર્ટિફાઈડ છે. આ ઉપરાંત કંપની યુગાન્ડા, કેન્યા, યમન, ઈથોપિયા, કોંગો, ધાના, ઝીમ્બાવે વિગેરે દેશોમાં નેશનલ ડ્રગ્ઝ ઓથોરીટી ધરાવે છે. કંપની દેશ-વિદેશની ફાર્મા કંપનીઓની કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરીંગ કરે છે. હાલમાં ડોમેસ્ટિક માર્કેટ ઉપરાંત લેટિન અમેરિકા અને આફ્રિકન દેશોમાં હયાતી ધરાવે છે. કંપની ઝાયડસ, કેડિલા, સીપ્લા વિગેરેનું જોબવર્ક કરે છે. કંપનીના પ્રોડકટસ પોર્ટફોલિયોમાં Oral Liquids, Cephalosporin, Liquid Injection, Dry powder Injection and Lyophilized Injections વિગેરેનો સમાવેશ થાય છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ ના વર્ષાંતે રૂ. ૮૨.૯૮ કરોડની આવક ઉપર રૂ. ૯.૮૨ કરોડનો નેટ પ્રોફિટ જે અત્યાર સુધીનો સૌથી વધુ જોવાયો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૬૮.૨૪ કરોડની આવક ઉપર રૂ. ૬.૬૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૧૮.૨૬ કરોડની આવક ઉપર રૂ. ૨.૮૬ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૯.૪૮ કરોડની આવક ઉપર રૂ. ૨.૨૧ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કંપની શેરદીઠ રૂ. ૫૦ ના ભાવે ૨.૯૬ મીલીયનના આઈપીઓ સાથે મુડીબજારમાં પ્રવેશી હતી. કંપનીનું નવું યુનિટ માર્ચ પહેલા કાર્યરત બનશે. જેના કારણે કંપનીની આવકમાં રૂ. ૬૦ કરોડનો વધારો થશે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં કંપનીનું ટર્નઓવર ૧૭૫ કરોડ થવાની સંભાવના છે. ઉપરાંત કંપનીને જીએમપીનું સર્ટીફીકેટ મળતા તેના બજારમાં વેચાણ કરી શકશે. આ ડેબ્ટ ફ્રી કંપની કુલ આવકમાં ૮૦ ટકા વેચાણ ૪૩ દેશોમાં નિકાસ થકી થાય છે. ચીનથી આયાત થતા ઓન્કોલોજી ફોર્મ્યુલેશન અને APIની પ્રોડકટસ ઉપર પ્રતિબંધને પગલે કંપનીને પણ મોટો લાભ થશે. વર્તમાન કામગીરી ભાવી યોજનાને ધ્યાનમાં લેતા શેરનો ભાવ આગામી બે થી ત્રણ ક્વાર્ટરમાં ૧૦૦ ની સપાટીને ટચ કરે તેવી મજબુત સંભાવના.

Granules India (રૂ. ૨૦૮.૦૦) (કોડ : ૫૩૨૪૮૨)

કંપની પેરાસીટામોલની સૌથી મોટી ઉત્પાદક છે. આ ફાર્મા કંપની API, PFI અને ફીનીશ્ડ ડોસેજ સેગમેન્ટમાં સક્રિય છે અને વિશ્વના ૬૦ દેશોમાં નિકાસ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૫.૪૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૨.૯૦ ટકા અને પબ્લિક ૫૭.૧૦ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૬૧૩ કરોડથી ઘટીને રૂ.૬૦૦ કરોડ થઇ છે જયારે નફો રૂ.૬૪ કરોડથી વધીને રૂ.૯૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૨૨૭૯ કરોડથી વધીને રૂ.૨૫૯૯ કરોડ થઇ છે જયારે નફો રૂ.૨૩૬ કરોડથી વધીને રૂ.૩૩૫ કરોડ થયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૪૪૯ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૧૦૦ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપની પાસે રૂ.૧૮૧૮ કરોડથી વધારેનું રીઝર્વ છે. આ સ્ટોક છેલ્લા ઘણા સમયથી રેંજમાં ટ્રેડ કરતો હતો પણ છેલ્લા ૬ મહિનામાં કંપનીએ જોરદાર મુવ બતાવ્યો છે અને હાલમાં ઓલટાઈમ હાઈ લેવલે આવી ગયો છે. બાવન સપ્તાહ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૧૭.૩૦ અને ઘટીને રૂ.૮૪.૨૫ જોવાયો છે. માર્ચ ક્વાર્ટરમાં FPIએ કંપનીમાં ૩.૯૬ ટકા સ્ટેક વધાર્યો છે જે સ્પષ્ટ દર્શાવે છે કે સ્ટોકમાં જાણકારો એક તરફી ખરીદી કરી રહ્યા છે. સ્ટોકમાં જાણકારો સતત બુલીશ છે અને સ્ટોક ઝડપથી રૂ.૨૫૦ની સપાટીને ક્રોસ કરી શકે છે.

Bharat Electronics (રૂ. ૯૭.૦૦) (કોડ : ૫૦૦૦૪૯)

ડિફેન્સ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૨ અને ઘટીને રૂ. ૫૬ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૧.૧૪ ટકા અને પબ્લિક હોલ્ડિંગ ૪૮.૮૬ ટકા છે. ૧૯૫૪માં સ્થપાયેલી બીઈએલ ભારત સરકાર દ્વારા પ્રમોટ થયેલી નવરત્ન કેટેગરીની કંપની જે ડિફેન્સ સેગ્મેન્ટમાં મોટાપાયે કાર્યરત છે. કંપની હોલેન્ડ સીક્યુરીટી, સ્માર્ટ સીટી, સોલાર એનર્જી, સ્પેસ ઈલે., નેટવર્ક અને સપ્લાયર સિક્યુરીટી જેવા કાર્યક્ષેત્રમાં સક્રિય છે. ઈલેક્શનમાં વપરાતા વોટીંગ મશીન કંપની બનાવે છે. ૧ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં કંપનીની ઓર્ડરબુક રૂ. ૫૧૯૭૦ કરોડની હતી. નાણાંકીય વર્ષ

Cont...

૨૦૧૯-૨૦ માંટોટલ ઓર્ડર રૂ. ૧૩૨૦૦ કરોડ કંપનીને મળેલ છે. તેમાં એક્સપોર્ટ ઓર્ડર ૪૮.૫૯ ડોલર મીલીયન નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં હતા. કંપનીએ ફાઈનલ ડિવિડંડ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે પ્રતિ શેર રૂ. ૧.૪૦ જાહેર કર્યું છે. રૂ. ૨૧૮૬૮.૪૨ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ બુકવેલ્યુ રૂ. ૩૭.૦૧ છે. ગત વર્ષે કંપનીએ ૩૪૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૩.૭૯ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ આવકમાં ૪૯.૧૮ ટકાની વૃધ્ધિ સાથે રૂ. ૫૮૧૬.૭૭ કરોડ નોંધાવી છે અને નેટ નફામાં ૭૪.૨૭ ટકાના જંગી ઉછાળા સાથે રૂ. ૧૦૪૬.૯૭ કરોડનો નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૮૯૯.૨૮ કરોડની આવક ઉપર રૂ. ૫૯૦.૫૮ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. સરકારનું ફોકસ મેક ઈન ઈન્ડિયા ઉપર ડિફેન્સ સેક્ટર ઉપર છે જેમાં સૌથી મોટો લાભ બીઈએલને મળી શકે છે. સંપૂર્ણ ડેબ્ટ ફ્રી આ કંપનીનો શેર ટુંકાથી મધ્યમગાળે તેની બાવન સપ્તાહની સપાટી ક્રોસ કરી નવું ટોપ બનાવતો જોવાય.

HUDCO (રૂ. ૩૩.૮૦) (કોડ : ૫૪૦૫૩૦)

હાઉસીંગ ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૪૫ અને ઘટીને રૂ. ૧૮ જોવાયો છે. હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ના નામે ઓળખાતી આ કંપનીની સ્થાપના ૧૯૭૦માં થઈ હતી. આ સરકારી કંપનીનો ૨૦૧૭માં રૂ. ૬૦ ના ભાવે આઈપીઓ આવ્યો હતો. આ આઈપીઓને ખુબજ સારો પ્રતિસાદ મળ્યો હતો. લિસ્ટીંગ બાદ શેરનો ભાવ રૂ. ૧૦૦ ની સપાટીને સ્પર્શ્યા બાદ સતત ઘટીને રૂ. ૨૮ જોવાયો હતો. કંપનીમાં પ્રમોટર હોલ્ડિંગ ૮૯.૮૧ ટકા અને પબ્લિક ૧૦.૧૯ ટકા છે. માર્કેટકેપ રૂ. ૬૯૩૬.૫૮ કરોડ, બુકવેલ્યુ રૂ. ૬૩.૨૬ છે. ગત વર્ષે કંપનીએ ૮.૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૨.૩૮ ટકા થવા જાય છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ ના નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૦.૩૪ ટકા લોનમાં વૃદ્ધિ કરી છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ નેટ નફામા ૮૬.૬ ટકાના જંગી ઉછાળા સાથે રૂ. ૪૪૦.૯૧ કરોડ અને નેટ આવકમાં ૨૭.૩ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૧૯૦૦.૪૦ કરોડ દર્શાવી છે જ ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૪૯૫.૩૫ કરોડની આવક ઉપર રૂ. ૨૩૬.૩૭ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. કંપનીના આ સંગીન પરિણામોને પગલે સ્ટોકમાં ૨૦ ટકાની અપર સર્કિટ જોવાઈ હતી.

NOCIL (રૂ. ૮૯.૦૦) (કોડ : ૫૦૦૭૩૦)

સ્પેશ્યાલીટી કેમિકલ્સ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૭ અને ઘટીને રૂ. ૪૪ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૩.૭૩ ટકા અને પબ્લિક ૬૬.૨૭ ટકા છે. કંપની માટે યુ.એસ અને રશિયાના માર્કેટમાં તકો વધી રહી છે. ચીન અને ભારતમાં મંદી ચિંતાજનક છે. ટાયર મેજર્સ અને ડોમેસ્ટિક કેપેક્સ રૂ. ૧૫૦-૧૮૦ બીલીયન જ્યારે ગ્લોબલ કેપેક્સ યુએસડી ૧૦ બીલીયનનો કંપનીને લાંબાગાળાની તકો રહેલી છે. વૈશ્વિક રબ્બર કેમિકલ્સમાં માર્કેટમાં માંગ પુરવઠાની ચુસ્ત પરિસ્થિતિ આગામી સમયમમાં ક્ષમતા બમણી થવાની મજબુત સંભાવના છે. અરવિંદ મફતલાલ ગ્રુપની આ કંપનીને કોરોના વાયરસને કારણે ચીનની સ્પેશ્યાલીટી કેમિકલ્સ કંપનીઓન પડી રહેલી મુશ્કેલીનો મોટો લાભ મળી રહ્યો છે. સતત પાંચ વર્ષથી આકર્ષક ડિવિડંડનો ટ્રેક રેકોર્ડ ધરાવતી આ કંપની ઈન્વેસ્ટર ફ્રેન્ડલી છે. રૂ. ૧૪૬૦.૬૪ કરોડની માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૨.૮૩ ટકા થવા જાય છે. બુકવેલ્યુ રૂ. ૭૧.૦૧ છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૨૧૫.૭૮ કરોડની આવક ઉપર રૂ. ૨૧.૮૭ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૨૪૩.૯૪ કરોડની આવક ઉપર રૂ. ૩૬.૧૭ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. આ સેક્ટરની હરિફ કંપનીઓ ૨૦.૫૦ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહી છે ત્યારે ચાલુ વર્ષની અંદાજીત ઈપીએસના માત્ર ૧૦ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થતો આ સ્ટોક આકર્ષક વેલ્યુએશન ધરાવે છે.

(SEBI Registered Research Analyst)

Disclosure :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 3rd July 2020 unless specified o Stoploos is useful for Short-Medium term investors only •

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

HDFC Life (રૂ. ૫૭૨.૦૦) (કોડ : ૫૪૦૭૭૭)

BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૪૬.૪ અને ઘટીને રૂ.૩૩૯.૧૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૫૫૨૬ કરોડ છે. કંપની રૂ.૨૯૦ના ભાવે ૨૦૧૭ના અંતમાં આઈપીઓ લાવી હતી અને લીસ્ટીગ બાદ કંપનીએ ઘણો સારો દેખાવ દર્શાવ્યો છે. કંપનીને એચડીએફસી અને વિદેશી કંપની સ્ટાન્ડર્ડ લાઈફ દ્વારા પ્રમોટ કરવામાં આવી હતી. કંપનીની ઇક્વિટી રૂ.૨૦૧૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૭૮૨ કરોડનું રીઝર્વ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂ.૩૬૫ કરોડથી ઘટીને રૂ.૩૧૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ની વાત કરીએ તો કંપનીનો નફો રૂ.૧૨૭૮ કરોડથી વધીને રૂ.૧૨૯૭ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૬.૪૨ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક વેલ્યુએશનની દ્રષ્ટીએ મોંઘો લાગી રહ્યો છે પણ કંપની એચડીએફસીનું બેકિંગ ધરાવે છે જેના લીધે હરીફો કરતા ઊંચા વેલ્યુએશન હાંસલ કરી રહી છે અને ઈન્સ્યુરન્સ સેક્ટર ભારતમાં ખુબજ ઝડપથી ગ્રોથ કરતુ સેક્ટર છે અને આવનાર વર્ષોમાં અહી મોટા પાયે ગ્રોથ જોવા મળવાનો છે એનો ફાયદો કંપનીને મળી શકે છે. હાલમાં જ આ સ્ટોક વેદાન્તાની જગ્યાએ નિફ્ટીનો પાર્ટ થઇ રહ્યો છે જેના લીધે ફંડોને વેઇટેજ સ્ટોકમાં વધતું જોવાશે. કંપનીમાં હવે પ્રમોટર્સ પાસે ૬૩.૬૯ ટકા, એફઆઈઆઈ પાસે ૨૧.૦૭ ટકા અને મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૪.૪૫ ટકા સ્ટેક છે. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય.

Finolex Cable (રૂ. ૨૯૨.૦૦) (કોડ : ૫૦૦૧૪૪)

ફિનોલેક્ષ કેબલની વાત કરીએ તો કેબલ સેગમેન્ટમાં આ કંપની મજબુત બ્રાન્ડ ધરાવે છે અને ફિનોલેક્ષ કેબલ પુણે, ગોવા અને ઉત્તરાખંડ ખાતે પ્લાન્ટ ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૩૩ અને ઘટીને રૂ.૧૬૫ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૦.૫૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૬૮૮ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૩૫.૯૨ ટકા અને પબ્લીક ૬૪.૦૮ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૨૮૭૭ કરોડના વેચાણ ઉપર રૂ.૩૯૧ કરોડનો નફો અને રૂ.૨૫.૫૭ની ઈપીએસ હાંસલ કરી છે જયારે માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૮૨૩ કરોડથી ઘટીને રૂ.૬૫૧ કરોડ થયું છે. કંપનીનો નફો રૂ.૧૨૪ કરોડથી ઘટીને રૂ.૬૪ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૪.૨૨ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૪૮૦ કરોડ છે. કંપની કેબલ સેગમેન્ટમાં મોટો માર્કેટ હિસ્સો ધરાવે છે અને બીજા પ્રોડક્ટો પણ લોન્ચ કરીને માર્કેટિંગ કરી રહી છે. વર્તમાન ભાવે પણ આ સ્ટોક આકર્ષક લાગી રહ્યો છે. પોર્ટફોલિયોમાં સમાવી શકાય. સ્ટોકમાં હાલમાં ભાવથી ડાઉન સાઈડ લીમીટેડ છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો પાસે ૧૯.૧૭ ટકા અને એફઆઈઆઈ પાસે ૭.૪૮ ટકા સ્ટેક છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૨૨૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૭૫ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે. નબળા પરિણામો છતાં કંપનીએ ડીવીડન્ડ વધાર્યું છે જે મેનેજમેન્ટનો કંપનીના ઉજ્જવળ ભવિષ્યમાં રહેલ વિશ્વાસ બતાવે છે.

RITES (રૂ. ૨૬૨.૦૦) (કોડ : ૫૪૧૫૫૬)

૧૯૮૪માં સ્થપાયેલી આ સરકારી કંપની થોડા સમય પહેલા આઈપીઓ લાવી હતી અને લીસ્ટીગ બાદ સ્ટોકમાં મજબુત તેજી જોવાઈ છે. કંપની ટ્રાન્સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા સેક્ટરમાં હાજરી ધરાવે છે. કંપની કન્સલ્ટન્સી સર્વિસીસ, ટર્નકી કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ, રોલિંગ સ્ટોક, ઈક્વિપમેન્ટ અને સ્પેર્સની નિકાસ તેમજ રેલ્વે રોલિંગ સ્ટોક અને ઈક્વિપમેન્ટનું લીઝીગ જેવા કામ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૫૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૩૮૩ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૨.૦૨ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૪.૯૧, અન્ય ડીઆઈઆઈ ૧૦.૯૧ ટકા અને પબ્લિક માત્ર ૮.૬૮ ટકા હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૨૦૪૭ કરોડથી વધીને રૂ.૨૪૭૪ કરોડ થયું છે જયારે કંપનીનો નફો રૂ.૪૭૦ કરોડથી વધીને રૂ.૬૧૬ કરોડ થયો છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૩૧ અને ઘટીને રૂ.૧૯૧ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૬૫૬૨ કરોડ છે. કંપનીના હાથ ઉપર રૂ.૬૦૦૦ કરોડથી વધારેના પ્રોજેક્ટ છે જે આવનાર ઘણા વર્ષો સુધીના વેચાણ માટે પૂરતા છે અને કંપનીને મોટા પાયે નવા ઓર્ડર્સ પણ મળી રહ્યા છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૬૦ ટકા અને બાદમાં ૪૦ ટકાનું એટલે કે ટોટલ ૧૦૦ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું છે અને ૬૦ ટકાનું ફાયનલ ડીવીડન્ડ પણ જાહેર કર્યું છે મતબલ કે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૬૦ ટકા ડીવીડન્ડ આપ્યું છે અને વર્તમાન ભાવે આખા વર્ષના ડીવીડન્ડથી ક્વોટ કરીએ તો ૬ ટકા યીલ્ડ થવા જાય છે જે આર્કષક કહી શકાય.

Cont....

Exide Industries (રૂ. ૧૫૩.૦૦) (કોડ : ૫૦૦૦૮૬)

ઓટોમોબાઈલ સેક્ટર માટે બેટરી બનાવતી આ કંપની દેશની સૌથી મોટી કંપની ગણાય છે અને માર્કેટ લીડર તરીકેની પોઝીશન કંપનીએ ગણા વર્ષોથી જાળવી રાખી છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ એક્સાઈડ ઇન્ડિયાના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૧૦ અને ઘટીને રૂ.૧૨૧.૯ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૮૫ કરોડ છે જેની સામે કંપની રૂ.૬૩૮૨ કરોડનું જંગી રીઝર્વ ધરાવે છે. કંપનીઓમાં પ્રમોટરો ૪૫.૯૯ ટકા અને પબ્લિક ૫૪.૦૧ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના કોર બિઝનેસની વાત કરીએ તો કંપની દેશ ભરમાં ૭ પ્લાન્ટો ધરાવે છે અને એક્સાઈડ અને એસએફ સોનિક જેવી મજબુત બ્રાન્ડો ધરાવે છે. કંપની ઓટોમોટીવ સિવાય ઈન્ડસ્ટ્રીયલ અને સબમરીન સેગમેન્ટ માટે પણ બેટરી બનાવે છે. જોકે કંપનીના વેચાણમાં સૌથી વધારે હિસ્સો ઓટોમોટિવ સેગમેન્ટનો જ છે અને ઓટોમોબાઈલ સેક્ટર તેના ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. જોકે આ સેગ્મેન્ટમાં આવનાર સમયમાં રિપ્લેસમેન્ટ માર્કેટની માંગ યથાવત રહી શકે છે જે એક પોઝીટીવ વાત બની શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૧૪૭૨૧ કરોડથી ઘટીને રૂ.૧૪૪૭૧ કરોડ થઈ છે જયારે નફો રૂ.૮૪૬ કરોડથી ઘટીને રૂ.૭૭૭ કરોડ થયો છે. કંપનીએ વર્ષમાં રૂ.૯.૧૪ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૩૦૩૫ કરોડ છે. કંપની ઈન્સ્યુરન્સ સબસીડીયરી પણ ધરાવે છે. ઈન્સ્યુરન્સ કંપનીઓને જે રીતે ઉંચા વેલ્યુએશન મળી રહ્યા છે એ જોતા એક્સાઈડની સબસીડીયરીમાં પણ વેલ્યુઅનલોકીગ થતું જોવા મળી શકે છે. સ્ટોકમાં મોટું કરેકશન જોવાઈ ગયું છે ત્યારે વર્તમાન ભાવથી નીચા મથાળે રોકાણ માટે વિચારી શકાય.

Mangalam Cement (રૂ. ૧૯૫.૦૦) (કોડ : ૫૦૨૧૫૭)

મંગલમ સિમેન્ટની શરૂઆત ૧૯૭૮માં બી કે બિરલા ગ્રુપ દ્વારા કરવામાં આવી હતી. કંપની કોટા નજીક પોતાનો સિમેન્ટ પ્લાન્ટ ધરાવે છે અને ક્ષમતા ૨ મિલિયન ટન પ્રતિ વર્ષથી વધારે છે. કંપની બિરલા ઉત્તમ સિમેન્ટ બ્રાન્ડથી સિમેન્ટનું વેચાણ કરે છે. આ સિવાય કંપની ૪૮.૬૫ મેગા વોટનો કેપ્ટિવ પાવર પ્લાન્ટ પણ ધરાવે છે. કંપનીએ ઉત્તર પ્રદેશના અલીગઢ ખાતે ૧.૨૫ એમટીપીએની ક્ષમતાનો ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ સ્થાપ્યો છે અને આ પ્લાન્ટ માટે કંપનીએ કુલ ૪ બિલિયનનું રોકાણ કર્યું છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૬.૬૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૪૯ કરોડનું જંગી રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ સિમેન્ટ કંપનીઓ માટે મજબુત રહ્યું છે જેમાં કંપનીએ મજબુત પરિણામો દર્શાવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૧૧૯૫ કરોડથી વધીને રૂ.૧૨૨૮ કરોડ થયું છે જયારે કંપનીએ રૂ.૧૦ કરોડની નુકશાની સામે રૂ.૭૬ કરોડનો નફો હાંસલ કરીને જબરદસ્ત ટર્નએરાઉન્ડ દર્શાવ્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૨૮.૪૩ની ઈપીએસ હાંસલ કરી છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૩૯.૯ અને ઘટીને રૂ.૧૧૫.૬૫ જોવાયો છે. કંપની તેના શેર હોલ્ડરોને રેગ્યુલર સુંદર ડિવિડન્ડ ચુકવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯માં કંપનીએ નુકશાની કરી હોવા છતાં ૫ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૧૦ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે. કંપનીમાં પ્રમોટરો ૨૦.૮૩ ટકા સ્ટેક ધરાવે છે અને છેલ્લા એક વર્ષમાં કંપનીમાં પ્રમોટરોએ મોટા પાયે શેર્સ ખરીધ્યા છે અને હાલમાં પણ પ્રમોટર્સ સતત ખરીદી કરી રહ્યા છે.

Disclosures **as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " *(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



કોરોનાની હોળી - શેરબજારમાં દિવાળી

એક બાજુ કોરોનાનો કહેર વધતો જાય છે તેમ તેમ બજારોમાં તેજી વધતી જાય છે. ઓપરેટરો રોજ નવી નવી ઈન્ડ.ને પકડીને ચલાવે છે. શહેરના બજારો જોવો કે શેરબજારને જોવો તો કોરોનાને ભુલી જવાયું છે. ભારતમાં નહીં પણ વિશ્વના બજારોમાં આ જ હાલ છે.

હવે આવનારા દિવસોમાં કંપનીઓના પરિણામો આવશે એના પર થોડો મદાર રહેશે. બજારમાં કોર્પોરેટ રીઝલ્ટસની ધારણા એટલી બધી ખરાબ છે કે જાહેર થયેલા પરિણામો - ધારવા કરતા સારા લાગે છે અને એ કંપનીઓના શેરોના ભાવો થોડા ઘટીને ઉપર આવી જાય છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા :- ગયા અઠવાડિયે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા મંદીવાળાના હાથમાં છે એમ લખેલું. બુધવાર સુધીમાં ૫૧૦ તુટતા ભાવ ૪૯૫ સુધી ઘટ્યો હતો. રૂ. ૫૧૦ ગુરૂવારે વોલ્યુમ સાથે કુદાવી રૂ. ૫૩૦ પર બંધ રહેતા તેજી વાળાએ પકક્ડ પાછી મેળવી લીધી છે. ૫૨૦ નો સપોર્ટ લેવલ ગણવો. હવે ૫૪૦ પણ પાર થઈ શકે છે.

મધરસન સુમી :- કંપનીએ ડીમર્જર પ્લાનનને મંજુરી આપી દીધી છે. કંપની એકબીજી કંપનીના શેરો પણ આપશે અને તેને શેરબજારમાં લિસ્ટીંગ કરાવશે. આ પછી કંપની સમવર્ધના મધરસનના નામે લીસ્ટ થશે. આ લખાય છે ત્યારે શેરનોભાવ રૂ. ૧૦૨ છે અને ટુંકાગાળામાં ભાવ રૂ. ૧૧૦ થઈ શકે છે. આ શેર ધીરે ધીરે રૂ. ૧૨૫ જેટલો થવાની ક્ષમતા છે. ઓટોમોબાઈલ્સમાં તેજી સાથે આ કંપનીમાં પણ ધીરે ધીરે તેજી તરફી રાહ પકડતી જોવાય.

આરઈસી :- આ શેરનો ભાવ ૧૧૪ થી ૧૦૮ આવ્યો છે. આ શેરમાં વધગટ રોજના ધોરણે સારી થાય છે. આમા ધ્યાન નબળાઈ તરફ છે. રૂ. ૧૧૦ ની આસપાસ રૂ. ૧૧૨ ના સ્ટોપલોસ સાથે વેચીને વેપાર ગોઠવી શકાય. શેરનોભાવ ૧૦૭ થઈ શકે છે.

બેન્ક નિફટી :- ગુરૂવારે બેન્ક નિફટીમાં ઉપરની રેન્જથી થોડો ઘટાડો જોવાયો હતો. ૨૧૮૭૫ નો સપોર્ટ ધ્યાનમાં રાખવો. ૨૧૬૦૦ નો સ્ટોપલોસ રાખવો. ૨૨૧૫૦/૨૨૨૨૫/૨૨૨૭૫ પ્રતિકારક સપાટી છે ત્યાં નફારૂપી વેચવાલી આવી શકે છે.

રિલાયન્સ :- જો શેરનો ભાવ બે દિવસ લગલગાટ ૧૭૭૫ ની ઉપર રહે તો શેર ઝડપથી રૂ. ૧૮૪૦ થઈ શકે છે.

નિફટી જ્યાં સુધી ૧૦૫૫૦ ની ઉપર બંધ રહશે ત્યાં સુધી માર્કેટ તેજી વાળાના હાથમાં રહે.

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

વેક્સીન ધાર્યા કરતા વહેલી આવવાની અપેક્ષાએ ગ્લોબલ માર્કેટ્સમાં બુલીશ સેન્ટિમેન્ટ યથાવત

અમેરિકામાં કોરોનાના કેસો વધી રહ્યા છે અને હવે તો એક દિવસમાં ૫૦,૦૦૦થી વધારે નવા કેસો આવી રહ્યા છે તો ભારતમાં પણ રોજના ૨૦,૦૦૦થી વધારે કેસો નોંધાઈ રહ્યા છે જોકે બીજી તરફ હવે રીકવરી રેટ વધી રહ્યો છે જેના લીધે માર્કેટ હવે કોરોનાના કેસોની વધતી સંખ્યાને અવગણી રહ્યું છે જયારે બીજી તરફ ગત સપ્તાહે અમેરિકામાં ફાઈઝર કંપનીને વેક્સીનના ટ્રાયલમાં સફળતા મળ્યાના ન્યુઝે માર્કેટમાં સેન્ટિમેન્ટ બદલવાનું કામ કર્યું હતું તો ભારતમાં પણ આઈસીએમઆરે જણાવ્યું છે કે ભારત બાયોટેક સાથે મળીને ૧૫ ઓગસ્ટ સુધીમાં વેક્સીન લોન્ચ કરી શકે છે. આ એનાઉન્સમેન્ટ બાદ હવે ૧૫ ઓગસ્ટ સુધી કોઈ પણ ઘટાડે માર્કેટમાં સારી એવી લેવાલી આવી શકે છે તો બીજી તરફ ઘણી કંપનીઓના માર્ચ ક્વાર્ટરના પરિણામો બાકી છે જે આવનાર દિવસોમાં પોસ્ટ થશે જયારે અનેક કંપનીઓના જુન ક્વાર્ટરના પરિણામો પણ આ સપ્તાહથી શરુ થશે જેને આધારિત પણ માર્કેટમાં મુવમેન્ટ જોવાઈ શકે છે.

નિફ્ટીમાં ૧૦૫૩૫ અને ૧૦૬૭૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની મુવમેન્ટ જોવાશે.

ભલામણો ઉપર નજર

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
25th May 20	Tyche Industries	101	149	48%
1st June 20	Kanchi Karpooram	211	324	54%
8th June 20	Talbros Auto	102	120.5	18%

DENORA INDIA LTD (590031 & NSE) (211) (Face Value Rs.10)

ડેનોરા ઇન્ડિયા એક એમએનસી કંપની છે જેમાં વિદેશી પ્રમોટર્સ ૫૩.૬૮ ટકા સ્ટેક ધરાવે છે. ડેનોરા ગ્રુપ કલોર આલ્કલી ઈન્ડસ્ટ્રી માટે કેથોડ અને એનોડ, ઈલેક્ટ્રોક્લોરીનેટર્સ, કેથોલીક પ્રોટેક્શન સીસ્ટમ જેવા પ્રોડક્ટ્સ બનાવે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૫.૩૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૬.૦૨ કરોડનું રીઝર્વ છે. માર્ચ ક્વાર્ટર અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ બમ્પર નંબર પોસ્ટ કર્યા છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ.૩.૯૦ કરોડની નુકશાની સામે રૂ.૨.૨૦ કરોડનો નફો હાંસલ કર્યો છે જયારે વેચાણ ૨૧૩ ટકા વધીને રૂ.૧૩.૨૪ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૪૧૧ ટકા વધીને રૂ.૮.૧૩ કરોડ થયો છે જયારે વેચાણ ૪૭ ટકા વધીને રૂ.૪૮.૨૮ કરોડ થયું છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૩.૮ના નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. જાન્યુઆરી ૨૦૧૮માં શેરનો ભાવ રૂ.૬૩૩.૫૫ હતો જેની સામે હાલમાં સ્ટોક ૬૭ ટકા નીચે ક્વોટ થઇ રહ્યો છે અને રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૧૯૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

Cont...

ASM TECHNOLOGIES LTD (526433) (67) (Face Value Rs.10)

૧૯૯૨માં સ્થપાયેલી એએસએમ ટેકનોલોજીસ બિઝનેસ સિસ્ટમ્સ, એન્જીનીયરીંગ સર્વિસીસ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસીસ અને ટેકનોલોજી સોલ્યુશન જેવા સેગમેન્ટમાં વર્લ્ડ ક્લાસ કન્સલ્ટીંગ સર્વિસીસ પૂરી પાડે છે. કંપની ભારત ઉપરાંત સિંગાપુર, યુએસએ અને યુકેમાં પણ સર્વિસીસ પૂરી પાડે છે. કંપની ખાસ કરીને ઓઈલ એન્ડ ગેસ, ટેલીકોમ, રીટેઈલ, પ્રોડક્ટ એન્જીનીયરીંગ, ડીફેન્સ, સુગર અને અન્ય ઈન્ડસ્ટ્રીઝને પણ સર્વિસીસ પૂરી પાડે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૫.૪૦ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૧૦૦.૮૦ જેટલી મોટી છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ સુદર ટર્નએરાઉન્ડ પરિણામો હાંસલ કર્યા છે. કંપનીની આવક ૧૭ ટકા વધીને રૂ.૨૬.૦૯ કરોડ થઈ છે જયારે કંપનીએ રૂ.૬૨ લાખની નુકશાની સામે રૂ.૪.૮૮ કરોડનો નફો હાંસલ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૨૫ ટકા ડીવીડન્ડ ચુકવનાર આ કંપનીનો સ્ટોક વર્તમાન ભાવે રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે ત્યારે જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૬૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

GPT INFRAPROJECTS LTD (533761 & NSE) (26.55) (Face Value Rs.10)

૧૯૮૦માં સ્થપાયેલી જીપીટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ કોલકતાના જીપીટી ગ્રુપની કંપની છે. કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્લીપર એમ બે સેગ્મેન્ટમાં કાર્યરત છે. કંપની ખાસ કરીને રેલ્વે માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં કામ કરે છે અને રેલ્વેમાં છેલ્લા થોડા સમયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર મોટા પાયે કામ થઈ રહ્યું છે જેના લીધે આ કંપનીને પણ મોટા પાયે ઓર્ડર્સ મળી રહ્યા છે. સ્લીપર સેગ્મેન્ટમાં કંપની ભારતમાં અને આફ્રિકામાં રેલ્વે માટે કોન્ક્રીટ સ્લીપર્સ બનાવે છે. કંપનીના મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, સાઉથ આફ્રિકા અને નામિબિયા ખાતે આવેલા છે. કંપનીના હાથમાં રૂ.૧૬૦૦ કરોડથી વધુના જંગી ઓર્ડર્સ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૫૭૭.૬૦ કરોડથી વધીને રૂ.૬૧૮.૦૧ કરોડ થઈ છે જયારે નફો રૂ.૧૧.૭૬ કરોડથી વધીને રૂ.૧૫.૦૪ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૫.૧૭ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૫.૧ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૧૫ ટકાનું ડીવીડન્ડ જાહેર કર્યું છે અને વર્તમાન ભાવે આ સ્ટોકમાં ૫.૬૫ ટકાનું અતિઆર્કષક ડીવીડન્ડ યીલ્ડ છૂટી રહ્યું છે. સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૩ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

પ્રાયમરી માર્કેટ

- *Dilip K. Shah*

ભારતીય શેરબજારોમાં તેજીનો પવન ફૂંકાતા નિફ્ટીએ ૧૦,૬૦૦ અને સેન્સેક્સે ૩૬૦૦૦ ની સપાટી કુદાવી

સેકન્ડરી માર્કેટમાં જોરદાર રિકવરીથી પ્રાયમરીમાર્કેટમાં ત્રણ મહિનાના એક્શન બાદ જોરદાર હલચલ

મેઈનબોર્ડના ૩૧ IPOને સેબીની મંજુરી પ્રાપ્તહોવાથી આગામી સમયમાં માર્કેટ ધમધમતુ જોવાશે

જુલાઈમાં મેઈનબોર્ડના IPO Rossari, Yes Bank FPO અને A.B. Fashion ના રાઈટ ઓફરનું આગમન

Rossari Biotechનો રૂ. ૫૦૦ કરોડનો IPO ૧૩ જુલાઈએ ખુલી ૧૫ જુલાઈએ બંધ થશે

Yes Bankનો FPO જુલાઈના મધ્યમાં ખુલવા વકી : ઓફરભાવ રૂ. ૧૨-૧૫ની વચ્ચે ૫૦% ડિસ્કાઉન્ટે આવી શકે

A.B. Fashionનો રૂ. ૯૯૫ કરોડનો રાઈટ ઈસ્યુ રૂ. ૧૧૦ની ઓફરે ૮ જુલાઈએ ખુલી ૨૨ જુલાઈએ બંધ થશે

Bonlon Ind. નો રૂ. ૨૮ ના ફિક્સ્ડ ભાવનો BSE SME IPO અંતિમ દિવસે ૧.૩૬ ગણો ભરાયો

Muthoot Fin.Corp. NCDS ઈસ્યુને ઉંચા કુપન રેટ - રેટિંગને કારણે આરંભથી જ સારો પ્રતિસાદ

કોરોના વાઈરસને કારણે ભારત સહિત વૈશ્વિક શેરબજારો પર છવાયેલ મંદીના માતમની ગંભીરતા ધીમે-ધીમે ઓસરી રહી છે અને લગભગ જુન મહિનાના આરંભથી એકાએક પ્રર્વતેલ રિકવરીને પગલે ગ્લોબલ માર્કેટમાં પોઝીટીવ 'U' ટર્ન લઈ ચુકેલ છે. ખાસ કરીને U.S. અને ભારતીય શેરબજારોમાં જુન ક્વાર્ટરમાં છેલ્લાં ૧૧ વર્ષોમાં શ્રેષ્ઠ બની રહ્યું છે. છેલ્લાં ત્રણ મહિનામાં નિફ્ટીમાં ૧૪.૬૪ ટકાનો અને સેન્સેક્સમાં ૧૯.૮૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. જેમાં જુન મહિનામાં આ બન્ને સૂચકાંકો ૭ ટકાથી વધુ ઉછળી ચુક્યા છે. ઉપરાંત હાલમાં બન્ને સૂચકાંકો બાવન સપ્તાહની ઉચ્ચતર સપાટીથી લગભગ ૧૦ થી ૧૧ ટકા નીચે છે. હાલમાં નિફ્ટી ૧૦૬૦૦ અને સેન્સેક્સ ૩૭૦૦૦ ની સપાટી કુદાવી ચુક્યા છે.

આમ સેકન્ડરી માર્કેટમાં પ્રર્વતેલ તેજીના તોફાનની અસર પ્રાયમરીમાર્કેટ પર જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ કેલેન્ડર વર્ષ દરમ્યાન મુડીબજારમાં મેઈનબોર્ડના બે IPO માર્કેટમાં પ્રવેશ્યા હતા જેમાં ૪ માર્ચે આવેલ Antony Waste Handling નો IPO રોકાણકારોના નબળા પ્રતિસાદને કારણે પાછો ખેંચાયો હતો જ્યારે SBI Cards ના IPOનું લિસ્ટીંગ તા. ૧૬ માર્ચ ૨૦૨૦ ના રોજ થયું હતું ત્યારબાદ લગભગ ૧૦૦ દિવસોના સમય વીતી ચુક્યો છે. લોકડાઉન અને માર્કેટમાં અસ્થિરતા તેમજ નેગેટિવ સેન્ટિમેન્ટને કારણે કોઈ પણ કંપનીએ મુડીબજારમાં પ્રવેશવા હિંમત કરી ન હતી.

જો કે, હાલમાં બદલાઈ રહેલ પરિસ્થિતિને કારણે પ્રાયમરીમાર્કેટમાં પણ હલચલ જોવા મળી રહી છે. ગત સપ્તાહો દરમ્યાન SMEના ત્રણ IPOનું માર્કેટમાં આગમન થઈ ચુક્યું છે અને ત્રણે ઈસ્યુઓ માર્કેટમાંથી સફળતાપૂર્વક પાર ઉતરી ચુક્યા છે. આ સાથે સાથે ડેટ માર્કેટમાં NCDs ઈસ્યુઓ પણ એક પછી એક માર્કેટમાં પ્રવેશી રહ્યા છે.

આગામી સપ્તાહના Main - line IPO પર એક નજર (Non SME)

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Listing	Lead Manager
1	Rossari Biotech (Book Building)	13-7-2020 to 15-7-2020 (Likely)	Fresh Issue : Rs. 50 Cr. OFS : 1,05,00,000 Eq. Shares	Price Will be announced on 8th July	BSE NSE	Axis Bank, ICICI Securities Registrar : Link Intime India Pvt. Ltd.

Cont...

Rossari Biotechના IPOનો પ્રાઈસબેન્ડ ૮ જુલાઈએ જાહેર થવા વકી

સેબીએ CAMSના IPOમાં સ્પષ્ટતા માંગી : MindSapce એ રિવાઈઝ્ડ DRHP ફાઈલ કરાવ્યા

Billwin Ind. ના BSE SME IPOનું ડિસ્કાઉન્ટભાવે લિસ્ટીંગ : હાલમાં જોરદાર ઉછાળો

Non Convertible Debenture (NCD) Issues at a Glance

Sr	Company	Issue Open Issue Close	Bond size (Rs. Cr.)	F.Value (Rs.)	Min. App.	Listing	Rating	Recomm.
1.	Muthoot Fincorp.	29-6-2020 to 17-7-2020	Base Size of Rs.100 Cr. with an option to Retain Oversubscription up to Rs.60 Cr. Aggregating Rs.160 Cr.	1,000/-	10 NCDs (Rs.10,000)	BSE	CRISIL A/Stable BWR A+/Stable	••••
				Lead manager : Vivro Financial Services				

આમ લગભગ ત્રણ મહિના લાંબા વેકેશન બાદ ટનલથી બહાર Silver Line એટલે કે, આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. છેલ્લાં અહેવાલો અનુસાર અત્યાર સુધી માર્કેટથી અલિપ્ત રહેલા મેઈનબોર્ડ પર મુંબઈ સ્થિત Rossar Biotech જુલાઈ મહિનાના મધ્ય ભાગમાં માર્કેટમાં પ્રવેશવા સજ્જ બન્યા છે. ઉલ્લેખનીય છે કે, આ IPO તા. ૧૮ માર્ચ ૨૦૨૦ ના રોજ માર્કેટમાં લોંચ થવાનો હતો પરંતુ માર્કેટમાં અનિશ્ચિત્તાને કારણે પાછો ઠેલાયો હતો. આ ઉપરાંત પ્રાયમરીમાર્કેટમાં જુલાઈના બીજા સપ્તાહમાં યસ બેન્કનો ઓફર પોર સેલ તેમજ આદિત્ય બિરલા ફેશનના રાઈટ ઈસ્યુનું પણ આગમન થઈ રહેલ છે.

Listing Information of Billwin Industries

BSE Code	543209
Listing Date	30-6-2020
Offer Price	Rs. 37.00
Listing Price	Rs. 36.90
Listing Day High	Rs. 38.20
Listing Day Low	Rs. 36.90
Listing Day Close	Rs. 37.10
CMP (3-7-2020)	Rs. 40.80

Subscription figure of Muthoot Fincorp.

Category	No. of Bond Offered/ Reserved	Issue Subscribed 3-7-2020
Cat. 1 QIB	50,000	0.00x
Cat. 2 NII	2,50,000	2.00x
Cat. 3 HNI	7,00,000	1.22x
Total	10,00,000	1.36x

Subscription Figures of SME IPO (Dt. 4-7-20)

IPO	Listing	Day	Subscribed
Ksolves India	NSE SME	Issue Closed on 26-6-2020	1.42x
Bonlon Industries	BSE SME	Issue Closed on 3-7-2020	1.36x

તા. ૨૬ જુન ૨૦૨૦ ના રોજ એકંદેર ૩૧ કંપનીઓને IPO માટે સેબીની મંજુરી પ્રાપ્ત થઈ ચુકી છે. આ કંપનીઓમાં Burger King, Samhi Hotels, ESAI Small Finance Bank, EasyMyTrip.Com, Home First Finance, Equitas SFB, NCDEX, UTI AMC, EMAMI Cement, Monte Carlo, Route Smile નો સમાવેશ થાય છે.

★ ***આ સપ્તાહના ઈસ્યુઓ*** :- વિતેલ સપ્તાહ દરમ્યાન BSE SME ના એકમાત્ર Bonlon Industries નો IPO તેમજ ડેટ માર્કેટમાં Muthoot Fin. Corp. નો NCDs ઈસ્યુ અસ્તિત્વ ધરાવતા હતા. આ સાથે ગત સપ્તાહે Billwin Industries નો BSE SME IPO લિસ્ટેડ થયો હતો. આમ કોરોના વાઈરસ તેમજ લોકડાઉનને કારણે લગભગ બે મહિનાના વેકેશન બાદ જુન મધ્યમથી શરૂ થયેલ SME IPOમાં અત્યારસુધીમાં ત્રણ ઈસ્યુઓ માર્કેટમાં પ્રવેશી ચુક્યા છે જેમાં ઉપરોક્ત બે ઉપરાંત તા. ૨૩ જુને ખુલેલ NSE SME ના Kosolves નો પણ સમાવેશ થાય છે અને આ ત્રણે IPO પાર ઉતરી ચુક્યા છે.

Cont...

A.B. Fashionના રાઈટ્સ ઈસ્યુના વેલ્યુએશન કેવા છે ?

A.B. Fashion નો રાઈટ ઈસ્યુ ભરાય ?

Aditya Birla Fashion રૂ. ૯૯૫ કરોડની રાઈટ ઈસ્યુ સાથે તા. ૮ જુલાઈના રોજ પ્રતિ શેર રૂ. ૧૧૦ ના ભાવે ઓફર કરી રહી છે. ઈસ્યુ તા. ૨૨ જુલાઈના રોજ બંધ થશે. કંપનીએ વર્તમાન શેરહોલ્ડર્સને ૭૭ શેર્સ સામે ૯ પાર્ટલી પેડ શેર્સ ઓફર કર્યા છે. ઈન્વેસ્ટરે હાલમાં ૫૦ ટકા ત્યારબાદ ૨૫ ટકા જાન્યુઆરી ૨૦૨૧ માં અને ૨૫ ટકા જુલાઈ ૨૦૨૧ માં ચુકવવાના રહેશે. એ.બી. ફેશનને એપરલ્સ કંપનીઓ જેના પોર્ટફોલિયોમાં Louis Phillips, Van Hussen, Peter England, Pantaloons બ્રાન્ડનો સમાવેશ થાય છે.

AB Fashion Rights Issue

Rights Entitlement ratio 9 Partly Paid Shares for Every 77 Shares held

Issue Size	Rs. 995 Cr.
Issue Price	Rs. 110
CMP	Rs. 122.00
Open	8 July
Close	22 July

Investors will have to pay 50% upfront, 25% in Jan. 2021 and 25% in July 2021

આ શેર તેની બાવન સપ્તાહની ટોચથી ૫૬ ટકા તુટી ચુક્યો છે અને વર્તમાન ભાવ રૂ. ૧૨૦ ની આસપાસ છે આથી કંપની રાઈટ્સ શેર લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટથી ઓફર કરી રહી છે. કંપની હાલમાં રૂ. ૨૫૦૦ કરોડનું દેવું ધરાવે છે. કંપનીનો માર્ચ ૨૦૨૦ ના અંતે રૂ. ૪૭૦ કરોડનો ઓપરેટીંગ પ્રોફિટ ધ્યાનમાં લેતા Debt / EBITDA ૫.૩ ના મલ્ટીપલમાં થવા જાય છે. આમ મલ્ટીપલ રેશિયો ૪ ની ઉપર ચિંતાજનક કહી શકાય. કંપની રાઈટ્સ ઈસ્યુના રૂ. ૯૯૫ કરોડની સામે દેવા પેટે ભરપાઈ કરશે જેથી દેવામાં ૨૫ ટકાનો ઘટાડો થશે. જો કે કંપનીના મેનેજમેન્ટે કોસ્ટ કટીંગ માટે જરૂરી પગલા લઈ રહી છે અને ભાડા, જાહેરાત, પગાર ખર્ચમાં ઘટાડો કરી રહેલ છે.

કંપની નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં ટેક્ષ અગાઉનો ઓપરેટીંગ પ્રોફિટ (EBITDA) રૂ. ૬૦૦ કરોડ નોંધાવે તેવી શકયતા છે. હાલમાં રાઈટ્સ ઈસ્યુનો ભાવ તેના નાણાંકીય વર્ષ ૨૦૨૨ના EV/EBITDA ના ૨૦ ગણા થવા જાય છે જ્યારે હરીફ કંપની Trent જે Westside રીટેલર્સ ચેઈન ધરાવે છે તે નાણાંકીય વર્ષ ૨૦૨૨ ના EV/EBITDA ના ૪૦ ગણાએ ટ્રેડ થઈ રહેલ છે. આ સંજોગોમાં આ રાઈટ્સ ઈસ્યુ ઈન્વેસ્ટરો માટે Value Bet બની રહેશે.

● **Billwin Industries નું લિસ્ટીંગ (૫૪૩૨૦૯)** :- રૂ. ૩૭ના ફિક્સ્ડ ભાવના આ IPOનું BSE SME ખાતે સાધારણ ડિસ્કાઉન્ટે એટલે કે ૩૬.૯૦ ના ભાવે લિસ્ટીંગ થઈ ૩૮.૨૦ થઈ ઘટીને રૂ. ૩૬.૯૦ થઈ રૂ. ૩૭.૧૦ ના ભાવે બંધ રહેતા શુક્રવારે તા. ૩ જુલાઈએ શેરનો ભાવ એકાએક ઉછળી ૪૦.૮૦ બંધ આવ્યો હતો.

● **Bonlon Industries :-** તા. ૩૦ જુનના રોજ ખુલી તા. ૩ જુલાઈના રોજ બંધ થયેલ રૂ. ૨૮ ના ફિક્સ્ડ ભાવનો આ BSE SME IPO અંતિમ દિવસે ૧.૩૫ ગણો છલકાયો હતો.

● **NCDs Issue :-** હાલમાં ડેટ માર્કેટમાં એકમાત્ર Muthoot Fin.Corp. નો NCDs ઈસ્યુ અસ્તિત્વ ધરાવે છે.

● **Muthoot Fin.Corp. :-** તા. ૨૯ જુનના રોજ ખુલેલ રૂ. ૧૦૦ કરોડના આ બેઝ ઈસ્યુમાં સેલ્ફ લિમિટ રૂ. ૧૬૦ કરોડની છે. શેરનું લિસ્ટીંગ A+/Stable નું રેટિંગ આપવામાં આવેલ છે. આ ઈસ્યુ તા. ૩ જુલાઈ સુધીમાં કુલ ૧.૩૬ ગણો ભરાયો છે. આ ઈસ્યુને ઉંચા કુપન રેટ તેમજ રેટીંગને પગલે રોકાણકારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે અને ભરણું આગામી સપ્તાહે એટલે કે, શિડ્યુલ કરતા વહેલું બંધ થઈ શકે છે.

****

આગામી સપ્તાહના ઈસ્યુઓ

Rossari Biotech

મુંબઈ સ્થિત સ્પેશ્યાલીટી કેમિકલ્સનું ઉત્પાદન કરતી તેની વર્કીંગ કેપિટલની જરૂરિયાત તથા દેવાના રિપેમેન્ટ માટે રૂ. ૫૦૦ કરોડના IPO સાથે માર્કેટમાં પ્રવેશી રહી છે. કંપનીએ Pre-IPO રાઉન્ડમાં રૂ. ૧૦૦ કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે. ૨૦૦૩ માં પાર્ટનરશીપ ફર્મ તરીકે સ્થપાયેલ આ કંપની ૨૦૦૯માં લિમિટેડ કંપનીમાં કન્વર્ટ થઈ હતી. કંપની FMCG (Home Care, Personal Care), Apparel, Poultry, Animal Feeds ને સર્વિસ પ્રોવાઈડ કરે છે ઉપરાંત કંપની ટેક્ષ્ટાઈલ્સ સ્પેશ્યાલીટી કેમિકલ્સ પ્રોડેક્ટસ પણ બનાવે છે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં HUL, RSPL (ઘડી ડીટર્જન્ટ), IFB Ind., Panasonic India વિગેરેનો સમાવેશ થાય છે. કંપનીનો ફ્રેશ ઈસ્યુ રૂ. ૫૦ કરોડનો રહેશે જ્યારે ઓફર ફોર સેલ દ્વારા ૧,૫૦,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સનું વેચાણ કરશે. લિસ્ટીંગ BSE SNE ખાતે થશે. લીડમેનેજર Axis Bank અને ICICI Securities છે. રજીસ્ટ્રાર Link Intime છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર આ IPO તા. ૧૩ જુલાઈના રોજ ખુલી ૧૫ જુલાઈના રોજ બંધ થશે અને પ્રાઈસ બેન્ડ ૮ જુલાઈ જાહેર થવા વકી છે.

Yes Bankનો FPO

રાણાકપૂર દ્વારા સ્થાપવામાં આવેલ આ કંપની ગેરવહીવટ તેમજ બેડલોન્સને કારણે ભારે મુશ્કેલીમાં મુકાઈ જવા પામી હતી. ખાસ કરીને Dewan Housing, Cox & Kings, Essel Group તેમજ કેટલીક રિયલ્ટી સેક્ટરની કંપનીઓની લોન NPA થઈ જતા બેન્ક કેપિટલ બેઝમાં જોરદાર ધોવાણ થઈ જવા પામ્યું હતું. આ બેન્કને તેની બુક ક્લિન કરવા રૂ. ૧૫૧૪૨ કરોડની જોગવાઈ કરેલ છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર કંપનીને રૂ. ૧૫૦૦૦ કરોડના ફોલઓન ઈસ્યુ માટે શેરહોલ્ડર્સની મંજુરી પ્રાપ્ત થઈ ચુકી છે અને બેન્ક તેના ફર્સ્ટ ટ્રેન્ચ થકી રૂ. ૮૦૦૦ કરોડના શેર્સનું વેચાણ કરશે. બેન્ક તેનો FPO જુલાઈ મહિનાના બીજા સપ્તાહમાં માર્ટમાં લોંચ કરવા સજ્જ બની છે. એમ મનાય છે કે, બેન્ક ઓફર ફોર સેલમાં પ્રતિ શેર રૂ. ૧૨ થી ૧૫ ની આસપાસના ભાવે શેર ઓફર કરશે જે વર્તમાન ભાવ રૂ. ૨૬ ના ભાવથી ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં હોઈ શકે છે.

સેબીએ CMSA IPOમાં સ્પષ્ટતા માંગી

સેબીએ Computer Age Management Services (CMS) ના આશરે રૂ. ૧૫૦૦ કરોડના IPO માટે કેટલીક સ્પષ્ટતા માંગી છે. કંપની ઓફર ફોર સેલ દ્વારા ૧.૨૨ કરોડ ઈક્વિટી શેર વેચવાની યોજના ધરાવે છે. લીડ મેનેજર Kotak Mahindra Capital, HDFC Bank, ICICI Sec., Nomura છે.

Mindspace Business Parks REIT

રિયલ્ટી ડેવલપર Raheja ગ્રુપની તેમજ PE ખેલાડી Blackstone ગ્રુપના જોઈન્ટ વેન્ચરથી પ્રમોટ થયેલી આ કંપનીએ રૂ. ૧૦૦૦ કરોડના ફ્રેશ ઈસ્યુના IPO માટે સેબીમાં રિવાઈઝડ DRHP ફાઈલ કરાવ્યું છે. કંપની ફ્રેશ ઈસ્યુ ઉપરાંત ઓફર ફોર સેલ દ્વારા શેરોનું વેચાણ કરશે. Covid-19 તેમજ લોકડાઉનને કારણે પરિસ્થિતિ બદલાતા કંપનીએ રિવાઈઝડ DRHP ફાઈલ કરવાની ફરજ પડી છે.

IPOમાર્કેટને પણ કોરોનાનું ગ્રહણ - પ્રથમ છ માસમાં માત્ર એક જ IPO

શેરબજારમાં અનિશ્ચિતાના અને રોકાણકારોમાં વિશ્વાસના અભાવનો પડઘો

IPO માર્કેટમાં કોરોનાની અસર ઓસરી નથી અને ૨૦૨૦ના પ્રથમ છ મહિનામાં IPOની સંખ્યા તળિયે રહી છે. આ ગાળામાં એકમાત્ર SBI Cardsનો IPO આવ્યો છે તેનો ભાવ ઓફરભાવ કરતા ૧૮ ટકા ડિસ્કાઉન્ટે ટ્રેડ થઈ રહ્યો છે. ૨૦૨૦ એ ૨૦૧૪ ની યાદ અપાવી છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૪માં પણ સમાન સ્થિતિ હતી અને પ્રથમ છ મહિનામાં મેઈનબોર્ડમાં માત્ર બે IPO આવ્યા હતા તેમાંથી એક IPO સફળ થયો હતો અને એક IPOને નબળો પ્રતિસાદ મળતા પાછો ખેંચવો પડ્યો હતો, આવી જ સ્થિતિ ૨૦૨૦ ના પ્રથમ ૬ મહિનામાં જોવા મળી છે. આ ગાળામાં બે IPO આવ્યા અને તેમાંથી માત્ર SBI Cardનું લિસ્ટીંગ થયું હતું જ્યારે Antony Waste Handling નબળો પ્રતિસાદ મળતા પડતો મુકાયો હતો. છેલ્લાં ત્રણ મહિનાની સ્થિતિને જોતા અને સેકન્ડરી માર્કેટમાં રિટેલ ઈન્વેસ્ટરોની ગેરહાજરીને કારણે હજી બે મહિના IPO માર્કેટ માટે મુશ્કેલ બની રહેશે.

Balance Sheet of First 6 Month of IPO's

Year	No.
2014	01
2015	07
2016	11
2017	15
2018	15
2019	08
2020	01

વર્ષના પ્રારંભમાં આ મહિને રૂ. ૨૦,૦૦૦ કરોડના IPO આવવાની આશા પર અત્યારે તો પાણી ફરી વળ્યું છે. ઓગસ્ટ પછી IPO માર્કેટમાં ચહલપહલ શરૂ થાય તેવી સંભાવના મુકી શકાય. આ વર્ષે SME પ્લેટફોર્મ પર ગયા વર્ષની સરખામણીએ પાંચમાં ભાગના જ IPO આવ્યા છે પ્રાપ્ત ડેટા અનુસાર ચાલુ વર્ષના પ્રથમ છ મહિનામાં BSE અને NSE ના સંયુક્ત SME પ્લેટફોર્મ પર માત્ર ૧૧ જ IPO લિસ્ટેડ થયા છે. SME પ્લેટફોર્મ પર બે પાંચ કરોડના IPO લાવવાની પણ મર્ચન્ટ બેન્કર્સમાં હિંમત જોવાતી નથી. SME પ્લેટઉફોર્મ પરથી તો પ્રમોટરો દ્વારા માત્ર રૂ. ૬૫ કરોડ જ ઉભા કરવામાં આવ્યા છે જે ગત વર્ષની તુલનાએ ૧૦ ગણા નીચા છે.

હાલમાં વ્યાજદર ઘણા ઘટી ગયા છે અને રાજ્ય તથા કેન્દ્ર સરકારે SME માટે રાહતના પગલા ભરતા તેની અવળી અસર SME કંપનીઓના IPOને થશે તેવી ચર્ચા મર્ચન્ટ બેન્કરોમાં થઈ રહી છે. અગાઉ SMEને આપવામાં આવતા ધોરણે કડક રહેતા અને વ્યાજદર ઉંચા રહેતા કંપનીઓ IPO વધુ પસંદ કરતી હતી પરંતુ કોરોના મહામારી પછી નિયમનકારી સંસ્થાઓ તેમજ સરકાર તરફથી રાહતો જાહેર કરવામાં આવી છે હવે SME કંપનીઓ આ પગલાનો લાભ લેવા દોડે છે કે IPOથી નાણાં ઉભા કરવાનો રસ્તો અપનાવે છે તે જોવાનું રહેશે.

પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં SME પ્લેટફોર્મ પર IPO દ્વારા રૂ. ૬૫ કરોડ એકત્ર થયા

જો કે રાજ્ય - કેન્દ્ર સરકાર દ્વારા રાહતના પગલા તેમજ વ્યાજના નીચા દરને કારણે SME IPOથી માર્કેટ ધમધમશે

એડલવાઇઝ મ્યુચ્યુઅલ ફંડ

ભારત બોન્ડ ETFનો બીજો તબક્કો લોન્ચ કરશે

તેની મારફત ૧૪,૦૦૦ કરોડ એકત્ર કરવાનો તેનો આશય છે

- ભારત બોન્ડ ETF ની બે નવી શ્રેણી ૧૪ જુલાઈ, ૨૦૨૦ના રોજ લોન્ચ કરાશે.
- ૩,૦૦૦ કરોડ રૂપિયા બેઝ ઈશ્યૂ સાઈઝ છે જ્યારે વધુ ગ્રીન શૂ વિકલ્પ ૧૧,૦૦૦ રૂપિયા રહેશે.
- ૨૫% છૂટક રોકાણકારો માટે અનામત રહેશે અને ૭૫% રિટાયરમેન્ટ ફન્ડ્સ, ઊૈમ્જીજ અને બિન સંસ્થાગત રોકાણકારો માટે રહેશે.
- NFO સમયગાળો ૧૪ જુલાઈ થી ૧૭ જુલાઈ, ૨૦૨૦ની વચ્ચે રહેશે

એડલવાઈઝ એસેટ મેનેજમેન્ટ દ્વારા ડિસેમ્બર ૨૦૧૯માં પ્રારંભિક ETF શ્રેણીના સફળ લોન્ચ બાદ આજે બે નવી શ્રેણી સાથે ભારત બોન્ડ ETF બોન્ડના બીજા તબક્કાને જુલાઈમાં લોન્ચ કરવાની જાહેરાત કરાઈ હતી. ભારત બોન્ડ ETF કાર્યક્રમએ ભારત સરકારના ઈનવેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ વિભાગનું પગલું છે અને, તેણે એડલવાઈઝ AMC ને પ્રોડક્ટને ડિઝાઈન અને મેનેજ કરવાની જવાબદારી સોંપી છે.

ભારત બોન્ડ ETFની બે નવી શ્રેણી એપ્રિલ ૨૦૨૫ અને એપ્રિલ ૨૦૩૧ એમ બે પરિપક્વતા ધરાવશે. NFOનો પ્રારંભ ૧૪ જુલાઈ ૨૦૨૦ ના રોજ થશે જ્યારે તેનો અંત ૧૭ જુલાઈ ૨૦૨૦ના રોજ થશે.બે નવી ETF શ્રેણીના લોન્ચ મારફત, એડલવાઈઝ મ્યુચ્યુઅલ ફન્ડ રૂપિયા ૨૦૦૦ કરોડની પ્રારંભિક રકમ એકઠી કરવા માગે છે, જેમાં તેના ગ્રીન શૂ વિકલ્પ ૨૦૨૫માં પરિપક્વતા પર ૬૦૦૦ કરોડ રૂપિયા અને ૨૦૩૧માં ૧૦૦૦ કરોડની પ્રારંભિક રકમ સાથે ગ્રીન શૂ વિકલ્પ ૫૦૦૦ કરોડ રહેશે, જે બજારની માંગને આધારિત રહેશે. ETFનું AAA રેટિંગ ધરાવતી જાહેર ક્ષેત્રની નિફ્ટી બોન્ડ ઈન્ડિસિસમાં રોકવામાં આવશે. સાથે જ ડીમેટ એકાઉન્ટ નહી ધરાવતા રોકાણકારો માટે સમાન પરિપક્વતા સાથે ભારત બોન્ડ ફંડ્સ ઓફ ફંડ (FOF)ને લોન્ચ કરાશે.

ભારત બોન્ડ ETF નું પુહેલું લોન્ચ સફળ હતું અને ત્યારબાદથી તેણે AUMમાં સારો ગ્રોથ અને એક્સચેન્જમાં સારી લિક્વિડિટી જોઈ છે. ભારત બોન્ડ ETF કાર્યક્રમ CPSE બોન્ડ્સ માટે તેના લિક્વિડ યીલ્ડ કર્વનું સર્જન કરવાના હેતુમાં સફળ થશે અને બોન્ડ માર્કેટ્સના વિકાસના એજન્ડાને વધુ મદદ કરશે.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

નેસ્લે ઈન્ડિયા : નવી પ્રોડક્ટ્સના લોન્ચિંગથી આવક વધશે

Nestle India (Rs. 16690.00) (Code : 500790) (F. V. : 10.00)

નેસ્લે ઈન્ડિયા : રેડી-ટુ-કુક ફૂડનો વપરાશ કોવિડ પછીના સમયગાળામાં વધશે તેવી ધારણા છે. આ કેટેગરીમાં નેસ્લેના ઉત્પાદનો મેગી નૂડલ્સ, પાઝ્તા, ઉપમા, પૌંઆની માંગમાં નોંધપાત્ર વૃદ્ધિ જોઈ શકાશે. નેસ્લે પાંચ વર્ષ પહેલાં કરતાં ૩ ગણી ઝડપે નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરી રહી છે. તેનો સક્સેસ રેટ આ ઈન્ડસ્ટ્રીના સરેરાશ કરતાં ઊંચો છે. નવા લોન્ચિંગે છેલ્લા ચાર વર્ષમાં આવકમાં ૪ ટકા સુધીનું યોગદાન આપ્યું છે. પેરેન્ટ કંપનીના વૈશ્વિક પોર્ટફોલિયોમાંથી ઉમેરાના પગલે નવા લોન્ચિંગ ચાલુ રહેવાની શક્યતા છે. નેસ્લેનો ક્લસ્ટર આધારિત અભિગમ વધુ ગ્રાહક કેન્દ્રીત છે અને તેનાથી તેને વધુ સારા રિટર્ન ઓન ઈક્વિટી સાથે નવી તકો ઓળખવામાં મદદ મળી શકે છે. વધુમાં નેસ્લેના મેગી હોટસ્પોટ કિઓસ્કે આઉટ-ઓફ-હોમમાં પ્રવેશ કર્યો છે. ગ્રાહકો તેને ખૂબ જ સારો પ્રતિસાદ આપે તેવી અપેક્ષા છે. નેસ્લેના જેવા મલ્ટિનેશનલ કંપનીના સ્ટોક હંમેશા ઘણા ઊંચા પીઈ લેવલ સાથે ટ્રેડ થતા હોય છે. આથી પીઈની ચિંતા છોડીને તબક્કાવાર રીતે આ શેર ખરીદો.

આઈઆરસીટીસી : વધુ ટ્રેન અને વધુ પ્રવાસીઓને પગલે બિઝનેસ વધશે

IRCTC (Rs. 1404.00) (Code : 542830) (F. V. : 10.00)

આઈઆરસીટીસી : રેલવે મંત્રાલયે પ્રવાસી ટ્રેનો દોડાવવા માટે ખાનગી કંપનીઓ પાસેથી દરખાસ્તો મંગાવ્યા પછી ગુરુવારે રેલવેના સ્ટોકમાં ઊછાળો આવ્યો છે. આ દરખાસ્તોથી સ્વાભાવિક જ આઈઆરસીટીસીને લાભ થશે. અન્ય એક ઘટનામાં આઈઆરસીટીસીએ બધી જ સ્પેશિયલ ટિકિટો માટે તત્કાલ ટિકિટ બૂકિંગ શરૂ કર્યું છે. ૩૦મી જૂનથી શરૂ થતા પ્રવાસ માટે બધી જ સ્પેશિયલ ટ્રેનોમાં ૨૯મી જૂનથી તત્કાલ બૂકિંગ શરૂ થયું છે. ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) ભારતીય રેલવેની પેટા કંપની છે, જે ભારતીય રેલવેની કેટરિંગ, પ્રવાસન અને ઓનલાઈન ટિકિટિંગની કામગીરી કરે છે. તે સામાન્ય દિવસોમાં દૈનિક ૫,૫૦,૦૦૦થી ૬,૦૦,૦૦૦ બૂકિંગ્સ કરે છે. લૉકડાઉન પૂરું થવાની નજીક છે ત્યારે આઈઆરસીટીસીની આવકમાં વધારો થશે. ૨૫મી માર્ચે રૂ. ૮૧૫ના તળીયેથી માર્ચમાં સ્ટોકમાં ૩૫ ટકાનો ઊછાળો આવ્યો છે. જોકે, તે હજી રૂ. ૧૯૯૫ની બાવન સપ્તાહની ટોચથી ઘણો નીચો છે. ખરીદો.

અમર રાજા બેટરીઝ વિસ્તરણ યોજનામાં આગળ વધી છે

Amara Raja Batt. (Rs. 690.00) (Code : 500008) (F. V. : 1.00)

અમર રાજા બેટરીઝ : અમર રાજા બેટરીઝ ચાલુ નાણાકીય વર્ષે વિસ્તરણ યોજનામાં આગળ વધશે. તેનાથી તેનો મુખ્ય બિઝનેસ વધશે અને ઈ-રિક્ષા ડિવિઝન વધશે. કંપનીને તેના માટે કેપેક્સમાં રૂ. ૩૫૦ કરોડની જરૂર પડશે. સૂચિત વિસ્તરણમાં ત્રીજા ઓટોમોટીવ બેટરી પ્લાન્ટ માટે ગ્રીન ફિલ્ડ યુનિટ પૂરું કરવા અને સ્થાનિક તથા નિકાસ બજારો માટે અન્ય એકમોમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે. કંપનીનો ત્રીજો પ્લાન ૬૦ લાખ બેટરીનું ઉત્પાદન કરશે જ્યારે ૨૦ લાખ બેટરીના અલગથી ઉત્પાદન માટે વધુ બે એકમો સ્થપાઈ રહ્યા છે. ફોર-વ્હિલર પ્લાન્ટ બાંધકામ હેઠળ છે અને નાણાકીય વર્ષ ૨૦૨૧માં તેનું કામ પૂરું થશે. આ સ્ટોક માર્ચમાં રૂ. ૩૫૦ના તળીયેથી બમણો થયો છે. પ્રત્યેક ઘટાડે ખરીદો.

બજાજ ઓટો : જૂનના વેચાણ આંકડા અચ્છે દિનના સંકેત આપે છે

Bajaj Auto (Rs. 2934.00) (Code : 532977) (F. V. : 10.00)

બજાજ ઓટો : બજજા ઓટોનું કુલ વેચાણ જૂનમાં ૩૧ ટકા ઘટીને ૨,૭૮,૦૯૭ યુનિટ થયું છે તેમ કંપનીએ ગુરુવારે જણાવ્યું હતું. ગયા વર્ષે જૂનમાં તેનું કુલ વેચાણ ૪,૦૪,૬૨૪ યુનિટ હતું. જૂનમાં સ્થાનિક ટુ-વ્હિલર વેચાણ ૧,૪૬,૬૯૫ યુનિટ હતું, જે એક વર્ષ

Cont...

અગાઉ ૧,૯૯,૩૪૦ યુનિટની સરખામણીમાં ૨૬ ટકાનો ઘટાડો દર્શાવે છે. જોકે, મે અને જૂનમાં વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. કંપનીએ જણાવ્યું હતું કે, જૂનના બીજા પખવાડિયામાં ઓટોમોબાઈલ્સની માગમાં નોંધપાત્ર સુધારો આવ્યો હતો. તેમાં અંદાજે ૮૦-૯૦ ટકાનો ઊછાળો જોવા મળ્યો છે. જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરના ત્રિમાસિક સમય માટે આ સારા સંકેત છે. આ વલણ ચાલુ રહેશે તો માગ અને પુરવઠો સામાન્ય સ્થિતિમાં પહોંચી જશે. ગ્રામીણ વિસ્તારોમાં ખરીદ શક્તિમાં આંશિક સુધારો થયો છે, જે સકારાત્મક સંકેત છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ ટુ-વ્હિલરની માગ વધી છે. રોકાણ કરો.

એસ્કોર્ટ્સ લિ. : જૂનમાં એગ્રી મશીનરી વેચાણમાં ૨૩ ટકાનો ઊછાળો

Escorts (Rs. 1059.00) (Code : 500495) (F. V. : 10.00)

એસ્કોર્ટ્સ લિ. : એસ્કોર્ટ્સ એગ્રી મશીનરી સેગ્મેન્ટે ગયા સપ્તાહે તેના સ્થાનિક વેચાણમાં ૨૨.૮ ટકાની તીવ્ર વૃદ્ધિ આવી હતી. અટકી રહેલી માગ વધવાના કારણે જૂન ૨૦૨૦માં ૧૦,૮૫૧ યુનિટ્સનું વેચાણ થયું હતું. કંપનીએ જૂન ૨૦૧૯માં ૮,૯૬૦ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. જોકે, સમિક્ષા હેઠળના મહિનામાં ૨૬.૯ ટકાનો ઘટાડો થયો હતો. આ વર્ષે કંપનીએ જૂન ૨૦૨૦માં ૨૨૮ એકમની નિકાસ કરી હતી જ્યારે એક વર્ષ અગાઉ સમાન મહિનામાં ૩૧૨ યુનિટ્સની નિકાસ થઈ હતી. ઉદ્યોગને લૉકડાઉનના કારણે અટકી ગયેલી માગમાં નોંધપાત્ર ઉછાળાની અપેક્ષા છે. વધુમાં સારા ચોમાસાની આગાહીના કારણે ખેડૂતોનું સેન્ટીમેન્ટ સુધર્યું છે અને ખરીફ વાવેતર વધ્યું છે. પાકના આઉટપુટ અને ભાવ વિક્રમી સ્તરે પહોંચવાના કારણે ગ્રામીણ આવકમાં વધારો થશે અને રીટેલ ધિરાણની તર્કસંગત ઉપલબ્ધતાના કારણે પણ ઉદ્યોગને નોંધપાત્ર વૃદ્ધિની અપેક્ષા છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે એક કે બે સેક્ટરને બાદ કરતાં લગભગ બધા જ બજારોમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે. કંપનીએ ઉમેર્યું હતું કે કંપની અને ચેનલ બંનેના ઈન્વેન્ટરી સ્તર અત્યાર સુધીના નીચા સ્તરે રહ્યા છે. આ શેરમાં તબક્કાવાર ખરીદી કરો.

(SEBI Registered Research Analyst)

Disclosure :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 3rd July, 2020 unless specified o Stoploos is useful for Short - Medium term investors only

Disclaimer :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions o All disputes are subject to Ahmedabad jurisdictioner

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૧૭૮૭.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- આ કંપની રાઈટ શેરની જાહેરાત બાદ JIO પ્લેટફોર્મ ઉપર સતત આવી રહેલા વિદેશી રોકાણોથી શેરનો ભાવ ગત સપ્તાહે રૂ. ૧૮૦૪ ની સપાટીને સ્પર્શી ચુક્યો હતો. JIO પ્લેટપોર્મ ઉપર અમેરીકાની સેમી કન્ડકટર જાયન્ટ ઈન્ટેલ કોર્પો. દ્વારા જીઓમાં ૦.૪૯ ટકા સ્ટેક એટલે કે રૂ. ૧૮૯૪.૫ કરોડનું નવું રોકાણ આવતા આમ JIOમાં અગિયાર સપ્તાહમાં ૧૨ મેગા ડીલ થતા શેરના ભાવમાં વધુ ઉછાળાની સંભાવના જોવાઈ રહી છે. જાણકારોના મતે શેરનો ભાવ રૂ. ૨૦૦૦ ની ઉપર જવાની સંભાવના છે.

Muthoot Fin. (રૂ. ૧૧૪૬.૦૦) (કોડ : ૫૩૩૩૯૮) :- ગોલ્ડ ફાયનાન્સીંગ ક્ષેત્રે કાર્યરત આ કંપનીની બોર્ડ મીટીંગ તા. ૧૮ જુલાઈ ૨૦૨૦ ના રોજ સ્ટોક સ્પ્લીટ માટે મળી રહી છે. હાલમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનાનો ભાવ ૧૭૭૫ ડોલર અને ભારતમાં ૫૦,૦૦૦ ની સપાટીને કુદાવી જતા મુથુટ ફાય., મન્નાપુરમ ફાય. ના શેરમાં કરંટ જોવાતો રહે.

Bharat Dynamics (રૂ. ૩૭૫.૦૦) (કોડ : ૫૪૧૧૪૩) :- તાજેતરમાં ડિફેન્સ એક્વિઝીશન કાઉન્સીલ (DAC) આર્મ ફોર્સીસના વિવિધ પ્લેટફોર્મ અને ઈક્વિપમેન્ટ માટે ૩૮૯૦૦ કરોડનું પ્રપોઝલની દરખાસ્ત મંજુરી આપતા આ શેરમાં સપ્ટેમ્બર કરતા આઠ ગણા વોલ્યુમે ૧૦ ટકા ઉછાળો નોંધાયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૦ ના ક્વાર્ટર-૪ માં પાછલા સમાનગાળાના રૂ. ૧૨૪ કરોડ સામે રૂ. ૩૧૦ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કપરા સમયમાં સારી કામગીરી દર્શાવી છે. આ સાથે હિન્દુસ્તાન એરોનેટીક્સ, બીઈએલ, વાલચંદનગરમાં આકર્ષક કામગીરી જોવાય.

Hindustan Aeronautics (રૂ. ૮૫૧.૦૦) (કોડ : ૫૪૧૧૫૪) :- આ કંપનીને પણ ઈન્ડિયા ડિફેન્સ એક્વિઝિશન્સ ૩૮૯૦૦ કરોડની પ્રપોઝલને સારો એવો લાભ મળશે. સરકારે એરફોર્સની પ્રહાર ક્ષમતા વધારવા હિન્દુસ્તાન એરોનેટ્કીસ પાસેથી 12 Sukhoi Fighter Jet મેળવવાના નિર્ણયથી આ કંપનીની કામગીરી વધુ મજબુત બનતી જોવાશે.

J.B. Chemicals (રૂ. ૭૧૮.૦૦) (કોડ : ૫૦૬૯૪૩) :- મુંબઈ સ્થિત આ ડ્રગ્સ કંપનીમાં યુ.એસ. પ્રાઈવેટ ઈક્વિપમેન્ટ જાયન્ટ કેકેઆર એ કન્ટ્રોલિંગ એટલે કે ૫૪ ટકા સ્ટેક હસ્તગત કરવાનો કરાર કરતા શેર લાઈમલાઈટમાં જોવાશે. શેરનો ભાવ બાવન સપ્તાહની નવી ટોચ બનાવી રહ્યો છે.

Cadila HC (રૂ. ૩૬૬.૦૦) (કોડ : ૫૩૨૩૨૧) :- ગુજરાત બેઝ આ ફાર્મા કંપનીના અમદાવાદ ખાતેના વોક્સીન ટેકનોલોજી સેન્ટરમાં કોવિડ-૧૯ માટેની વેક્સીન ડેવલપ કરી છે જેના માટે ભારતના ડ્રગ કન્ટ્રોલરની મંજુરી પણ મળી ચુકી છે. આમ કોરોના વાયરસની વેક્સીન તૈયાર કરવામાં વધુ એક કેન્ડીડેટનો ઉમેરો થયો છે.

Balkrishna Ind. (રૂ. ૧૩૧૩.૦૦) (કોડ : ૫૦૨૩૫૫) :- ઓટો ટાયર - રબર ઓફ રોડ ટાયરનું ઉત્પાદન કરતી આ કંપનીએ ક્વાર્ટર-૪ના પરિણામો સંગીન રહેતા શેર બાવન સપ્તાહની ટોચ બનાવી ચુક્યો છે. ઉપરાંત કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં પડકારજનક પરિસ્થિતિ વચ્ચે નેટ પ્રોફિટમાં ૪૨ ટકા અને આવકમાં ૧.૨ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે. ઉપરાંત મેનેજમેન્ટના સારા દેખાવની પોઝીટીવ અસર જોવાઈ રહી છે.

Phillips Carbon (રૂ. ૧૦૮.૦૦) (કોડ : ૫૦૬૫૯૦) :- આ કાઉન્ટર ઉપર રોજના ૨.૭૦ લાખના વોલ્યુમ સાથે ૧૩.૪૫ લાખ શેરના એટલે કે, વોલ્યુમમાં ૪.૯૮ ગણા ઉછાળા સાથે શેરનો ભાવ ઝડપથી ઉંચકાઈ ગયો છે. સરકાર આયાત થતા કાર્બન બ્લેક ઉપર જકાત વધારવાના નિર્ણયની તેમજ ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડાની તેમજ એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદતા ટાયરની વધતી ડિમાન્ડનો લાભ મળી રહ્યો છે.

Ujjivan Fin. (રૂ. ૨૪૦.૦૦) (કોડ : ૫૩૯૮૭૪) :- માઈક્રો ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત Aberdeen Standard તેનો સ્ટેક જે અગાઉ ૦.૨૦૯૬ ટકા થી વધારીને ૫.૦૮૨૫ ટકા કરતા શેરમાં ઉછાળો નોંધાયો છે. કંપનીએ ક્વાર્ટર-૪ માં દેશની પડકારજનક પરિસ્થિતિ વચ્ચે પણ ૭૯.૪૦ ટકાની કુલ આવકમાં ૩૬.૫ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે.

RITES (રૂ. ૨૬૨.૦૦) (કોડ : ૫૪૧૫૫૬) :- સરકારે ટ્રેનોને ખાનગી ધોરણે ચલાવવા કંપનીને આમંત્રિતની પ્રક્રિયા શરૂ કરી છે. રેલ્વે એ ૧૫૧ આધુનિક ટ્રેનો ચલાવવા ખાનગી કંપનીઓને આમંત્રણ આપ્યું છે જે ૧૦૯ રૂટ ઉપર ચાલશે તે માટે ખાનગી કંપનીઓએ ૩૦ હજાર કરોડનું રોકાણ કરવાનું રહેશે. જેનો મોટો લાભ રાઈટ્સ, ટેક્ષમેકો, ટીટાઘર વેગન્સ, ઈરકોન, આઈઆરસીટીસીને મળશે.

MRF (રૂ. ૬૬૧૧૭.૦૦) (કોડ : ૫૦૦૨૯૦) :- ટાયર ક્ષેત્રે કાર્યરત આ કંપની ક્વાર્ટર-૪ માં પાછલા સમાનગાળાની તુલનામાં નેટ પ્રોફિટમાં બે ગણાથી વધુ ઉછાળો નોંધાયો છે. આવકમાં સાધારણ વૃદ્ધિ થઈ છે. શેરદીઠ રૂ. ૯૪ નું ફાઈનલ ડિવિડંડ જાહેર કર્યું છે. વર્ષ દરમ્યાન પ્રતિ શેર રૂ. ૩ ના બે ઈન્ટ્રીમ ડિવિડંડ ચુકવેલ છે. કેન્દ્ર સરકારે ટાયર આયાત બીડ ઉપર બાન મુકતા તેનો લાભ કંપનીને મળી રહ્યો છે.

Cont.....

PFIZER (રૂ. ૪૧૨૩.૦૦.૦૦) (કોડ : ૫૦૦૬૮૦) :- ફાર્મા ક્ષેત્રની આ કંપનીએ કોવિડ-૧૯ માટે વેક્સીન ડેવલપ કરી રહી છે પરિણામ પોઝીટીવ રહેવાની જાહેરાતથી શેરમાં હલચલ વધી છે.

Vaibhav Global (રૂ. ૧૨૮૬.૦૦) (કોડ : ૫૩૨૧૫૬) :- આ કંપનીનો શેર તા. ૨૪ માર્ચથી અત્યાર સુધીમાં ૧૦૦ ટકાથી વધુ ઉછળી ૪૦૦૦ કરોડની ઉંચી માર્કેટકેપ સાથે નવી ટોચ બનાવી રહ્યો છે. મલ્ટીનેશનલ ઈકોનોમીક રીટેલર, હોલસેલર, ફેશન જવેલરી લાઈફ સ્ટાઈલ એસેસરીઝનું ઉત્પાદન કરતી આ કંપની ક્વાર્ટર-૪ ના નેટ પ્રોફિટમાં ૨૨ ટકાનો અને આવકમાં ૮ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. શેરનો ભાવ વધતો જોવાશે.

Andhra Paper (રૂ. ૨૩૫.૦૦) (કોડ : ૫૦૨૩૩૦) :- પેપરનું ઉત્પાદન કરતી આ કંપની અગ્રણી ઈન્વેસ્ટર રાધાકિશન દામાણીએ પ્રતિશેર રૂ. ૨૦૬.૨૩ ના ભાવે ઓપન માર્કેટમાંથી પાંચ લાખ શેર્સ ૧.૨૫ ટકા શેર ખરીદતા આ કાઉન્ટર ઉપર હલચલ વધી રહી છે. કંપનીને બાંગુર ગ્રુપની વેસ્ટ કોસ્ટ પેપર હસ્તગત કરી છે.

Escorts (રૂ. ૧૦૫૯.૦૦) (કોડ : ૫૦૦૪૯૫) :- ઓટો સેક્ટરના જુન મહિનાના જાહેર થયેલા ડિસ્પેચ ડેટામાં આ કંપનીના એગ્રી મશીનરી સેગ્મેન્ટના ટ્રેક્ટર્સના વેચાણમાં ૨૧.૧ ટકાનો જંગી ઉછાળો નોંધાવતા શેરનો ભાવ બાવન સપ્તાહની સર્વોચ્ચ સપાટીને કુદાવી ગયો છે.

Kalpataru Power (રૂ. ૨૩૪.૦૦) (કોડ : ૫૨૨૨૮૭) :- હેવી ઈલે. ઈક્વિપમેન્ટ સાથે સંકળાયેલ આ કંપનીના રૂ. ૯૫૬ કરોડના ટી એન્ડ ડી બિઝનેસના ઓડર્સ મળ્યા છે. જેમાં ભારત, આફ્રિકા, મીડલ ઈસ્ટનો સમાવેશ થાય છે.

Future Retail (રૂ. ૧૩૬.૦૦) (કોડ : ૫૪૦૦૬૪) :- ફ્યુચર ગ્રુપની આ કંપની મુકેશ અંબાણી હસ્તગત કરી રહ્યા હોવાના અહેવાલે તેજીની અપર સર્કિટમાં જોવાઈ રહી છે. કિશોર બિયાની આ ડીલ થકી પોતાના સંપૂર્ણ હિસ્સો વેચીને એક્ઝીટ થઈ રહ્યા હોવાનું કહેવાય છે. શેરના ભાવમાં ઉછાળાને પગલે તેજીની સર્કિટ જોવાઈ રહી છે.

Eveready Ind. (રૂ. ૮૪.૦૦) (કોડ : ૫૩૧૫૦૮) :- નોન ડ્યુરેબલ હાઉસહોલ્ડ પ્રોડકટસનું ઉત્પાદન કરતી ખાસ કરીને બેટરી ઉત્પાદન ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતી આ કંપની ક્વાર્ટર-૪ માં પાછલા સમાનગાળાની તુલનામાં નેટ પ્રોફિટમાં ત્રણ ગણા છાળા સાથે ૧૭૯.૫૭ કરોડ જોવાયો છે. જે ૪૭.૨૮ કરોડ ગત વર્ષે નેટ પ્રોફિટ હતો. ઉપરાંત લોકડાઉન બાદ અનલોકને પગલે નવી બેટરી અને રીપ્લેસમેન્ટ માંગમાં ભારે વૃદ્ધિનો લાભ મળી રહ્યો છે.

ONGC (રૂ. ૮૨.૦૦) (કોડ : ૫૦૦૩૧૨) :- તાજેતરમાં ક્રુડ ઓઈલના વધતા જતા ભાવનો આ કંપનીને તેમજ ઓઈલ ઈન્ડિયાને લાભ મળી રહ્યો છે. આ બન્ને કાઉન્ટરો ૧૧ ઓઈલ - ગેસ બ્લોક્સ માટે ટોપ બીડર્સ તરીકે ઉભરી આવી છે. આ અહેવાલોના પગલે બ્રોકરેજીસ ફર્મ એમ.કે. ગ્લોબલે આ શેરમાં ૧૦૫ ટાર્ગેટ સાથે બાય નું રેટીંગ આપેલ છે.

The Anup Engg. (રૂ. ૪૨૪.૦૦) (કોડ : ૫૪૨૪૬૦) :- તાજેતરમાં એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડે આ કાઉન્ટર ઉપર (એનએસઈ) બલ્ક ડીલ દ્વારા ૮૩૫૧૩ શેર્સ ૦.૮૧ ટકા ઈક્વિટી સ્ટેક ખરીદતા શેર લાઈમલાઈટમાં જોવાયો છે.

Adani Properties (રૂ. ૩૬૦.૦૦) (કોડ : ૫૩૨૯૨૧) :- છેલ્લાં એક સપ્તાહથી આ શેરના ભાવમાં વૃદ્ધિ જોવાઈ રહી છે. આ કંપની ઓવરસીઝ બોન્ડ દ્વારા એક અબજ ડોલર એકત્રિત કરવાની તૈયારીમાં છે જેની પાકતી મુદત ૩૦ વર્ષની હશે. લોકડાઉન પછી કુલ ભારતીય કંપની દ્વારા આવનારા આ પ્રતમ લાંબાગાળાના બોન્ડ ઈસ્યુ છે.

BEL (રૂ. ૯૭.૦૦) (કોડ : ૫૦૦૦૪૯) :- જાહેર ક્ષેત્રની આ કંપનીનો શેર જુન મહિનામાં લગભગ ૨૮ ટકાથી વધુ ઉછળ્યા બાદ શેર ફોકસમાં જોવાઈ રહ્યો છે. સરકારના ડિફેન્સ ક્ષેત્રે ફોકસ, કંપનીની મજબુત ઓર્ડર બુક, ઉંચા માર્જીન ગ્રોથનો લાભ આગામી સમયમાં મળતો જોવાશે. જે.પી. મોર્ગન આ શેરનો બાય રેટીંગ સાથે ટાર્ગેટભાવમાં વધારો કર્યો છે.

Dredging Corp. (રૂ. ૨૮૪.૦૦) (કોડ : ૫૨૩૬૧૮) :- કેન્દ્ર સરકારે ડ્રેજીંગ સેક્ટર માટે એક વર્કિંગ ગ્રુપની રચના કરી છે તેનો સૌથી વધુ લાભ આ કંપનીને મળશે.

NOCIL (રૂ. ૮૯.૦૦) (કોડ : ૫૦૦૭૩૦) :- સ્પે. કેમીકલ્સનું ઉત્પાદન કરતી આ કંપનીના પ્રમોટર્સ તાજેતરમાં ૫૪ ટકા શેર્સ ગીરવે મુકેલ છોડાવી લેતા ચમકારો જોવાય.

BEML (રૂ. ૬૬૧.૦૦) (કોડ : ૫૦૦૦૪૮) :- જાહેર ક્ષેત્રની આ કંપની ડિફેન્સ તેમજ રેલ્વેમાં કાર્યરત છે. ચીન - ભારત વચ્ચે વધતા જતા ભાવને કારણે તેમજ રેલ્વે ક્ષેત્રે ખાનગીકરણનો લાભ આ કંપનીને મળશે.

Asian Paints (રૂ. ૧૬૯૬.૦૦) (કોડ : ૫૦૦૮૨૦) :- કંપનીના પ્રમોટરોએ ગીરવે મુકેલ ૨૭ લાખ શેર્સ છોડાવી લેતા શેરમાં ચમકારો જોવાય.

HUDCO (રૂ. ૩૪.૦૦) (કોડ : ૫૪૦૫૩૦) :- જાહેર ક્ષેત્રની આ કંપનીએ Q4 ના પરિણામો સંગીન જાહેર કર્યા છે. કંપનીએ જાહેર કરેલા ઉંચા ડિવિડંડને પગલે ડિવિડંડ યીલ્ડ ૯ ટકા થવા જાય છે. જે વર્તમાન એફ.ડી. કરતાં દોઢગણું રીર્ટન કહી શકાય.



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (6TH JULY TO 15TH JULY 2020)

નવા સપ્તાહમાં મિથુન રાશિમાં સુર્ય, બુધ અને રાહુ સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે, જ્યારે કે શનિ પોતાના ઘરમાં જ સ્થાન હાંસલ કરી રહ્યાં છે. ધનુ રાશિમાં મકર, ગુરુ અને કેતુની ઉપસ્થિતિ છે તેમજ વૃષભમાં શુક્ર, મીન રાશિમાં મંગળ, ધનુ, મકર અને કુંભ રાશિમાં ચંદ્રની ઉપસ્થિતિ છે. ૬ જુલાઇ, ૨૦૨૦ના રોજ ધનુ રાશિમાં ચંદ્ર, ગુરુ અને કેતુની ઉપસ્થિતિ છે તેમજ મિથુન રાશિમાં રાહુ, બુધ અને સુર્યના સંયોજનથી શેરબજારમાં વોલેટાલિટીની સંભાવના છે. ૭ અને ૮ જુલાઇ, ૨૦૨૦ના રોજ મકર રાશિમાં ચંદ્ર અને શનિ શુક્રની દિશામાં પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે, મીન રાશિમાં મંગળની હાજરથી બજારને ઘણાં અંશે ટેકો મળી રહેવાની શક્યતા છે.

૯ અને ૧૦ જુલાઇ, ૨૦૨૦ના રોજ શુક્ર પોતાના ઘરમાં જ છે, જ્યારે કે મંગળ મીન રાશિમાં સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. ધનુ રાશિમાં મીનની ઉપસ્થિતિ કેટલાંક અંશે શેરબજારને ટેકો આપશે. આરોગ્ય, જાહેરક્ષેત્રના એકમો, ફાર્માસ્યુટિકલ્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, રસાયણ, પેપર કંપનીઓ, ઉર્જા, ખાતર, બિયારણનું ઉત્પાદન કરતી કંપનીઓ, સુગર કંપનીઓ, ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ ક્ષેત્રની કંપનીઓ સારું પ્રદર્શન કરે તેવી શક્યતા છે.

આયર્ન અને સ્ટીલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓ, ટાયર કંપનીઓમાં સારા વળતર માટે રાહ જોવી પડશે. અદાણી ગ્રીન, લુથરા લેબ, રેલિસ ઇન્ડિયા, જેકે એગ્રી જિનેટિક્સ, નાથ બાયો જેન્સ, ભારત ડાયનામિક્સ, હેસ્ટર બાયોસાયન્સિસ, ગ્લોબલ સ્પિરિટ્સ, એચએએલ, ઈપ્કા લેબ્સ, કિરી ઇન્ડસ્ટ્રીઝ , આઇઆરબી ઇન્ફ્રા, ઇન્ડિયા સિમેન્ટ, ઓરોબિંદો ફાર્મા, પીઆઇ ઇન્ડસ્ટ્રીઝ, વોલ્ટેમ ટ્રાન્સફોર્મર્સ, આરતી ડ્રગ્સ, રુચિ સોયા, વેસ્ટ કોસ્ટ પેપર્સ, કાવેરી સિડ્સ, બીઇએમએલ, ભેલ જેવી કંપનીઓના શેરમાં સારી કામગીરી જોવા મળવાની અપેક્ષા છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (6th JULY TO 15th JULY 2020)

૬ જુલાઇ, ૨૦૨૦ : ગુરુના ઘરમાં ચંદ્ર અને કેતુની ઉપસ્થિતિ છે તેમજ સોનાનો સ્વામી ધનુ રાશિને કારણે બુલિયન માર્કેટ વોલેટાઇલ રહેવાની શક્યતા છે.

૭ અને ૮ જુલાઇ, ૨૦૨૦ : મકર રાશિમાં શનિ અને ચંદ્રનું સંયોજન છે તેમજ ધનુ રાશિમાં કેતુ સાથે મળીને ગુરુ ૧૨મું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જેના પરિણામે સોનાના ભાવમાં વધઘટ જોવા મળી શકે છે.

૯ અને ૧૦ જુલાઇ, ૨૦૨૦ : ધનુ રાશિમાં ગુરુ અને કેતુનું સંયોજન વૃષભ રાશિમાં શુક્રની દિશામાં છઠ્ઠું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જેનાથી બુલિયન માર્કેટમાં વોલેટાલિટીની સંભાવના પ્રવર્તી રહી છે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail :
stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 6th July 2020 to 10th Juluy 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું, ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૦૬-૦૭-૨૦૨૦ સોમવાર

૯.૩૦થી ૧૦.૧૧ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૦.૧૧થી ૧૨.૧૫ દરમ્યાન નિફ્ટી સોફ્ટ કે ડાઉન રહે. ૧૨.૧૫થી ૧૪.૧૦ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૪.૧૦થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી મિક્ષ પેટર્ન બનાવે.

૭-૦૭-૨૦૨૦ મંગળવાર

ગુરૂ-કેતુ / ચંદ્ર-શનિ / સૂર્ય-રાહુ શું કો મ્બી નેશન જોવા મળી રહ્યા છે, અત્યારે યુનિવર્સમાં જે એકદમ એકબી જાથી ઓપોઝિટ છે. આજે ઓપનિંગ ગઈકાલ જેવું જ હશે, પણ ક્લો ઝિંગ ડીફરન્સ હો ઈ શકે છે. ૯.૩૦થી ૧૨.૩૦ના ૨ પાર્ટ કરો, જેમાં પાર્ટ-૧માં અપ રહે અને પાર્ટ-૨માં મિક્ષ ટુ સ્લા ઈટ નેગેટિવ રહે. ૧૨.૩૦થી ૧૪.૧૪ દરમ્યાન 'છ' ગ્રુપના સ્ટો કમાં બા ઈંગ આવે અને માર્કેટ બ્રેડથ પોઝિટીવ તરફ મુવ કરે. ૧૪.૧૪થી ૧૪.૫૫ દરમ્યાન નિફ્ટી ડાઉન આવે. ૧૪.૫૫થી નિફ્ટી અપ જાય પણ લા સ્ટ મિનીટમાં પ્રોફિટ બુકિંગ આવે.

૦૮-૦૭-૨૦૨૦ બુધવાર

૯.૧૫થી ૧૨.૩૦.૫૫ દરમ્યાન માર્કેટ એક સાયકો લો જીકલ ફી ગરની આસપાસ રહેશે. ૧૨.૩૦.૫૫ પછી માર્કેટ પોતાની ન્યુ ડાયરેકશન ફાઈનલ કરશે માટે તે પ્રમાણે ડિસીઝન લેવું. ૧૨.૩૧થી ૧૩.૫૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૩.૫૫થી ૧૪.૩૭ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૪.૩૭થી ૧૫.૧૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૫.૧૫થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી માં પ્રોફિટ બુકિંગ આવે.

૦૯-૦૭-૨૦૨૦ ગુરુવાર

ઈન્ટ્રાડે માટે મજા આવે અને જોબી ગ કરવાનો દિવસ ગણેશજી જોઈ રહ્યા છે. ૯.૪૪ની આસપાસ નિફ્ટી સેલ કરો, ૧૦.૩૯ની આસપાસ એક્ઝી ટ થઈ જાવ. ૧૧.૪૯ની આસપાસ નિફ્ટી બા ય કરો, ૧૨.૫૯ની આસપાસ એક્ઝીટ થઈ જાવ. ૧૩.૪૪ની આસપાસ નિફ્ટી સેલ કરો, ૧૪.૨૪ની આસપાસ એક્ઝી ટ થઈ જાવ.

૧૦-૦૭-૨૦૨૦ શુક્રવાર

૧૩.૦૭-૨૦૨૦ અને ૧૪-૦૭-૨૦૨૦ ઝી રો વેટેજ દિવસ છે, જો હિંમત અને પ્રોફિટ કે લો સની તૈયારી હો ય તો હેજીંગ કરો. ૧૩-૦૭-૨૦૨૦થી ૨૧-૦૭-૨૦૨૦નું વીક ગણેશજીને મજા નથી આવી રહે. ૯.૧૫થી ૧૦.૦૦ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૦.૦૦થી ૧૨.૦૦ દરમ્યાન નિફ્ટી મિક્ષ રહે, જોબીગ કરો. ૧૨.૦૦થી ૧૪.૦૦ દરમ્યાન અપ રહે. ૧૪.૦૦થી ૧૪.૩૦ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૪.૩૦થી ૧૫.૧૦ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૫.૧૦થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી કદાચ ડાઉન રહે, પરંતુ કેટલા વીક તે એક વીક પહેલા કહેવું મુશ્કેલ છે.

કોવિડ-૧૯ ની મહામારી સામે એલઆઈસીની ટક્કર

LICએ એપ્રિલથી મધ્ય જુન સુધીમાં મુડીબજારમાં રૂ. ૬૪૦૦૦ કરોડનું રોકાણ કર્યું

દેશની સૌથી મોટી મની મેનેજર એલઆઈસી ઓફ ઈન્ડિયાએ એપ્રિલના આરંભથી જુના મધ્ય ભાગ સુધીમાં ડેટ અને ઈક્વિટી માર્કેટમાં રૂ. ૬૪૦૦૦ કરોડનું રોકાણ કર્યું હતું જે આગલા વર્ષના સમાનગાળાની સરખામણીએ સહેચ નીચું હતું જેના પરિણામે દેશના બોન્ડ અને સ્ટોક માર્કેટને કોવિડ રોગચાળાને નુકશાન સામે મદદ મળી હતી.

આ ત્રણ મહિના દરમ્યાન કરવામાં આવેલા રોકાણો કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારના લાંબાગાળાના બોન્ડમાં હતા ત્યારે બાકીનું રોકાણ ઈક્વિટી માર્કેટમાં કરવામાં આવ્યું હતું તેનાથી વિપરીત લોકડાઉનના શરૂઆતના તબક્કામાં વિદેશી ભંડોળ વેચવાલ હતા અને પાછળથી લેવાલ થયા હતા. સુત્રે જણાવ્યું હતું કે, આ વર્ષે અત્યાર સુધીમાં જે રોકાણ કરવામાં આવ્યું છે તે પાછલા વર્ષના સમાનગાળામાં કરવામાં આવેલા રોકાણની સરખામણીએ સહેજ ઓછું છે જ્યારે અર્થતંત્રમાં કોઈ સંકોચન ન હતું. આ બોન્ડસ લાંબાગાળે પાકે છે કે એલઆઈસીના પોર્ટફોલિયોને માફક આવે છે.

ભારતની સૌથી મોટી વિમા કંપનીએ તેના કુલ રોકાણમાંથી રૂ. ૪૮૦૦૦ કરોડનું રોકાણ સોવરિન બોન્ડમાં કર્યું હોવાનું કહેવાય છે. જેમાંથી ૮૦ ટકા કરતા વધારે રોકાણ કેન્દ્રીય ડેટમાં કરવામાં આવ્યું છે. આ રોકાણ એપ્રિલના આરંભથી જુન મધ્ય ગાળા દરમ્યાન કરવામાં આવ્યું છે.

LIC Buys Fresh Stake in 16 Stocks During March Quarter

Co.	March Qtr. 2020 (%)
Adhunik Metaliks	2.12
Amara Raja Batteries	1.11
Birla Tyres	3.5
Cochin Shipyard	1.78
Gautam Gems	2.79
HCL Technologies	1.34
HUL	2.59
Indusind Bank	1.15
L&T Finance Holidngs	1.29
Mahangar Gas	1.61
Orchid Pharma	2.69
Oriental Carbon & Chemicals	3.15
Rolta India	2.36
Shree Cement	1.18
Sumitomo Chemicals	3.68
Tata Consumer	2.12

ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સની નાબુદીનો લાભ ખાટવા....

છેલ્લાં ૨ મહિનામાં બહુરાષ્ટ્રીય કંપનીઓએ તગડા ડિવિડંડ આપ્યા

આગામી વર્ષોમાં પણ ઉંચા ડિવિડંડનો ટ્રેન્ડ ચાલુ રહેવાની ધારણા

બહુરાષ્ટ્રીય કંપનીઓ (એમએનસી) મોટા પાયે ડિવિડંડ જાહેરાત કરી રહી છે. ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ (ડીડીટી) ની નાબુદીનો લાભ લઈને ઘણી કંપનીઓ છેલ્લાં બે મહિનાથી મોટું ડિવિડંડ આપી રહી છે. નાણાપ્રધાન નિર્મલાતા સીતારમને ૨૦૨૦-૨૧ ના વર્ષના તેમના બજેટમાં કોર્પોરેટ પરના ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સને નાબુદ કર્યો હતો અને તેની જવાબદારી રોકાણકારો ઉપર નાંખી હતી. આ દરખાસ્તનો અમલ પહેલી એપ્રિલથી થયો છે. મોટાપાયે ડિવિડંડનો પેઆઉટનો ટ્રેન્ડ ચાલુ રહેવાની ધારણા છે.

અગ્રણી ફાર્મા કંપની ફાઈઝરે ૩૨૦૦ ટકા ખાસ ડિવિડંડ ચૂકવ્યું છે. ગયા વર્ષે કંપનીએ શેરદીઠ રૂ. ૨૨.૫૦ નું ડિવિડંડ આપ્યું હતું. સનોફી ઈન્ડિયાએ શેરદીઠ રૂ. ૧૦૬ નું ડિવિડંડ ચુકવ્યું છે. કંપનીએ તાજેતરમાં શેરદીઠ રૂ. ૨૪૩ નું ડિવિડં આપ્યું હતું આની સામે આ વર્ષે શેરદીઠ કુલ રૂ. ૩૪૯ ચુકવણી કરી છે.

ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સની નાબુદી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે સારા સમાચાર છે કારણ કે, વિદેશી માલિક કંપની તેમના વતનમાં ડિવિડંડ માટે ભારતમાં ચૂકવવામાં આવેલા કોર્પોરેટ ટેક્સની ક્રેડિટ માંગી શકે ચે. બહુરાષ્ટ્રીય કંપનીઓ ચાલુ નાણાંકીય વર્ષથી ઉંચુ ડિવિડંડ ચાલુ રાખે તેવી શકયતા છે.

ઓરેકલ ફાઈનાન્સિયલ સર્વિસીસે શેરદીઠ રૂ. ૧૮૦ નું ડિવિડંડ ચુકવ્યું છે. કંપીએ ગયા વર્ષે ડિવિડંડ આપ્યું ન હતું. બેયર ક્રોપ સાયન્સે જૂનમાં શેરદીઠ ૯૦ ના વચગાળાના ડિવિડંડની ચુકવણી કરી હતી. આની સામે કંપનીએ ગયા વર્ષે શેરદીઠ રૂ. ૧૮ ડિવિડંડ આપ્યું હતું. ગયા વર્ષે ડિવિડંડ ન આપનારી ઈસબ ઈન્ડિયાએ જુનમાં શેરદીઠ રૂ. ૭૦ ના ડિવિડંડની જાહેરાત કરી છે.

Attractive Dividend

Co. Name	Dividend from 1st April to 30th June 2020	Dividend from 1st April to 30th June 2019	YTD (%)	Div. Yield (%)
Sanofi India	349.00	66.00	15.88	4.43
PFIZER	320.00	22.50	0.28	8.64
Oracle Fin.	180.00	0.00	4.53	6.29
Bayer Crop.	90.00	18.00	65.85	1.51
ESAB India	70.00	0.00	7.81	5.03
Nestle India	61.00	25.00	16.16	1.99
Colgate	16.00	7.00	-3.84	1.99
HUL	14.00	13.00	13.36	1.15
DIC India	4.5	0.00	2.09	1.34

તમામ સ્તરે લિક્વિડિટી ઉપલબ્ધ થતાં શેરોમાં જૂન ક્વાર્ટર ૧૧ વર્ષમાં શ્રેષ્ઠ

ભારતીય શેરબજારોમાં છેલ્લાં એક દાયકાનો સૌથી મોટો ત્રિમાસિક ઉછાળો

Q1FY20માં સેન્સેક્સમાં ૧૯% અને નિફ્ટીમાં ૨૦%નો જંગી ઉછાળો નોંધાયો

લિક્વિડીટીની સરળતાના પગલે પૂર્ણ થયેલા જૂન ત્રિમાસિક ગાળા દરમિયાન સેન્સેક્સમાં ૧૯ ટકા અને નિફ્ટીમાં ૨૦ ટકાનો ઊછાળો નોંધાતા ભારતીય શેરબજારમાં છેલ્લાં એક દાયકાનો સૌથી મોટો ત્રિમાસિક ઊછાળો નોંધાયો છે. જૂન માસ દરમિયાન ભારતે વિકસતા બજારોમાં પણ આગેકૂચ નોંધાવી હતી.

આ અગાઊ જૂન ૨૦૦૯ના ત્રિમાસિક સમયગાળા દરમિયાન સેન્સેક્સમાં ૪૯ ટકા અને નિફ્ટીમાં ૪૨ ટકાનો ઊછાળો નોંધાયો હતો. ત્યારબાદ જૂન ૨૦૨૦ ત્રિમાસિકમાં આ બંને ઈન્ડેક્સમાં સંગીન ઉછાળા નોંધાતા છેલ્લાં એક દાયકાનો સૌથી મોટો ત્રિમાસિક ઊછાળો નોંધાયો છે. જૂન ત્રિમાસિક ગાળા દરમિયાન વિદેશી પોર્ટફોલીયો રોકાણકારો (એફપીઆઈ) દ્વારા ભારતીય શેરબજારમાં ૩.૯ અબજ ડોલર એટલે કે રૂા. ૨૯,૬૨૧ કરોડનું રોકાણ થયું હતું. આ ઉપરાંત સ્થાનિક સંસ્થાઓ અને ખેલાડીઓ તેમજ રોકાણકારો દ્વારા પણ બજારમાં રોકાણ થવા પામ્યું હતું. જોકે, મ્યુચ્યુઅલ ફંડોએ રૂા. ૪૮૦૧ કરોડની વેચવાલી હાથ ધરી હતી.

Leading the Pack

Name	31-3-20 (Rs.)	30-6-20 (Rs.)	Change (%)
M&M	285	510.70	80.00
Reliance Ind.	1101.95	1703.35	54.58
Bajaj Auto	2024.90	2825.60	39.54
Maruti Suzuki	4287.75	5839.10	36.18
Indusind Bank	351.15	474.65	35.17
Sun Pharma	352.20	472.95	34.28
Bajaj Finance	2216.00	2828.90	27.66
HCL Techno	436.75	556.30	27.37
Bajaj Finserv	4589.75	5840.30	27.25
Bharti Airtel	440.60	559.65	27.02

ોમેરથી થતા રોકાણના પગલે બજારમાં લિક્વિડીટીની સરળતા ઉદ્ભવી હતી. જેના પગલે પસંદગીના હેવીવેઈટ શેરો તો સુધર્યા જ હતા. તેની સાથોસાથ સ્મોલકેપ અને મિડકેપ કંપનીના શેરોમાં પણ સંગીન ઉછાળા નોંધાતા આ બંને ક્ષેત્રના ઈન્ડેક્સમાં પણ સંગીન ઉછાળો નોંધાયો હતો. એપ્રિલ-જૂન ૨૦૨૦ ત્રિમાસિક દરમિયાન બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૯.૮ ટકાનો અને બીએસઈ મીડકેપ ઈન્ડેક્સમાં ૨૩.૭ ટકાનો ઊછાળો નોંધાયો હતો. જે છેલ્લાં છ વર્ષનો સૌથી મોટો ઉછાળો છે. એ અગાઉ જુન ૨૦૧૪ ત્રિમાસિક દરમિયાન આ બંને ઈન્ડેક્સમાં અનુક્રમે ૩૫.૬ ટકા અને ૩૨.૪ ટકાનો ઊછાળો નોંધાયો હતો. જૂન ત્રિમાસિકમાં સ્મોલ-મિડકેપ ઈન્ડેક્સમાં ઊછાળા નોંધાયા તે અગાઉ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૦ ત્રિમાસિક દરમિયાન આ બંને ઈન્ડેક્સમાં અનુક્રમે ૨૯ અને ૩૦ ટકાનું ગાબડું નોંધાયું હતું. જે તે ક્ષેત્રના શેરો પર નજર કરીએ તો, સેન્સેક્સમાં સામેલ ૩૦ શેરોમાંથી ૧૩ શેરો જૂન ત્રિમાસિક દરમિયાન ૧૯ ટકા વધ્યા હતા. સ્મોલકેપ ઈન્ડેક્સમાં સામેલ ૭૧૧ શેરોમાંથી ૭૭ શેરો ૩૧ માર્ચના લેવલથી બમણાથી વધુ ઊછળ્યા હતા. જ્યારે મિડકેપ ઈન્ડેક્સના ૧૦૧ શેરમાંથી ૪૯ શેરો ૨૫ ટકાથી વધુ ઊછળ્યા હતાં. જૂન માસ દરમિયાન સેન્સેક્સમાં ૧૪.૨ ટકાનો ઊછાળો નોંધાયો છે. તેની સાથે અમેરિકી શેર બજારના ડાઊનજોન્સમાં ૩ ટકા, યુકેના ફીટસી ઈન્ડેક્સમાં ૨.૧ ટકા, ફ્રાંન્સના સીએસી ઈન્ડેક્સમાં ૭.૩ ટકા અને જર્મનીના ડેક્સ ઈન્ડેક્સમાં ૬ ટકાનો ઊછાળો નોંધાયો હતો. આમ, વિકસીત બજારોમાં પણ ભારતીય શેરબજારોમાં આગેકૂચ કરી છે.

Q1FY20 સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં પણ છેલ્લાં ૬ વર્ષમાં સૌથી મોટો ઉછાળો

આ સાથે વિકસતા બજારોમાં પણ ભારતીય શેરબજારોની આગેકુચ જારી


ગાગરમાં...સાગર...


અનિલ અંબાણીને ૨૦ જુલાઈ સુધીમાં મિલકત જાહેર કરવાનો આદેશ અન્યથા જેલવાસ તેમજ મિલકત જપ્તીની લંડન હાઈકોર્ટની ચીમકી

અનિલ અંબાણીએ સોગંદનામામાં એક લાખ અમેરિકન ડોલરની વધુની વિશ્વભરની સંપત્તિ જાહેર કરવાની રહેશે. આ મિલકત બન્નેના એકલાના નામે અથવા સંયુક્ત હોય એવી હોઈ શકે છે.

મે ૨૦૨૦ ના ચુકાદા પ્રમાણે ત્રણ ચીની બેન્કોને ૭૧૭ મિલિયન ડોલર ચૂકવવામાં નિષ્ફળ ગયા બાદ ૨૯ જુને આ ાદેશ અપાયો હતો.

૨૦૧૨ માં રિલાયન્સ કોમ્યુનિકેશન (આર.કોમ) માટે ચીનની ત્રણ કંપની પાસેથી લીધેલી ૯૦૦ મિલિયન ડોલરની લોન લેતી વખતે અંબાણીએ આપેલી પર્સનલ ગેરન્ટીને લાગુ કરવાનો આ કેસ છે. અંબાણીએ દાવો કર્યો છે કે, તેમણે ક્યારેય કોઈ પર્સનલ ગેરન્ટી આપી નથી અને લોન અંગત ઉધારી સંબંધી નથી.

૨૯ જુનના આદેશ અનુસાર અંબાણીએ ૧૨ દસ્તાવેજો રજુ કરવાના છે જેમાં ૨૪ મહિનાનું બેન્ક અને ક્રેડિટ કાર્ડ સ્ટેમેન્ટ કફ પરેડના ૧૮ માળના સીવિન્ડ ઈમારતના બે ફલોરના ટેનન્સી રાઈટના પુરાવા ૨૦૧૯ માં હેલિકોપ્ટર વેચ્યા બાદ મળેલી રકમ વીજ, ગેસ, પાણી અને પાલિકા વેરાના બીલનો સમાવેશ થાય છે.

GVK ગ્રુપના ચેરમેન રેડ્ડી, તેમના પુત્ર પર રૂ. ૭૦૦ કરોડના કૌભાંડનો કેસ ૯ કંપનીને કામકાજના બોગસ કોન્ટ્રાક્ટ બતાવી હેરફેર કર્યાનો CBIનો આદેશ

સીબીઆઈએ જીવીકે ગ્રુપના ચેરમેન વેંકટ કૃષ્ણ રેડ્ડી ગણપતિ અને તેમના પુત્ર જી.વી. સંજય રેડ્ડી સહિત અન્યો વિરુદ્ધ એરપોર્ટના મેનેજરના ૭૦૫ કરોડ રૂ. કૌભાંડ અંગે કેસ દાખલ કર્યો છે. સંજય મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ. (એમઆઈએએલ) ના મેનેજિંગ ડિરેક્ટર છે. એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ) લિ. એ એમઆઈએએલ હેઠળ જીવીકે ગ્રુપની કંપની જીવીકે એરપોર્ટસ હોલ્ડિંગ્સ લી. સાથે જોઈન્ટ વેન્ચર બનાવ્યું હતું. એએઆઈએ મુંબઈ એરપોર્ટસના આધુનિકકરણ, નિભાવ, ઓપરેટિંગ અને દેખરેખ માટે એમઆઈએએલ સાથે એપ્રિલ ૨૦૦૬માં કોન્ટ્રાક્ટ કર્યો હતો. સીબીઆઈનું કહેવું છે કે, જીવીકે ગ્રુપના પ્રમોટર્સે ૨૦૧૭-૧૮ માં ૯ કંપનીને કામકાજના બોગસ કોન્ટ્રાક્ટ બતાવી હેરાફેરી કરી. એફઆઈઆર અનુસાર જીવીકે નકલી કોન્ટ્રાક્ટ તૈયાર કરીને કરોડો રૂપિયા ચાઉ કર્યા છે. જીવીકે મુંબઈમાં એરપોર્ટ વિકાસ કરતી હતી પરંતુ તેમાંથી રૂ. ૩૯૫ કરોડનું વધારાનું ભંડોળ હૈદ્રાબાદ બેન્ક ખાતામાં વાળવામાં આવ્યા છે. આ માટે જીવીકેમાં નકલી સંચાલન મંડળની બેઠક અને તેમાં પ્રસ્તાવ મંજુર કરાયા હોવાની માહિતી તપાસમાં બહાર આવી છે.

Divis Labs. ના CEO અને સહયોગીઓને ઈનસાઈડર ટ્રેડિંગ કેસમાં રૂ. ૯૬ લાખનો દંડ

ડિવીલ લેબોરેટરીઝના ચીફ ફાયનાન્સીયલ ઓફિસર (સીએફઓ) એલ કિશોર બાબુ અને તેમના નજીકના સહયોગીઓ તેમના પુત્ર સહિત સામે વર્ષ ૨૦૧૭માં ઈન્સાઈડર ટ્રેડિંગમાંસ ડોવણીના આરોપમા મુડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા રૂ. ૯૬ લાખથી વધુ દંડ ફટકારવામાં આવ્યો છે. સેબીએ ૧, જુલાઈના જારી કરેલા આદેશમાં જણાવ્યું હતું કે, સેબી દ્વારા કરાયેલી તપાસના આધાર પર ડિવિઝ લેબ્સના એલ કિશોર બાબુ, પ્રવિણ લિંગામનેની, નાગેશ લિંગામનેની, શ્રી લક્ષ્મી લિંગામનેની, ડી. શ્રીનિવાસા રાવ રાધિકા દ્રોનાવલી, ગોપીચંદ લિંગામનેની અને પુષ્પા લથા દેવીને ઈન્સાઈડર તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે જેઓની તપાસના સમયગાળા દરમ્યાન સ્ક્રીપમાં ટ્રેડિંગમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંડોવણી હતી.



ગાગરમાં...સાગર...



<2>

એક સમનયે દેવાળું ફૂંકેલી કંપની પંતજલી માટે સોનાની લગડી બની ગઇ

રૂચિ સોયાના શેરમાં ૧૦૩ દિવસમાં ૮૮૦૦% થી વધુ જંગી ઉછાળો

શેરની વન-વે તેજીમાં માર્કેટકેપ રૂ. ૫૦૦ કરોડથી ઉછળીને રૂ. ૪૪૬૦૦ કરોડ

દેશમાં ખાદ્યાન્ન તેલોની ઉત્પાદક રૂચિ સોયા ઈન્ડસ્ટ્રીઝે દેવાળું ફુંક્યા પછી બાબા રામદેવની પતંજલી કંપનીએ ટેકઓવરનો ચ્યવનપ્રાશ ખવડાવીને રિલિસ્ટ કરાવ્યા પછી તેના શેર્સમાં જાણે તેજીના ઘોડા હણહણી રહ્યા છે. રૂચિ સોયાના દેવાળાથી ટેકઓવર અને શેર્સમાં સટ્ટાકીય અંધાધૂંધીની આ સમગ્ર ઘટના સાપસીડીની રતમ જેવી રહી છે. દેવાળિયાને કારણે વિવાદોમાં રહેલી રુચિ સોયા એક વાર ફરી ચર્ચામાં આવી રહી છે. કંપનીના શેર્સના ભાવમાં ઝડપી ઉછાળો નોંધાયો છે. ૨૭ જાન્યુઆરીને શેર માર્કેટમાં રિ-લિસ્ટ થયા બાદ રૂચિ સોયાનો શેર ૨૭ જાન્યુઆરીથી ફરીથી લિસ્ટીંગ કરાવ્યા બાદ માત્ર ૧૦૩ દિવસમાં સરેરાશ ૮૮૧૮ ટકાની તેજી સાથે ૧૫૦૦ ની સપાટી કુદાવી ચુક્યો છે. કંપનીનું માર્કેટકેપ રૂ. ૫૦૦ કરોડથી વધીને રૂ. ૪૪૬૦૦ કરોડે પહોંચી ગયું છે. વન-વે તેજીના કારણે સર્જાયેલ વિવાદથી બજારમાં સતત પાંચ ટકાની લોઅર સર્કિટ વિતેલ સપ્તાહે જોવા મળી હતી. કંપનીનો શેર છેલ્લાં કેટલાક સમયથી અપર સર્કિટમાં જોવાયા બાદ નીચલી સર્કીટમાં હવે જોવાઈ રહ્યો છે. ૨૦૧૨ માં ડોલર સોયા ડોલોરોયના ગ્લોબલ પાવર ઓફ કન્ઝયુમર પ્રોડકટસ ઈન્ડસ્ટ્રીઝ ૨૦૧૨ ના અહેવાલમાં ટોચના ૨૫૦ કન્ઝયુમર ડ્યરેબલ કંપનીઓમાં ૧૭૫માં ક્રમે છે. ૨૦૧૦માં કંપનીના એક શેરની કિંમત રૂ. ૧૩૦૦૦ થી વધુ પહોંચી ગઈ હતી પછી કંપની તેના ટ્રેક પરથી એવી રીતે સરકી ગઈ કે તે દેવાની જાળમાં ફસાઈ ગઈ. કંપનીએ કુલ રૂ. ૯૩૪૫ કરોડનું દેવું નોંધાવી નાદારી નોંધાવી હતી. ડિસેમ્બર ૨૦૧૭૪માં નેશનલ લો ટ્રિબ્યુનલ એ ઈન સોલ્વન્સી પ્રક્રિયા હેઠળ રૂચિ સોયાની હરાજીનો આદેશ આપ્યો હતો. બાબા રામદેવની પંતજલિ આયુર્વેદ એ ડિસેમ્બર ૨૦૧૯માં રૂ. ૪૩૫૦ કરોડમાં રૂચિ સોયા ખરીદી હતી. પતંજલિએ હસ્તગત કર્યા બાદ રૂચિ સોયાના નસીબ ફરી એકવાર બદલાયા છે.

મજબુત બેલેન્સશીટ અને ઋણમુક્ત કંપની આંધ્ર પેપરના શેરમાં રાધાકિશન દામાણી અને એસબીઆઈ મ્યુ. ફંડની લેવાલી

આંધ્ર પેપર મજબુત બેલેન્સ શીટ ધરાવતી ઋણમુક્ત કંપની છે અને તાજેતરમાં તેમાં રોકાણકારોના રસમાં વધારો જોવાયો છે. રાધાકિશન દામાણી અને એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ જેવા મોટા રોકાણકારોએ હિસ્સાની ખરીદી કર્યા બાદ તેની માંગ વધી છે.

આંધ્ર પેપરમાં એક ટકાથી વધારે હિસ્સાની દામાણીની ખરીદી જોવા મળી હતી. દેશના સૌથી મોટા મ્યુચ્યુઅલ ફંડ એસબીઆઈ મ્યુ. ફંડે ૨૫ જુને લગભગ આઠ ટકા હિસ્સાની ખરીદી કરી હતી.

માર્ચ ૨૦૨૦માં સમાપ્ત થયેલા વર્ષમાં આન્ધ્ર પેપરે રૂ. ૫૩ પ્રતિ શેરનો અર્નિંગ નોંધાવ્યો હતો અને શેર ૪.૬ ના પીઈ પર ટ્રેડ થયો છે તેણે છેલ્લાં પાંચ વર્ષના ગાળામાં તેના નફામાં ૪.૬ ટકાનો વધારો કર્યો છે જયારે તેનો રિર્ટન ઓન ઈક્વિટી ૩૦ ટકા જોવાયો છે તે રૂ. ૧૭૧ કરોડની રોકડ ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ ના આંકડા અનુસાર તેની અનામત મુડી લગભગ રૂ. ૯૩૬ કરોડ છે. પ્રમોટર તેની ઈક્વિટીમાં લગભગ ૮૨ ટકા હિસ્સો ધરાવે છે.

વિતેલા સપ્તાહે પ્રમોટર્સ પૈકી એક ઈન્ટરનેશનલ પેપરે તેના ૨૦ ટકા હિસ્સામાંથી ૧૦ ટકા હિસ્સો ઓફર ફોર સેલ દ્વારા વેચ્યો હતો જેમાં એસબીઆઈ મ્યુચ્યુઅસલ ફંડે ૭.૮૮ ટકા હિસ્સો ખરીદ્યો હતો એક વર્ષ અગાઉ એસ.કે. બાંગર ગ્રુપની કંપની વેસ્ટ કોસ્ટ પેપરે ઈન્ટરનેશનલ પેપરમાં ૨૭૫ રૂપિયા પ્રતિ શેરના ભાવે તથા રૂ. ૪૫૦ પ્રતિ શેરના ભાવે ઓપન ઓફર દ્વારા ૭૨ ટકા હિસ્સો ખરીદ્યો હતો.



ગાગરમાં...સાગર...



ઈ-કોમર્સ પોલિસી : સરકાર માંગ એ માહિતી ૭૨ કલાકમાં આપવાની રહેશે

વિદેશમાં ડેટા સ્ટોર કરતી એમેઝોન, ફ્લિપકાર્ટ, ફેસબુક, યુ-ટ્યુબ સહિતની કંપનીઓને નિશ્ચિત સમયે ઓડિટ કરવાનું રહેશે

ભારતીય યુઝર્સનો ડેટા વિદેશમાં સ્ટોર કે મિરર કરતી એમેઝોન, ફ્લિપકાર્ટ, ફેસબૂક, યુટ્યૂબ સહિતની કંપનીઓનું નિશ્ચિત સમયે ઓડિટ કરવાનો પ્રસ્તાવ છે. ઈ-કોમર્સ પોલિસીના મુસદ્દામાં આ બાબતની જોગવાઈ કરવામાં આવી છે. ટૂંક સમયમાં જાહેર થનારી આ પોલિસી પ્રમાણે ઈ-કોમર્સ કંપનીઓએ સરકાર માંગે એ માહિતી ૭૨ કલાકમાં આપવાની રહેશે અથવા દંડ ચૂકવવા તૈયાર રહેવું પડશે.

પોલિસીમાં ઈ-કોમર્સને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગયા વર્ષે તૈયાર કરાયેલા મુસદ્દામાં વિદેશમાં સ્ટોર કરવામાં આવતી યુઝરની માહિતી પર ચુસ્ત નિયંત્રણ લાદવાની વાત હતી, પણ આ વખતની પોલિસી અલગ છે.

ધ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) ઈ-કોમર્સ પોલિસીના નવા મુસદ્દાને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે. પ્રસ્તાવિત પોલિસીમાં સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા, કાયદાનો અમલ, ટેક્સેશન અને વ્યક્તિની સુરક્ષા સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અધિકારીના જણાવ્યા અનુસાર આ પગલાંથી ભારતમાં સક્રિય ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર આવતી માહિતી સરકારને ઝડપથી ઉપલબ્ધ બનશે. તેમણે કહ્યું હતું કે, "પોલિસીના મુસદ્દાની મુખ્ય બાબતો અંગે સંમતિ છે, પણ સંબંધિત પક્ષકારોની મંજૂરી અને જાહેર ચર્ચા માટે મુકાયા પછી તેના આખરી સ્વરૂપ અંગે નિર્ણય લેવાશે." પ્રસ્તાવિત પોલિસીમાં જણાવ્યા અનુસાર "વિદેશમાં ડેટા સ્ટોર કે મિરર કરતી કંપનીઓએ સમયાંતરે વ્યાપક ઓડિટ દ્વારા નિશ્ચિત ડેટા સ્ટોરેજ લોકેશન અંગે સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવાનાં રહેશે."

પોલિસીના મુસદ્દા પ્રમાણે સરકાર સંબંધિત હિસ્સેદારો સાથે ચર્ચા કર્યા પછી ડેટાના મિરરિંગ કે લોકલ સ્ટોરેજની જરૂરિયાત હોય એવા ઈ-કોમર્સની કેટેગરી નિર્ધારિત કરશે. પોલિસીમાં સંરક્ષણ ક્ષેત્ર, મેડિકલ રેકોર્ડ્સ, બાયોલોજિકલ રેકોર્ડ્સ, યોગ્ય મંજૂરી વગર જિનોમ મેપિંગ અને કાર્ટોગ્રાફિક ડેટાને વિદેશમાં મોકલવા પર પ્રતિબંધ છે.

ઉલ્લેખનીય છે કે, ઈ-કોમર્સ પોલિસીનો મુસદ્દો ગયા વર્ષે પણ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ડેટા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ત્યાર પછી તેમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. નવા મુસદ્દામાં અત્યારે ઓફલાઈન હોય તેવા ઓનલાઈન સેલર્સને પણ આવરી લેવાનો અને તેમને કોમ્પ્યુટર અને ડિજિટલ પેમેન્ટમાં કુશળ બનાવવાનો પ્રસ્તાવ છે.

અગાઉના મુસદ્દાની તુલનામાં આ વખતે એક મોટો ફેરફાર કરાયો છે. નવી પ્રસ્તાવિત પોલિસી ઈ-કોમર્સ સર્વિસ પ્રોવાઈડર્સ સાથે કાનૂની રીતે કરાર કરી શકે તેમ ન હોય એવા ૧૮ વર્ષથી ઓછી વયના યુઝર્સને રક્ષણ આપવામાં આવ્યું છે.

નાણાંભીડના કારણે લક્ઝરી માર્કેટમાં ૧૫ ટકાનો ઘટાડો

મુંબઈના રિયલ એસ્ટેટ માર્કેટમાં ભાવ ૧૨ ટકા સુધી ગબડ્યા

કોવિડ-૧૯ની આર્થિક અનિશ્ચિત્તાને કારણે દેશના સૌથી મોંઘા પ્રોપર્ટી માર્કેટ મુંબઈમાં રિયલ એસ્ટેટના ભાવ ઘટવાની શરૂઆત થઈ ગઈ છે. લાંબા સમયથી ડેવલપર્સ અને ખરીદદારો વચ્ચે ચાલી રહેલી ભાવની ખેંચતાણ પછી બજારનો ઝોક આખરે ખરીદદારો તરફી જોવાયો છે.

બ્રોકર્સ અને કન્સલ્ટન્ટસના જણાવ્યા અનુસાર મુંબઈમાં જુદા જુદા એપાર્ટમેન્ટસના બ્રોશરના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી પણ મોટાભાગના માઈક્રો માર્કેટસમાં વાસ્તવિક ભાવ ૮-૧૨ ટકાની રેન્જમાં ઘટ્યા છે. લક્ઝરી હાઉસિંગ માર્કેટમાં ૧૫ ટકાના ઘટાડા સાથે સૌથી વધુ અસર થઈ છે.

મોટાભાગના ડેવલપર્સ વ્યક્તિગત ધોરણે ભાવમાં ઘટાડો ઓફર કરી રહ્યા છે. ખરીદદારોની ક્ષમતા, ઈચ્છા અને ચુકવણીના માળખાના આધારે ૧૨-૧૫ ટકા જેટલુ ઉંચુ ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવે છે.

કોવિડ-૧૯ પહેલા પણ બજારમાં ૫ ટકા ડિસ્કાઉન્ટ તો ચાલતુ જ હતું પણ હવે એ આંકડો વધીને ૧૫ ટકાએ પહોંચ્યો છે. ડિસ્કાઉન્ટ ઓફર્સમાં ઘણી ફ્રી સુવિધા, વ્યાજમાફી અને અન્ય ઈન્સેન્ટિવનો સમાવેશ થાય છે જેનો સીધો લાભ હવે ગ્રાહકોને મળી રહ્યો છે.



ગાગરમાં...સાગર...



કોરોના મહામારી અને વધતા કેસોની વચ્ચે....અનલોક ૨.૦ માં

અર્થતંત્રમાં ઝડપી રીકવરીના સંકેતો

અનલોક ૧.૦ના અમલ સાથે જ ભારતીય અર્થતંત્રએ ઝડપથી ગતિ પકડી હોવાનો સંકેત છે. જૂનમાં GST કલેક્શન તીવ્ર ઉછાળા સાથે પ્રિ-લોકડાઉનના સ્તરની નજીક પહોંચી ગયું છે, જે મે મહિનાની તુલનામાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. એનો અર્થ એ થયો કે, લોકડાઉન હળવું થયાના પ્રથમ મહિનામાં જ આર્થિક પ્રવૃત્તિએ ઝડપી રિકવરી દર્શાવી છે.



ગયા મહિને વીજ વપરાશમાં વધારો નોંધાયો છે અને મનરેગા હેઠળ રોજગારીની માંગ ઘટી છે. આ બાબત સૂચવે છે કે, ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રમિકોની વધુ માંગ છે. ૫ જૂનના રોજ પૂરા થયેલા પખવાડિયામાં બેન્ક ધિરાણ વધીને રૂ. ૩૨,૦૨૨ કરોડ થયું છે.

ઉલ્લેખનીય છે કે, પહેલી જૂનથી શરૂ થયેલા અનલોક ૧.૦માં સરકારે મોટા પાયે નિયંત્રણ હળવાં કર્યાં હતાં. પહેલી જુલાઈથી અંકુશમાં વધુ છૂટછાટની જાહેરાત કરવામાં આવી છે. જૂનમાં GST કલેક્શન રૂ. ૯૦,૯૧૭ કરોડ નોંધાયું છે, જે મે મહિનામાં રૂ. ૬૨,૦૦૯ કરોડ અને એપ્રિલમાં રૂ. ૩૨,૨૯૪ કરોડ હતું. GST કલેક્શનમાં ત્રણ મહિનામાં લગભગ ત્રણ ગણો વધારો વપરાશ આધારિત માંગમાં રિકવરી દર્શાવે છે. જોકે, ૨૦૨૦-'૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં GST કલેક્શનનો આંકડો અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનામાં ૪૧ ટકા ઓછો છે.

માલસામાનની હેરફેર માટે ઈશ્યૂ કરવામાં આવતા ઇ-વે બિલ્સની સંખ્યા લગભગ ૪ કરોડ થઈ છે, જે માર્ચ મહિનાના ૪.૦૬ કરોડની નજીક છે. ઇ-વે બિલ્સનો ડેટા માલસામાનની હેરફેરમાં ઝડપી રિકવરી દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાને કારણે ભારતે ૨૫ માર્ચથી લોકડાઉન અમલી બનાવ્યું હતું.

જૂન મહિનાના મેન્યુફેક્ચરિંગ PMI પણ અર્થતંત્રની રિકવરી માટે પ્રોત્સાહક સંકેત આપ્યો છે. ગયા મહિને મેન્યુફેક્ચરિંગ PMI ૪૭.૨ રહ્યો છે, જે મે મહિનાના ૩૦.૮ના સ્તરની તુલનામાં નોંધપાત્ર રિકવરી દર્શાવે છે. CIIના ડિરેક્ટર જનરલ ચંદ્રજિત બેનરજીએ જણાવ્યું હતું કે, "આ સેક્ટર્સ દર્શાવે છે કે, જૂન મહિનાથી આર્થિક પ્રવૃત્તિ વેગ પકડી રહી છે. કારણ કે નિયંત્રણ કન્ટેન્મેન્ટ ઝોન્સ પૂરતા મર્યાદિત છે અને સમગ્ર જિલ્લાને તે લાગુ પડતા નથી. વધુમાં લોકડાઉનના ગાળાના નીચલા સ્તરથી અર્થતંત્ર વૃદ્ધિ તરફી થયું છે."

RTO ટ્રાન્ઝેક્શન્સ, ટોલ કલેક્શન્સ, વીજ વપરાશ અને રેલવે નૂર સહિતનાં ઇન્ડિકેટર્સ પણ જૂન મહિનામાં રિકવરીનો સંકેત આપે છે. ગૂગલના મોબિલિટી રિપોર્ટ અનુસાર ૧-૨૯ જૂનના ગાળામાં સુપરમાર્કેટ્સ અને ફાર્મસીમાં નોંધપાત્ર ગ્રાહકો નોંધાયા છે. જ્યારે બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન્સ અને એરપોર્ટ તેમજ વર્કપ્લેસ પર સંખ્યા પ્રમાણમાં ઓછી રહી છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (CMIE)ના જણાવ્યા અનુસાર જૂનમાં બેકારીનો દર ઘટીને ૧૧.૧ ટકા થયો છે, જે લોકડાઉનના બે મહિના એપ્રિલ અને મેમાં ૨૩ ટકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.

સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર Siddharth Shah

<1>

ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં

સોનામાં ૨૪ ટકાનું જોરદાર વળતર : નિફ્ટી ૧૬ ટકા ડાઉન

નિફ્ટી સોના સામે સતત બીજા કેલેન્ડર વર્ષમાં અંડરપર્ફોર્મ રહી



સતત બીજા વર્ષે સોનું વળતરની બાબતમાં મેદાન મારી રહ્યું છે. ૨૦૧૯માં આઠ વર્ષની ડલનેસ માંથી બહાર આવ્યા બાદ જેઓએ સોના તરફ નજર દોડાવી હતી અને કેટલુંક રોકાણ ઈક્વિટીઝમાંથી ગોલ્ડમાં શિફ્ટ કર્યુ હતું તેમને ચાલુ કેલેન્ડરના પ્રથમ છ મહિનાના અંતે સ્થાનિક ચલણમાં ૨૩.૫ ટકાનું વળતર મળી રહ્યું છે જેની સામે બેન્ચમાર્ક નિફ્ટી ૧૫.૩ ટકાનો ઘટાડો સૂચવી રહ્યો છે. વૈશ્વિક બજારમાં ડોલર સંદર્ભમાં ગોલ્ડ ૧૬.૫ ટકાનો સુધારો દર્શાવે છે પરંતુ યુ.એસ. ડોલર સામે રૂપિયામાં લગભગ ૬ ટકાના ઘટાડાને કારણે સ્થાનિક સોનું ઊંચી વૃધ્દિ દર્શાવી રહ્યું છે. એનાલિસ્ટના મતે ૨૦૨૦ માં સોનું હજું પણ મજબુતી દર્શાવતું જોવાશે.

સોનાનો ભાવ વૈશ્વિક બજારમાં આઠ વર્ષની ટોચ ૧૮૦૦ ડોલર જોવાયો હતો. ન્યૂયોર્કમાં ૧૭૬૮ ડોલર રનીંગ હતો. ચાર વર્ષમાં સૌથી મોટો ત્રિમાસિક સુધારો જૂનના અંતે પૂરાં થતાં ત્રણ માસમાં જોવા મળ્યો હતો. સોનાની તેજી સલામત રોકાણની માગ આધારિત છે. ચાંદીનો ભાવ ૧૭.૮૦ ડોલરના સ્તરે રનીંગ હતો.'

એપ્રિલથી જૂનના ત્રિમાસિકમાં સોનાના ભાવમાં ૧૨ ટકાની તેજી જોવા મળી છે. સતત ત્રીજા મહિને સોનું સુધરવામાં સફળ રહ્યું છે. સોનાની તેજી કોરોના વાઈરસના વધતા કેસ પર આધારિત છે. ટ્રેડરો બજારથી દૂર થઈ જતા કામકાજો ઓછાં હતા. ચાર્ટની રીતે સોનું ૧૭૭૫-૧૭૮૦નું સ્તર વટાવી જાય તો ૧૮૦૦ ડોલરનું સ્તર વટાવાય તેવી શક્યતા છે.'

અમેરિકાના ઘણા રાજ્યો ફરીથી ખૂલ્યાં છે અને બિઝનેસ પણ કાર્યાન્વિત થયા છે. જોકે કેસ સતત વધી રહ્યા છે. ભારત અને બ્રાઝીલની પણ આવી સ્થિતિ છે. છતાં હવે સરકારો અનલોક કરવા માંડી છે. જોકે આર્થિક વિકાસને કોઈ હિસાબે વેગ મળતો નહી હોવાથી સૌ ચિંતીત છે.

સોનામાં તેજી

	૩૧-૧૨-૧૯	૩૦-૬-૨૦	ફેરફાર (ટકા)
કોમેક્સ સ્પોટ (ગોલ્ડ) (ડોલર)	૧૫૧૭.૨૭	૧૭૬૮	૧૬.૫
એમસીએક્સ ગોલ્ડ (રૂ.)	૩૯૧૦૮	૪૮૩૦૦	૨૩.૫
નિફ્ટી	૧૨૧૬૮.૪૫	૧૦૩૧૨.૪	-૧૫.૩
ડોલર / રૂપિયો	૭૧.૩૮	૭૫.૫૮	૫.૯

સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર Siddharth Shah <2>

મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સમાં રિડમ્પ્શન પર સ્ટેમ્પ ડ્યુટી નહીં લાગે જો કે એક સ્કિમમાંથી બીજી સ્કિમમાં સ્વિચ થાવ તો ડ્યુટી લાગશે

મ્યુચ્યુઅલ ફંડ યુનિટસમાં રિડમ્પ્શન પર સ્ટેમ્પ ડ્યુટી લાગુ થતી નથી, પંરુત મ્યુચ્યઅુઅલ ફંડમાં એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં સ્વિચ થાવ તો તેના પર સ્ટેમ્પ ડ્યુટી લાગુ થશે.

સેબીએ સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત કેટલાક પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરી હતી. ઈન્ડિયન સ્ટેમ્પ એક્ટની જોગવાઈઓમાં સુધારાના અમલને પગલે તેણે આ સ્પષ્ટતા દર્શાવી હતી. સેબીએ જણાવ્યું હતું કે, મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના યુનિટસના સ્ટેમ્પ ડ્યુટીની એપ્લિકેબિલિટીના હેતુ માટેની સિક્યુરિટી તરીકે ગણવામાં આવે છે. રિડમ્પ્શનને લાગુ થતી નથી કારણ કે તે ટ્રાન્સફર પણ નથી કે ઈસ્યુ પણ નથી કે વેચાણ પણ નથઈ પરંતુ મ્યુચ્યુઅલ ફંડમાં એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં સ્વિચ થાવ તો તેના પર સ્ટેમ્પ ડ્યુટી લાગુ થાય છે જે બીજી સ્કીમમાં સ્વીચ થયા હોય તેમાં ફ્રેશ યુનિટ ઈસ્યુ થયા હોય છે જેના પર સ્ટેમ્પ ડ્યુટી લાગુ થશે ભલે તેના માટે કોઈ રકમ ચૂકવાઈ ન હોય કે માલિકી ટ્રાન્સફર ન થઈ હોય તેનું કારણ એ છે કે નવા યુનિટ્સ અગાઉના યુનિટ્સ વેચીને તેમાંથિ રિયલાઈઝડ થયેલી નેટ એસેટ વેલ્યુ (એનએવી) મુજબ ખરીદવામાં આવ્યા હોય છે.

૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળામાં.....

બીએસઈ-૫૦૦માં સામેલ ૩ શેરોમાં રોકાણકારોની મુડી બમણી થઈ

૧૭ શેરોમાં ૫૦ ટકા સુધીનો ઉછાળો : નિફ્ટી - સેન્સેક્સમાં ચાલુ વર્ષે ૧૫ ટકા ઘટાડો

૨૦૨૦ના કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં સામેલ કેટલાક શેરોમાં ધોવાણ થવા સાથે સ્મોલ- મિડકેપ શેરો પણ તૂટયા છે. તો બીજી તરફ આ સમય દરમિયાન એટલે કે ૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિક દરમિયાન બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સમાં સામેલ ત્રણ શેરોના ભાવ બમણા થતાં રોકાણકારોની મૂડી ડબલ થઈ છે. આ ઉપરાંત ૧૭ શેરો ૫૦ ટકા સુધી વધ્યા છે.

ઉપલબ્ધ ડેટા મુજબ ૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિકમાં સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૧૫ ટકા સુધી તૂટયા છે તો બીજી તરફ બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. જો કે, સેન્સેક્સ અને નિફ્ટી તેમની માર્ચની તળિયાની સપાટીથી ૩૦ ટકાથી વધુ ઉંચકાયા છે પણ ઓવરઓલ તેમાં નરમાઈ પ્રવર્તી રહી છે.

આ વાસ્તવિકતાની બીજી તરફ બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સમાં સામેલ ૧૨૧ શેરોમાં અત્યાર સુધીમાં પોઝિટિવ રિટર્ન મળ્યું છે. જે પૈકી ત્રણ શેરના - અદાણી ગ્રીન, સુઝલોન એનર્જી અને જીએમએમ ફાઉલર કંપનીના શેર ૧૦૦ ટકાથી વધુ ઉછળ્યા હતા. આ ઉપરાંત ૧૭ શેરોમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. તો બીજી તરફ કેટલાક જાણીતા શેરોમાં ૬૦ ટકા સુધીના ગાબડા નોંધાયા હતા.

અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે ૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિકમાં જે શેરોમાં ૫૦ ટકાથી વધુ ઉછાળા નોંધાયા છે. તેમાંથી મોટા ભાગની કંપનીઓ સ્મોલ- મિડકેપ ક્ષેત્રમાં સમાવિષ્ટ થયેલી છે.

ચોથા ક્વાર્ટરના પરિણામોના પગલે....

ગ્લેનમાર્ક ફાર્મા માટે બ્રોકરેજિસના મિશ્ર પ્રત્યાઘાતો

ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામ બાદ ગ્લેનમાર્ક ફાર્મા માટે બ્રોકરેજિસ મિશ્ર મત ધરાવે છે. મોટાભાગનાં બ્રોકરેજિસે તેના માટે રેટિંગને જાળવી રાક્યાં હતા અને તેના પરના પ્રાઈસ ટાર્ગેટમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો કર્યો હતો ત્યારે સીએલએસએ, જે.પી. મોર્ગન, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ અને એચએસબીસી જેવા કેટલાંક બ્રોકરેજિસે આ સ્ટોક પરના તેમના રેટિંગને ડાઉનગ્રેડ કર્યું હતું. બેન્ક ઓફ અમેરિકા સિક્યોરિટીઝે આ શેરનો ટાર્ગેટભાવ વધારીને રૂ. ૫૩૫ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ઋણમાં ઘટાડો, નોન-કોર એસેટ્સમાં વિનિવેશ, ખર્ચ અને કેપેક્સ પર નિયંત્રણ તથા નીચો આર એન્ડ ડી ખર્ચ સ્ટોકના વધારે રિ-રેટિંગને વેગ આપશે જે હાલમાં બોટમ વેલ્યુએશન પર ટ્રેડ થઈ રહ્યો છે.

સ્ટ્રીટ આઉટલૂક

Co.	Recom.	New Target (Rs.)	Old Target (Rs.)
CLSA	Sell	420	440
Macquaire	Outperform	525	378
ICICI Securities	Add	500	488
Morgan Stanley	Under weight	407	186
Goldman Sachs	Neutral	415	280
J.P. Morgan	Neutral	465	415
HSBC	Hold	475	360
Prabhudas Liladahr	Sell	365	257
Motilal Oswal	Neutral	430	295
Nomura	Buy	663	663

જો કે, ગ્લોબલ બ્રોકરેજ સીએલએસએ દ્વારા માર્ચ ક્વાર્ટર બાદ તેના નાણાંકીય વર્ષ ૨૦૨૨ ઈપીએસના અંદાજમાં ચાર ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો તથા ટાર્ગેટ ભાવ રૂ. ૪૪૦ થી ઘટાડીને રૂ. ૪૨૦ કર્યો હતો.

તાજેતરની રેલીને ધ્યાનમાં રાખીને આઈસીઆઈસાઈ સિક્યુરિટીઝે આ શેરનું રેટિંગ બાય થી ડાઉનગ્રેડ કરીને એડ કરી દીધું હતું અને પ્રાઈસ ટાર્ગેટ સુધારીને રૂ. ૫૦૦ કર્યો હતો.

સ્થાનિક બ્રોકરેજિસ કંપની એમ્કે ગ્લોબલ તેના બાય રેટિંગને જાળવી રાખ્યું હતું પરંતુ તેની સાથે કહ્યું હતું કે, અમેરિકન બિઝનેસ પિકઅપ થાય અને ઋણમાં ઘટાડાના મોરચે સ્પષ્ટતા આવે તેના પર વૃધ્ધિનો આધાર રહેશે.

માર્કેટ ટિટ્બિટ્સ

Het Zaveri

<1>

નીચી માંગ અને લોકડાઉનના નિયમોમાં અનિશ્ચિત્તાથી....
રોજની ૨૫ ટકા ફ્લાઈટો રદ : રિફંડમાં ધાંધિયાથી પેસેન્જર્સ પરેશાન

એરલાઈન્સ ટિકિટ વેચાઈ ગઈ હોય એવી રોજની ૧૦-૨૫ ટકા ફ્લાઈટ્સ રદ કરે છે તેને લીધે પેસેન્જર્સમાં અંધાધૂંધી અને ગૂંચવાડાનો માહોલ ફેલાયો છે. મોટા ભાગના લોકોને તો હજુ ટિકિટનું રિફંડ પણ મળ્યું નથી. તેનું મુખ્ય કારણ એ છે કે, એરલાઇન્સ ત્રીજા ભાગની ફ્લાઇટ્સની ટિકિટ વેચી રહી છે, પણ માત્ર ૨૫ ટકા ફ્લાઇટ્સનું જ સંચાલન કરે છે.

એરલાઈન્સના અધિકારીઓના જણાવ્યા અનુસાર નીચી માંગ તેમજ રાજ્ય સરકારોના લોકડાઉન અને ક્વોરન્ટાઈન અંગેના નિયમને કારણે એરલાઇન્સને વધારાની ફ્લાઇટ્સ રદ કરવાની ફરજ પડી છે. સૂત્રએ જણાવ્યું હતું કે, "ઇન્ડિગો જેવી વધુ ફ્લાઇટ્સ ધરાવતી એરલાઇન્સ માટે છેલ્લી ઘડીએ ફ્લાઇટ રદ થવાના કેસ ઘણા વધુ છે."

૨૫ મેના રોજ ડોમેસ્ટિક ફ્લાઇટ્સ શરૂ કરવાની મંજૂરી પછી તામિલનાડુ સરકારે મહારાષ્ટ્ર અને ગુજરાતને પત્ર લખી ચેન્નાઈ ફ્લાઇટ્સ નહી મોકલવા જણાવ્યું હતું. ત્યાર પછી તેમણે બન્ને એટલી ઓછી ફ્લાઇટ્સ ચેન્નાઈ મોકલવા કહ્યું હતું. જોકે, આ બે રાજ્યએ કોઈ ઔપચારિક જાહેરાત કરી ન હતી અને એરલાઇન્સને પણ પેસેન્જર્સને આ બાબતે કોઈ માહિતી આપી ન હતી.

કોરોના સંકટ પહેલાં એરલાઇન્સ દૈનિક લગભગ ૩,૦૦૦ ફ્લાઇટ્સનું સંચાલન કરતી હતી. સરકારે કોરોના વાઇરસ પર અંકુશ માટે ૨૫ માર્ચથી દેશભરમાં લોકડાઉન અમલી બનાવ્યું હતું. બે મહિના પછી સરકારે મર્યાદિત ક્ષમતા સાથે એરલાઇન્સને મંજૂરી આપી હતી. સરકારે એરલાઇન્સને ત્રીજા ભાગની ક્ષમતા સાથે સેવા શરૂ કરવા જણાવ્યું હતું, પણ વાસ્તવમાં વધારે લગભગ ૧,૨૦૦ ફ્લાઇટ્સને મંજૂરી આપવામાં આવી હતી.

સરકારી આંકડા પ્રમાણે અત્યારે રોજ ૮૦૦થી પણ ઓછી ફ્લાઇટ્સ ચાલે છે. ઉદાહરણ તરીકે, શુક્રવારે ડિપાર્ચરનો કુલ આંકડો ૭૬૫ હતો. સરકારે હવે એરલાઇન્સને ક્ષમતા વધારી ૪૫ ટકા કરવા નોટિફિકેશન જારી કર્યું છે. એરલાઇન્સ ક્ષમતા વધારશે તો ફ્લાઇટ્સ રદ થવાની સંખ્યા વધશે અને તેને લીધે વધુ અંધાધૂંધી ફેલાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર અનિશ્ચિતતાને કારણે મોટા ભાગના ગ્રાહકો મુસાફરીની તારીખ નજીક લગભગ ૧૦ દિવસ પહેલાં જ ટિકિટ બૂક કરાવે છે. એટલે અત્યારે મુસાફરી માટે ભવિષ્યની માંગનો અંદાજ મળી શકે તેમ નથી.

કોરોનાનો આંતક કોર્પોરેટ જગતને હચમચાવી રહ્યો છે
ચોથા ક્વાર્ટરમાં જોવાયેલ નિરાશાજનક પરિણામો

મહામારીથી આર્થિક પ્રવૃત્તિ બંધ થતાં માર્ચ ૨૦૨૦માં પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં કોર્પોરેટ જગતનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો. બેન્કો અને ફાઈનાન્સ કંપનીઓ સિવાયની ૧,૧૮૬ કંપનીઓનું ચોખ્ખું વેચાણ માર્ચ ક્વાર્ટરમાં ૬.૪ ટકા ઘટ્યું હતું. આની સામે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૦ ટકા વૃદ્ધિ થઈ હતી. વેચાણમાં ઘટાડો આની સાથે સતત ત્રીજા ક્વાર્ટરમાં થયો છે.

માર્ચ ૨૦૨૦ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૬૯.૩ ટકા ગબડ્યો હતો. આની સામે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૪.૬ ટકા વધારો થયો હતો. વેચાણ અને નફાના ડેટા નવ ક્વાર્ટરના સૌથી નબળા છે.

અસાધારણ કટોકટી તથા તેની માગ, પુરવઠો અને ઇન્વેન્ટરી પરની અસરને કારણે કંપનીનો દેખાવ ધારણા કરતાં પણ વધુ ખરાબ રહ્યો છે. અત્યાર સુધી રિઝલ્ટ જાહેર કરનારી નિફ્ટી કંપનીઓનો નફો ૨૩ ટકા ઘટ્યો છે. અમને નફામાં ૧૭ ટકા ઘટાડાની ધારણા છે."

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સિવાયની ઓઇલ એન્ડ ગેસ કંપનીઓની સંચાલકીય ખોટને કારણે કંપનીઓના સંચાલકીય દેખાવને અસર થઈ છે. સેમ્પલ કંપનીઓમાંથી ઓઇલ એન્ડ ગેસ કંપનીઓને દૂર કરવામાં આવે તો ઓપરેટિંગ માર્જિન વાર્ષિક ધોરણે ૯૦ બેસિસ પોઇન્ટ્સ વધીને ૧૩.૩ ટકા થાય છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સિવાયની ઓઇલ એન્ડ ગેસ કંપનીઓની સંચાલકીય ખોટ રૂ. ૯,૪૭૪ કરોડ રહી હતી. નીચા રિફાઇનરી માર્જિન અને ઇન્વેન્ટરીમાં ઊંચા નુકસાનને કારણે આ કંપનીઓને ફટકો પડ્યો છે.

એપ્રિલ અને મે દરમિયાન લોકડાઉનની સંપૂર્ણ અસર જૂન ક્વાર્ટરમાં દેખાશે, જે માર્ચ ક્વાર્ટર કરતાં વધુ તીવ્ર રહી શકે છે. અર્થતંત્રમાં રોકાણની માગ (મૂડીખર્ચની સાઇકલ) કોરોના વાઇરસ પહેલાં પણ નબળી હતી અને તેમાં રિકવરીને હવે વધુ કેટલાંક ક્વાર્ટર લાગશે.

પરદે કે પીછે.... Siddharth Shah

<1>

શેરની ટિપ્સ ફોરવર્ડ કરતા પહેલા ચેતતા રહેજો....

વોટ્સએપ પર સ્ટોક ટિપ્સ ફોરવર્ડ કરનાર સામે દંડની જોગવાઈ

સેબીએ એન્ટિક બ્રોકિંગના બે કર્મચારીઓને ૧૫-૧૫ લાખનો દંડ ફટકાર્યો

ગમે તેમ વિચાર્યા વગર વોટ્સએપ પર અનવેરિફાઈડ માર્કેટ ટિપ્સ ફોરવર્ડ કરી હોય તો ચેતજો ! તમારી આ ટેવ તમને સેબી તરફથી મુશ્કેલીમાં નાંખી શકે છે. ભલે તે ટિપ્સ તમને અન્ય કોઈ તરફથી મળી હોય અને તમે ફક્ત તેને ફોરવર્ડ જ કરી હશે આ ટિપ્સનો ઉપયોગ તમે નાણાં મેળવવા માટે નહીં કર્યો હોય તો પણ તમને દંડ થઈ શકે છે. વોટ્સએપ લીક પ્રકરણમાં સેબીએ જાહેર કરેલા આદેશોમાં જણાવામાં આવ્યું છે કે, વોટ્સ એપ પર ટિપ્સ મોકલનાર દંડને પાત્ર છે.



ગયા સપ્તાહે સેબીએ વોટ્સએપ લીકમાં સંડોવણી માટે એન્ટિક બ્રોકિંગ ખાતે કામ કરતા બે વરિષ્ઠ કર્મચારીઓને રૂ. ૧૫-૧૫ લાખનો દંડ ફટકાર્યો છે. એન્ટિક બ્રોકિંગના બન્ને એક્ઝિક્યુટિવ્સ વોટ્સએપ ઈન્વેસ્ટર્સ જુથના ભાગરૂપે હતા કે જેમાં ઈનસાઈડર ટિપ્સનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું આ ટિપ્સ મોટા ભાગે વિવિધ કંપનીઓના અર્નિંગ્સની સંભાવનાઓ તથા અન્ય ન્યુઝ ડેવલપમેન્ટ લગતી હતી તેઓ પોતાના ગ્રાહકોને આ ટિપ્સ ફોરવર્ડ કરતા હતા જેઓ સંસ્થાકીય રોકાણકારો હતા તેમાંની કેટલીક આગાહીઓ એકદમ સાચી સાબિત થઈ છે જેણે હવે તેમને મુશ્કેલીમાં મુકી દીધા છે. આ મેસેજમાં કેટલીક બ્લુચીપ કંપનીઓ જેવી કે, એક્સિસ બેન્ક, એશિયન પેઈન્ટસ, વિપ્રો અને માઈન્ડટ્રીના પરિણામોની આગાહીનો સમાવેશ થતો હતો. કાયદાની ભાષામાં આવી ટિપ્સ અનપબ્લિશ પ્રાઈસ સેન્સિટિવ ઈન્ફોર્મેશન તરીકે ઓળખવામાં આવે છે.

ધારાશાસ્ત્રીઓ કહે છે કે, મોટાભાગના વ્યક્તિઓ એમ વિચારે છે કે, પોતાના મિત્રો સાથે આવી માહિતીની આપ-લે કરવામાં કોઈ નુકશાન નથી પરંતુ ભાવસંવેદન માહિતીને સીધે કે આડકતરી હેન્ડલ કરવાથી ગુનો બને છે.

સેબીએ જાહેર કરેલા આદેશોમાં જણાવામાં આવ્યું છે કે, વોટ્સ એપ પર સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ કંપનીઓની ટીપ્સ મોકલનાર દંડને પાત્ર છે

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 31% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 29-6-2020	Weekly High	Ch. (%)
West Cost Paper	178	207	16.29
Andhra Paper	211.7	254	19.98
Hero Moto	2540	2672	5.2
Escorts	1017	1041	2.36
HCL Techno	563	569	1.07
TCS	2115	2158	2.03
L&T Info	1932	1965	1.71
Britannia	3456	3602	4.22
Avanti Feeds	472	522	10.59
Ultratech Cement	3860	3915	1.42
Nucleus Soft	208	272	30.77
Ujjivan	237	238	0.42
Exide Ind.	149	153	2.68
M&M Fin.	176	185	5.11
Tata Consumer	367	391	6.54
Tata Motors	101	103	1.98
Ambuja Cement	188	193	2.66

Company	Reccom. 29-6-2020	Weekly High	Ch. (%)
ICICI Bank	348	363	4.31
HDFC Bank	1056	1089	3.13
Bandhan Bank	338	346	2.37
Marico	344	357	3.78
Titan	966	986	2.07
HDFC	1769	1889	6.78
Indusind Bank	493	494	0.2
BEL	85	88	3.53
IDBI Bank	40	48	20
Tata Power	46	49	6.52
IDFC First Bank	26	27	3.85
LT Foods	40	43	7.5
Finolex Cable	293	301	2.73
Just Dial	392	405	3.32
Anup Engg.	384	404	5.21
Monte CArlo	164	166	1.22
GSPL	215	224	4.19
ICICI Prud.	423	428	1.18

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980

E-mail :

smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

Disclaimer :- Investment recommendations made in Smart Investment are for information purposes only and derived from source that are deemed to be reliable but their accuracy and completeness are not guaranteed. Smart Investment or the analyst / writer do not accept any liability for the use of this column for the buying or selling of securities. Readers of this column who buy or sell securities based on the information in this column are soley responsible for their actions. The author, his company or his acquaintance may / may not have positions in the scrips featured herein

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

D(en)O(f)W(ealth) / Dow Scheme

		1 Year	2 Years	3 Years
1.	Den Of Wealth	5000	10000	15000

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

Smart Investment Weekly		1 Year	2 Years	3 Years
1.	Gujarati Edition	1800	3200	4500
2.	English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday Night) * For Private Circulation only

		1 Year	2 Years	3 Years
1.	Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)

With Smart Plus News Letter (Every Sunday Night)

		1 Year	2 Years	3 Years
1.	Gujarati + Smart Plus	2700	5000	7400
2.	English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980

smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :

HDFC Bank : Current A/c No. : 00062560008858

Beneficiary Name : Archi Publications

RTGS / NEFT IFSC : HDFC0000006

Navrangpura Branch, Ahmedabad-380009.

Warning :-

Your soft Copy (E-mail Edition) is for your exclusive use only. Any attempt to share your copy
or
forwarding your copy to a non-subscriber will disqualify your membership
&
We will be compelled to stop your supply
and
forfeit your subscription thereafter without any refund to you.